Barcode - 99999990808704
Title - Avasta Bhedi Kalamo Tatha Faramanoni Samajuti
Subject -
Author -
Language - gujarati
Pages - 115
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13

બનામે ઈઝદ-બખશાયંદેહ, બખશાયશગર, મેહેરબાન.

# અવસ્તાના ભેદી કલામો
## તથા
# ફરમાનોની સમજુતી.


બનાવનાર

**નસરવાન ધનજીશાહ અંકલેસરીઆ.**


"Faith is not built on disquisitions vain;
The things we must believe are few and plain:
But since men will believe more than they need,
And every man will make himself a creed,
*In doubtful questions 'tis the safest way*
*To learn what unsuspected ancients say;*
For 'tis not likely we should higher soar,
In search of heaven, than all Church before."

DRYDEN.

ધર્મ ઉપર ઈમાન લાવવા માટે જુઠી તકરારનું કામ નથી; જે ચીજો આપણે માનવી જોઈએ તે થોડી અને ખુલ્લી દીસે છે: પણ જ્યારે લોકો જોઈએ તે કરતાં વધારે માનવા લાગે, અને હરેક માણસ પોતાનો એક જુદોજ પંથ બનાવે, તો એવા શકમંદ સવાલોની બાબદોમાં સૌથી સેહેલો રસ્તો એજ છે કે અસલના લોકો કે જેઓની અક્કલ બાબે કોઇને જરાપણ શક હતો નહીં તેઓએ જે કહેલું હોય તે શીખવું; કારણકે સ્વર્ગ વીશે શોધ કરવામાં અગાઉના સઘળા મોટા ધર્મગુરૂઓ કરતાં આપણે વધારે ઉંચા ઉડી શકીએ એ બનવા જોગ નથી.

ડ્રાઈડન.


મુંબઈ:
ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ.

રોઝ દએ ૫ મેહેર દાદાર, માહ અમરદાદ અમશાસપંદ,
સને ૧૨૭૧ યઝદેઝરદી—ઈ૦ સ૦ ૧૯૦૨.

કીમત બાર આના.

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गूजराती कॉपीराईट विभाग ]

अनुक्रमांक ૨૭૩ वर्गांक

पुस्तकनुं नाम અવરનાના ભેદી કલામો

विषय પર ૬૫૧ : ૨૪

બનામે ઈઝદ—બખશાયંદેહ, બખશાયશગર, મેહેરબાન.

# અવસ્તાના ભેદી કલામો

તથા

# ફરમાનોની સમજુતી.


બનાવનાર

## નસરવાન ધનજીશાહ અંકલેસરીઆ.


" Faith is not built on disquisitions vain;
The things we must believe are few and plain:
But since men will believe more than they need,
And every man will make himself a creed,
*In doubtful questions 'tis the safest way*
*To learn what unsuspected ancients say;*
For 'tis not likely we should higher soar,
In search of heaven, than all Church before."

DRYDEN.

ધર્મ ઉપર ઈમાન લાવવા માટે જુઠી તકરારનું કામ નથી; જે ચીજો આપણે માનવી જોઇએ તે થોડી અને ખુલ્લી દીસે છે: પણ જ્યારે લોકો જોઇએ તે કરતાં વધારે માનવા લાગે, અને દરેક માણસ પોતાનો એક જુદોજ પંથ બનાવે, તો એવા શકમંદ સવાલોની બાબદોમાં સૌથી સેહેલો રસ્તો એજ છે કે અસલના લોકો કે જેઓની અક્કલ બાબે કોઇને જરાપણ શક હતો નહીં તેઓએ જે કહેલું હોય તે શીખવું; કારણકે સ્વર્ગ વીશે શોધ કરવામાં અગાઉના સઘળા મોટા ધર્મગુરૂઓ કરતાં આપણે વધારે ઉંચા ઉડી શકીએ એ બનવા જોગ નથી.

ડ્રાઈડન.


મુંબઈ:
ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ.
રોઝ દએ ૫ મેહેર દાહાર, માહ અમરદાદ અમશાસપંદ,
સને ૧૨૭૧ યઝદેઝરદી—ઈ૦ સ૦ ૧૯૦૨.

કીમત બાર આના.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૨૭૩

# સાંકળીયું.

## ભાગ પેહેલો—ભેદી કલામો.

સફેહ.

આવાં યસ્તમાં અહુરમઝદે આવાં અર્દવીસુરથી
        ચાહેલી મુરાદનો ખુલાસો... ... ... ... ૧
આવાં અર્દવીસુરે પોતાની કમર તંગ બાંધી છે
        કે જેથી તેણીનાં થાન સારાં લાગે તથા
        નીચે ઉપસી પડે એટલે શું ?... ... ... ૧૪
પાદશાહ જમશીદ અને મોત... ... ... ... ૧૮
નવરોઝ અને પતેતી ... ... ... ... ... ૨૪

## ભાગ બીજો—ભેદી ફરમાનો.

નીરંગ અથવા તરો ... ... ... ... ... ૨૭
શુદરેહ કુસ્તી. ... ... ... ... . . ... ૪૯
મુકતાદ ... ... ... ... ... ... ... ૬૦
માસીક દુર બેસવા વીશે... ... ... .... ... ૭૯
સુવાવડનાં ચાળીસાંની ખુબી ... ... ... ... ૮૮
સગદીદ ... ... ... ... ... ... ... ૯૪

## આ ચોપડી બનાવવામાં મદદ તરીકે લીધેલાં મુખ્ય પુસ્તકો:—

| | કર્તા. |
|---|---|
| સુર્યોદય—દફતર પેહેલું તથા બીજું... | એક જરથોસ્તી. |
| દબેસ્તાન-ઓલ-મજાહેબ (તાલીમ પેહેલી) | અસલ ફારસી-માંથી ગુજરાતીમાં તરજુમો કરનાર મોબેદ ફરદુનજી મોબેદ મરઝબાનજી. |
| ઈઅશત બા માએની-દફતર બીજું... | એરચજી દસ્તુર સોહરાબજી મહેરજી રાણાના તથા એરવદ મીનોચહેરજી શાપુરજી વાછા. |
| અર્દવીસુર યસ્ત બા માએની... ... | એરવદ તેહમુરસ દીનશાહ અંકલેસરીઆ. |
| કેતાબે દીને અવીજેહ ... ... ... | એરવદ બચાભાઈ ફરામજી. |

# પ્રસ્તાવના.

ધર્મ તરફ બેપરવાઈ—કસુર કોની, કોણને?

હરદમ દલગીરી સાથ કહેવામાં અને અફસોસ સાથ સાંભળવામાં આવે છે કે પારસીઓ—ખસુસ કરી મોટો ભાગ અંગ્રેજી શીખેલા પારસીઓ—મરદો તેમજ ઓરતો—દીનપરદીન પોતાના ધર્મ તરફ વધારે ને વધારે બેદરકાર બનતાં જાય છે. હવે તપાસવાનું છે કે આ પારસીઓ જાણી જોઇને પોતાના ધર્મ તરફ ધીક્કારની લાગણીથી જુએ છે, કે એ બેદરકારીનું કારણ કાંઇ બીજુ છે. શાંત મગજે વીચાર કરતાં માલમ પડે છે કે એ બેદરકારીનું કારણ ફકત તેમનીજ પોતાની બેદરકારી નથી. નાનપણથી છોકરાંઓને બચગીનો વખત અંગ્રેજી કેળવણી લીધામાં જવાથી (કે જે વખતમાં તેમને ધર્મની કેળવણી આપી હોય, અને જરથોસ્તી ધર્મની ખુબી તથા ફીલસુફી તેમનાં કુમળાં મગજ ઉપર કોઇ લાયક દીનદાર ધર્મગુરૂએ બરાબર ઠસાવેલી હોય તો મરતાં સુધી પોતાના ધર્મને માટે તેમનો જાન માલ અર્પણ કરવા નીકળે) અને મોટપણમાં મરદોનો વખત ધંધા રોજગારમાં અને ઓરતોનો વખત ઘર સંસારના કામમાં પસાર થવાથી તેઓ બચ્ચાં છોકરાંનાં માબાપ થાય છે ત્યાંસુધી જે ધર્મની જાળવણી માટે તેમના વડવાઓ ઇરાનથી ઘર, બાર, માલ, મીલકત તથા વતન છોડી ડુબતા તણાતા અને મરતા જીવતા હીંદુસ્તાનમાં નાસી આવ્યા તે ધર્મની બુલંદીથી અફસોસ! તેઓ બીલકુલ અજાણ્યા રહે છે. આવો મામલો ધ્યાનમાં લેતાં આ અંગ્રેજી શીખેલા કહેવાતા સુધરેલા પણ ધર્મથી

અજ્ઞાન પારસીઓને એક દીનદાર જરથોસ્તી ઉશકેરાયલાં મનની ખીતીમાં જેટલો ઠપકો આપવા નીકળે તેટલા ઠપકાને તેઓ પાત્ર નથી એમ ઈનસાફની રાહે બોલવું જોઈએ વાંચનાર કબુલ કરશે કે બાકીના ઠપકામાંથી થોડો તેમનાં માબાપને, થોડો એક યા બીજી રીતે જેઓ કોઈ દીનના દસ્તુરનો હક ભોગવી માન લે તેને, અને થોડો તેજ પ્રમાણે જેઓ કોઈ કોમનો અકાબર કહેવાઈ મોટાઈ પામે તેને ઘટેછે.

શીખેલા બેપરવા પારસીઓને ઠપકો શા માટે.

હવે આ અંગ્રેજી શીખેલા ધર્મથી અજ્ઞાન અથવા ધર્મને નહીં સમજનાર અથવા નહીં ગણકારનાર પારસીઓ શા માટે ઠપકાને પાત્ર છે તે જોઇએ. કેટલાકોતો એમજ સમજે છે કે બસ અંગ્રેજી આવડયું એટલે ધર્મનું પણ તમામ જ્ઞાન સાથે સાથે સંપાદન કીધું ! કોઇ બાબદ જો તેમના મગજમાં નહીં ઉતરી તો "નોનસેન્સ" અને "હમબગ". નીરંગ લેવા કહે તો "છી છી છી"; માસીક દુર બેસવા વીશે બોલવામાં આવે તો દીનદારોનાં ભેજાંનો તકસીર નીકળે; અને જાણે ઝંદ પહેલવીના પુરેપુરા પંડીતો હોય તેમ જણાવશે કે આવાં યસ્તમાં તો ચોક્કસ ફકરાની મતલબ આવી ખરાબ છે માટે અવસ્તા ઉપર ભરોસો રાખી શકાય નહીં, અને કહેશે કે "જો તમે ફકત 'કોમન સેન્સ' (યાને સાધારણ અક્કલ) થી વીચાર કરશો તો સઘળું માલમ પડી આવશે." આ તેઓ પોતાને વીશે ખરૂંજ બોલે છે, કારણ કે જો તેમનામાં સાધારણ અક્કલ કરતાં જરા વધારે હોય તો એમ બોલે નહીં. ધર્મ સમજવા તથા સમજાવવામાં સાધારણ અક્કલ જોઈતી નથી. એ તો જરા અસાધારણ સમજશક્તી ધરાવનારા નેક શખસોનુંજ કામ

છે, માટે તમે બી.એ. કે એમ.એ. થયા હોવ તો ભલે, પણ જ્યાં સુધી તમે ધર્મ સંબંધી બી.એ. કે એમ.એ. ની પરીક્ષા પસાર નથી કીધી ત્યાં સુધી ધર્મ સંબંધી જ્ઞાન ધરાવનાર મોટા મોટા દસ્તુરોના ફકરાની મતલબ તમારી સાધારણ અક્કલમાં નહીં ઉતરે તો તેને "હમબગ" કે "નોનસેન્સ" નો નીર્લજ ખેતાબ ન આપતાં જ્યાંસુધી તેવા દાનાવોના જેટલી ધર્મ સંબંધી અક્કલ તમો પોતે અખત્યાર કરો ત્યાં સુધી આ ચોપડીનાં પુઠાં ઉપર ટાંકેલા કવી ડ્રાઈડનના શબ્દો પ્રમાણે તમારે તેજ ધર્મગુરૂઓના ફરમાનોને આધીન થઈ ચાલવું એજ તમારી આઈન ફરજ છે. અવસ્તા ભાષાનો અભ્યાસ કીધા પછી પણ જો તમે શબ્દે શબ્દનો છુટો સાધારણ અક્કલથી ચોક્કસ ફકરાનો તરજુમો કરો, અને તેમાં કાંઇ તમારા ધારવા પ્રમાણે અણઘટતું માલમ પડે તો તે તમારોજ વીચાર ખરો છે એમ માનવા મનાવવા કરતાં તે ફકરાનો ઉંડાણમાં ફીલસુફીની રીતે શું અર્થ થાય છે તે સમજવાની કોશેશ કરવા અગાઉ તમે કહો છો તેજ ખરૂં છે એમ બોલવાની કદી પણ બેઅદબી કરવી નહીં.

માબાપો ઠપકાને પાત્ર શા માટે.

હવે માબાપોને શા માટે દોશ ઘટે છે તે જુઓ: ઘણે ઠેકાણે પૈસાદાર વર્ગમાં પહેલાં તો છોકરાનો જન્મ થયા પછી તે નીશાળે જાય ત્યાં સુધી તેનો લગભગ સઘળો વખત આયા અને નોકરો સાથ રહેવામાં જાય છે; વળી કેટલેક ઠેકાણે માની તંદુરસ્તી ઘણી સારી હોવા છતાં તેને હલકા વર્ગની આયાનું દુધ પાઈ ઉછેરવામાં આવે છે, અને આ પ્રમાણે જ્યારે તે પુખ્ત ઉમરનો થાય છે ત્યારે તેનામાં પોતાનાં માબાપના ઉમદા ગુણો નજરે પડતા નથી, અને જર-

થોસ્તી ધર્મ તરફ તેની સઘળી લાગણી મંદ પડી ગયલી માલમ પડે છે. આટલું પણ વળી બસ ન હોય તેમ માબાપોને તેને ઘરમાં જોઈએ તેવી ધર્મની કેળવણી આપવાનું યાદ આવતું નથી, અને તેને વકીલ, બેરીસ્ટર, દાક્તર યા સોલીસીટર થયલો જોવાની ઉલટ અને ઉમેદમાં એકદમ અંગ્રેજી શીખવવા મંડી જાય છે, અને તેનો નતીજો ઉપર કહ્યું તેમ મોટી ઉમરે પુગ્યા પછી ધર્મની કોઇબી ચીજ જે તે સમજી શકતો નથી તેને "હમબગ" અને "નોનસેન્સ" કહી વખોડી કાઢવામાં આવે છે, અને આવી રીતે પોતાના ધર્મને નહીં સમજવાથી તેને ધીક્કારી પારકા ધર્મના હીમાયતીઓથી તે ધર્મની તારીફ સાંભળી ખ્રીસ્તી અને મુસલમાન ધર્મોમાં વટલી ગયલા પારસી મરદો અને ઓરતો આજે પણ મુંબઈમાં હૈયાત છે, અને દીન પર દીન વટલતાં જાય છે.– આયાઓ સાથ ફરી હરી જાણે તેઓજ માતા હોય તે પ્રમાણે તેમના હાથ નીચે ઉછરી મોટી થયલી છોકરીઓના બાબમાં પણ એવુંજ અફસોસકારક માલમ પડે છે. પંદર, વીશ કે પચ્ચીસ વરસની થાય ત્યાં સુધી મડમ કે પાદરીની સ્કુલમાં યા કોલેજમાં જઇ પોતાના બુલંદ ધર્મની નીતી રીતીઓથી કેવળ અજ્ઞાન રહે છે, અને ઘરસંસારમાં પડયા પછી એક સ્ત્રી અથવા માતા તરીકે પોતાના ભરથાર અને છોકરાં તરફની પોતાની પવીત્ર ફરજ ધર્મના કાનુનોને અનુસરીને જોઇએ તેવી રીતે અદા કરી શકતી નથી. વાંચનારે આ ઉપરથી એમ નહીં સમજવું કે હું અંગ્રેજી યા સ્ત્રી કેળવણીની વીરૂધમાં છું; મતલબ એટલીજ કે છોકરાંઓને અંગ્રેજી કેળવણી આપવા અગાઉ, અથવા સાથે સાથે, તેમને ધર્મની કેળવણી પણ આપવી.

થોડા દસ્તુર સાથ આખી કોમને થોડા સંબંધમાં આવવાની જરૂર.

હવે ધર્મ કેળવણી કોણ આપે કે જેથી બચ્ચાંનાં મગજ ઉપર તે જીવે ત્યાંસુધી તેની છાપ કાયમ રહે? અલબત માબાપોએ તો ઘરમાં આપવીજ જોઇએ. તે સીવાય કોઈબી રીતે પારસી માલેકોની જાતી દેખરેખ નીચે ચાલતી સઘળી અંગ્રેજી તથા ગુજરાતી નીશાળોમાં પણ આપવી જોઈએ. પણ વાંચનાર કબુલ કરશે કે એ સીવાય જે ધણી આપણી દીનનો દસ્તુર થવાનું માન ભોગવે તેના અંતઃકરણમાં પણ રાત દીવસ આ રીતનો ખેદ ઉપજવો જોઈએ કે, "અરે! હું જે કોમનો દસ્તુર કહેવાઉં તે કોમના લોકોમાં આવી રીતનું ધર્મનું અંધારૂં! આ કીસમનું અજ્ઞાનપણું! જ્યાંસુધી દરેક જરથોસ્તી-શું છોકરો કે શું છોકરી-શું જુવાન કે શું બુઝોર્ગ-બુલંદ જરથોસ્તી મહજબની ખુબી નહીં પીછાને ત્યાંસુધી તેમને માટે બને તેટલું ન કરવું એ ગોયા એક જાતના ગુન્હા ભરેલું છે." આવી રીતે ચીંતાનો આતશ અંતઃકરણના ચુલામાં ભલાં મનની કોશેશના બળતણથી હરદમ રોશન રાખી ધીમે ધીમે એક એવી યોજના ઘડી કાઢવી કે જેથી દરેક જરથોસ્તી જાણે કે આ મારા અને મારી દીનના ધર્મગુરૂ છે; દસ્તુર સાહેબ તરફ મારી આ ફરજો છે, અને મારી તરફ દસ્તુર સાહેબની આ ફરજો છે. વળી આ જેટલું દલગીરી ભરેલું તેટલુંજ ખરૂં છે કે બેહદીન વર્ગમાં પોણો ભાગ આપણા દસ્તુર સાહેબનું શું નામ વતીક છે તે કોઈ જાણતું નથી! હું પોતે ઘણી વખત કાંઈ ધર્મ સંબંધી ખુલાસો જાણવા માગું છું ત્યારે વીચારમાં પડું છું કે કોણ પાસે જઈ આ ચીજનો ભેદ સમજું; માટે એવી કોઈ યોજના અમલમાં મેલાવી જોઇએ જેથી કોઈબી જરથોસ્તીને ધર્મ વીશે કાંઈ પણ સમજવું હોય તો તે બેધડક

કોઈ ચોક્કસ ધર્મગુરૂ પાસ જઈ તે ચીજનો ભરમ સમજે, અને તેવા દસ્તુર સાહેઓને માથે વારંવાર ધર્મના જુદા જુદા વીષયો ઉપર વાયજો આપવાની ફરજ પણ નાખવી જોઈએ, અને આમ કરવામાં અલબત બેહદીનો તરફથી પણ ધર્મગુરૂઓને તેમના નામને જેબ આપે એવું પોતાના ગુજરાનનું મળવું જોઇએ.

"સદ દર" કેતાબનું ફરમાન— અકાબરોને વચમાં પડવાની જરૂર.

દસ્તુર શાહજાદ પોતાની "સદ દર" (યાને જરથોસ્તી ધર્મના સો દરવાજા) નામની કેતાબ–કે જે કેતાબ તે દસ્તુરે અશો જરથોસ્તને અહુરમઝદ તરફથી મળેલી દીનનાં ફરમાનોમાંથી બનાવેલી છે–તેના ૨૯ અને ૩૦ મા દરવાજા (યાને ફરમાન) માં જણાવે છે કે :–

"જ્યારે છોકરો પંદર વરસનો થાય ત્યારે તે છોકરાને ફરજ છે જે પોતીકો એક દસ્તુર કબુલ કરે, અને તે દસ્તુરની મસલેહત વગર કાંઇ કામ નહીં કરે, શા વાસ્તે જે કોઈ કામ અને સવાબ દસ્તુરની રજા વગરનું ખુદાને પસંદ નથી ; શા વાસ્તે જે ખુદાતાલાની નજદીક દસ્તુરનો એ મરતબો છે જે ગુનાહનો ત્રીજો હીસ્સો દસ્તુર બખશી શકશે; પણ જાણવું જે જે શખસ ઘણોએક કાબેલ અને ફાજેલ અને દાનાવ અને કુલ એલમમાં માહેર હોય તેને જરથોસ્તની દીનનો દસ્તુર કરી કહે છે.

જ્યારે કાંઇ કામ તુંને આવી પડે અને તું નહીં સમજે કે તે કામમાં સવાબ છે યા ગુનાહ ત્યારે ધીરજ કરી દસ્તુરથી પુછ, અને દસ્તુરના ફરમાવ્યા પ્રમાણે કામ કર."

ભલા વાંચનાર, આ ખુદ તારા ખુદાના ખાસ પસંદ કીધેલા પેગમ્બર અશો જરથોસ્તના એટલે ખુદે અહુરમઝદના પોતાના બોલો છે તેની ઉપર ધીરજથી દરયાફત કર. અલબત આ બે ફકરાની મતલબ એવી નહીં કરી શકાય કે દરેક જરથોસ્તી દીઠ તે દરેકનો પોતાનો એક જુદો દસ્તુર હોવો જોઇએ, પણ ઘણા જરથોસ્તીઓનો એક દસ્તુર થઈ શકે; માટે આ બાબદ ઉપર વીચાર કરી જો પારસી કોમના અકાબરો, ધર્મગુરૂઓ અને બીજા વીદવાનો સાથે મળી તેમના એકત્ર બળથી ધર્મગુરૂઓની હાલત સુધારી તેમની પાસ બન્ને જેહાનનું જ્ઞાન હાંસલ કરાવી તેમને ઉંચી પંકતીએ મુકવા માટે એક સરસમાં સરસ યોજના શોધી કાઢે અને બેહદીનોને તેમના નજદીકના સંબંધમાં મુકે તો પારસી કોમની ખરાબીનું બી જે કેટલુંક થયું જાણ અંજાણપણે રોપાઇ ગયું છે તેનો નાશ થઈ એ ટોળાની હાલત દરેક રીતે આબાદી ભરેલી થાય.

સસ્તાં ધર્મપુસ્તકોની જરૂર—તે માટે ઉઘાડવું જોઈતું એક ફંડ.

કોઈ શખસને જ્યારે ધર્મ સંબંધી કોઈ શબ્દ અથવા ફરમાનનો કાંઈ ખુલાસો સમજવો હોય છે ત્યારે આખી પારસી કોમમા મેં ઉપર જણાવ્યું તેમ એકબી શખસ એવો નજરે નહીં પડશે કે જેની સનમુખ તે એવું સમજીને જાય કે આ માણસ પાસે તો મારે જઈને આ ચીજ સમજવાનો હક છે, અથવા આ માણસને તો મને આ ચીજ સમજાવવાની ફરજ છે. લાચાર થઈ તે ચોપડીઓની મદદ શોધશે, પણ તેબી ઘણી જુજ હોવાના સબબથી ઘણી મોંઘી કીમતની હોય છે, માટે એ બાબદમાં ક્રીસ-ટીયન લોકનો ધડો લઈ એ કામ માટે એક ફંડ સ્થાપવું,

અને વંદીદાદ, ઈજશને, દીનકર્દ, બુંદહેશ, ગાથા, અસલ ખરી જામાસ્પી, દસાતીર વગેરે ધર્મનાં બીજાં કીમતી પુસ્તકો જે મારા સાંભળવા પ્રમાણે તેમના માલેકોએ દીનના દુશમનો હોય તેમ અદાવતના માર્યાએ ઘણું એકલપેટાપણે પોતાની પાસ નકામાં રાખી મુકયાં છે તેની લાખો નકલો છપાવી જરથોસ્તી આલમની સનમુખ જુજ કીમતે મુકવી, જેથી જરથોસ્તીઓને ફાયદો થવા ઉપરાંત બીજા હજારો યુરોપીઅન લોકોના હાથમાં જવાથી આપણી દીન ઉપર ઓર વધારે અજવાળું પડશે.

આ ચોપડીની હસ્તી બાબે.

આ પ્રમાણે સાધારણ વાતચીતમાં અને વાંચવામાં આપણા કેટલાએક ઉમદા જરથોસ્તી કલામો તથા ફરમાનોનો અંગ્રેજી સુધારાવાળા-ઓનાં મોઢેથી તીરસ્કાર થતો જોઈ ખરી ચીજ શું છે તે તેમની સનમુખ રજુ કરવા માટે તેવા થોડાએક કલામો તથા ફરમાનોનાં સંગીન કારણો આપી તેમની ખુબી, ભેદ અને ફીલસુફી જાહેરમાં લાવવાની અદના કોશેશ કીધી છે, જે વાંચ્યા પછી આશા છે કે દરેક અંગ્રેજી સુધારાવાળો જરથોસ્તી પોતાની ચોક્કસ ખોટી રાહો તજી તે કલામો તથા ફરમાનોને માન આપી તે પ્રમાણે પોતે વર્તી પોતાનાં ફરજંદો તથા દોસ્તઆશના-ઓને તે પ્રમાણે ચાલવાની સલાહ આપી આગ્રહ કરશે. આમીન !

ન૦ ધ૦ અંકલેસરીઆ.

બનામે ઈઝદ—બખશાયંદેહ,
બખશાયશગર, મેહેરબાન.

# અવસ્તાના ભેદી કલામો
તથા
# ફરમાનોની સમજુતી.

## ભાગ પેહેલો-ભેદી કલામો.

## આવાં યસ્તમાં અહુરમઝદે આવાં અર્દવી-સુરથી ચાહેલી મુરાદનો ખુલાસો.

( આવાં યસ્ત, કરદો પાંચમો, ફકરો ૧૮ મો. )

આઅત હીમ જઈધયત, અવત આયપતેમ, દજદી મે વંઘુહી સેવીશતે અરેદવીસુરે અનાહીતે! યથ અજેમ હાચયેને પુથરેમ, યત પોઉરૂષસપહે, અષવનેમ જરથુશતરેમ, અનુમતેઈ દએનયાઇ, અનુખતેઈ દએનયાઇ, અનવરશતેઈ દએનયાઈ.

## ( અર્થ. )

તેણે ( અહુરમઝદે ) તેણીથી ( બાનું ફરેશ્તો આવાં અર્દવીસુર, જે પાણી ઉપર મવક્કલ છે તેનાથી ) આ ચાહયું કે "ઓ ખુબીવાળી, ઘણીજ ફાયદેમંદ અને નીર્મળ અર્દવીસુર ! મને આ ફાયદો તુ બખ્શ કે હું પોરૂશસ્પના પુત્ર અશો તથા રાસ્ત જરથોસ્તને દીનના વીચાર પ્રમાણે, દીનનાં વચન પ્રમાણે અને દીનનાં કામ પ્રમાણે ચલાવું."

અર્દવીસુર અનાહીત ફરેસ્તો જે ખુદાતાલાનો પોતાનો પેદા કીધેલો છે તેની આગળ ખુદા પોતે અરજ ગુજારે એ જરા દેખીતી પણ ખોટી રીતે કઢંગુ લાગે છે તે કારણથી આપણા કહેવાતા સુધરેલા પારસીઓ અવસ્તા ઉપર ભરોસો રાખવા ના કહે છે. પણ આ સઘળી તકરાર ફક્ત એકજ બોલ "દધ્વાઓ" કે જેનો અર્થ આ સુધારાવાળાઓ પોતાનાં ચોક્કસ હદ સુધીનાં જ્ઞાનના બળે "ખુદા" કરીને કરે છે તેનાથી ઉભી થાય છે. જાણવું જોઇએ જે "દધ્વાઓ" એ શબ્દ ગઇઓમરદના સેફતી નામ તરીકે પણ વપરાય છે, માટે આવાં યસ્તમાં "તાંમ યજત યો **દધ્વાઓ** અહુરો મજદાઓ અઇરયેને વએજહી વંઘહુયાઓ દાઇત્યયાઓ......" અથવા તેણીને પેદા કરનાર **અહુરમઝદે** વેહદાઇતી નદીવાળાં ઇરાનવેજમાં આરાધી એ માફક બોલાય છે તેનો અર્થ એમ પણ થઇ શકે કે

તેણીને **ગઇઓમરદે** આરાધી, માટે એ બાબદ ઉપર ટીકા કરતાં ખુબ વીચાર કરવો જોઇએ.

એ વીશે તા૦ ૭મી મે ૧૮૯૬નાં "જામે જમશેદ"માં "એક આથરવન" એવું નામ ધારણ કરી એક દીનદાર જણાવે છે કે:—

"આવાં યસ્ત અને તેમજ રામ યસ્તના અવસ્તામાં 'ઇઓ દધવાઓ અહુરોમજદાઓ' એવી એબારત આવેલી છે તે દાદાર અહુરમઝદ સાથે નીસબત ધરાવતી નથી, પણ તેનાથી આ દુનીઆમાં પ્રથમ જન્મ લેનાર સઘળી આદમ જાતના પીતા ગઇઓમરદની સાથે તે નીસબત ધરાવે છે, અને એ ઉપલી એબારતમાં વપરાયલો 'દધવાઓ' બોલ ગઇઓમરદનાં સેફ્તી નામે તરીકે આવેલો છે, જેનો અર્થ પેદાએશ પામેલો અથવા પેદાશ ધરાવનારો એવો થાય છે."

હવે આ ઉપરથી માલમ પડે છે કે "દધ્વાઓ" શબ્દ આવાં યસ્તમાં ખુદા અથવા ગઇઓમરદને માટે વપરાયલો છે; પણ એક વખત તકરારને ખાતર કબુલ કરીએ કે એનો અર્થ ફકત અહુરમઝદજ થાય છે, અને ખુદ અહુરમઝદે આવાં અર્દવીસુરથી મુરાદ ચાહી તે અણઘટતું છે એમ કોઇ ધારે તો તે ભુલ ભરેલું છે. અલબત એવું કામ મગરૂર અને અહંકારી લોકોની નજરમાં ઘણું બેહુદું લાગે, પણ તેઓએ જાણવું જોઇએ

જે દાદાર અહુરમઝદ મગરૂર અને પોતાથી ઉતરતી પદવીના લોકો માટે હલકું મત ધરાવનાર સખશોને શેતાનના શરીક ગણે છે, અને તે માલેક પોતે પોતાની સઘળી પેદા કીધેલી ચીજોની સાથે ભાઈ, બેહેન તથા ફરજંદાનો સંબંધ રાખી દરેકને તેના દરજજા પ્રમાણે માન આપી સભ્યતા અને નમ્રતાથી વર્તે છે; અને તેણે આવાં અર્દવીસુરથી જે રીતે મુરાદ ચાહી તે રીત જે પ્રમાણે એક નોકર ચોક્કસ કારણ સર પોતાના શેઠને કાલાવાલા કરે તેવી નહીં, પણ જે રીતે એક ખરો ગ્રહસ્થ પોતાથી ઉતરતા દરજજાના લોકોને માન આપી જેવી નમ્રતા અને સભ્યતાથી વર્તે તેવી સમજવી. કહે છે કે ખુદાતાલાએ જ્યારે માટીનું ઇનસાન બનાવ્યું ત્યારે તેણે સઘળા ફરેસ્તાઓને તે મટોડીનાં પુતલાંને સેજદા અથવા નમન કરવા ફરમાવ્યું, અને જ્યારે અઝાંઝીલ નામના એક ફરેસ્તાએ તકબ્બરીથી તેને નમન કરવાને ના પાડયું તેટલા માટે દાદાર અહુરમઝદે તેની ઉપર લ્યાનત નાખી તેને ધીક્કાર્યો; માટે દાદાર અહુરમઝદ આવાં અર્દવીસુરથી મુરાદ ચાહી તો તે અરજ કાલાવાલા નહીં, પણ એક ખરા ગ્રહસ્થને છાજતી નમ્રતા અને સભ્યતા સમજવી, કે જેમ કરવાથી ખુદ નમ્રતા કરનાર સખશ પોતાનો દરજજો ઓર વધારે બુલંદ બનાવે છે.

આ દુનીઆમાં જુદી જુદી પ્રજાઓ ઉપર બે જાતનાં રાજ ચાલે છે, તેમાં એક કીસમનું રાજ

એવું હોય છે કે તે રાજ ચલાવનાર પાદશાહ આપખુદ ચાલ ચલાવનાર છે જેને અંગ્રેજીમાં Despot ઈઆને જુલમગાર રાજા કરી કહે છે; અને બીજી તરેહનું રાજ એવું હોય છે કે તે ચલાવ્યામાં રાજ કરતાનો સાથે પ્રજાનેબી તેમાં હક તથા દરજજો મળે છે. હાલ ઈંગલંડમાં અંગ્રેજી રાજ આ છેલ્લી રીત પ્રમાણે ચાલે છે, જેથી રાજા અને રઈયતમાં એકદીલી હોવાથી તે શકતી તથા સંપજમાં વખણાયલું છે. તે તથા એવાંજ બીજાં રાજોને પોતાની રઈયત સાથ જેવો સંબંધ છે તેવોજ અહુરમઝદને પોતાના યઝદ અમશાસપંદો તથા આદમીઓ તથા તેની બીજી ભલી પેદાએશ સાથેબી છે. વળી કોઈ માઠાં ભાગ્યના બંદાઓ કોઈ ઝબરદસ્તના ગુલામો હોય છે. તે ગુલામોને તેઓની મેહેનતના બદલામાં કાંઈ મળતું નથી, પણ જાનવરની માફક મેહેનત તથા મશાગત કરવી તથા સીતમ ખમવો પડે છે તેવી હુકુમત અહુરમઝદની નથી. તે ખુબીનો ખાવીંદ પોતાના પેદા કરેલા યઝદ અમશાસપંદોના તથા બીજી ભલી ચીજોના ગુણ પોતેબી ગાઈને તેજ પ્રમાણેનો બદલો વાળવાને ઇનસાનનેબી શીખાડે છે, કાંયજે તે સાહેબનો પોતાની પેદા કીધેલી ભલી ચીજો સાથનો સંબંધ જેમ માબાપનો પોતાનાં ફરજંદો સાથ હોય એવીજ રીતનો બલકે તેથીબી ઓર નજદીકનો છે, જે ઉપરથી જરથોસ્તી ધર્મને મી૰ કાબે "Really filial religion"—યાને ખરેખરો માવ-

તર તથા ફરજંદના સંબંધ જેવો ધર્મ – એવું લાયક નામ આપ્યું છે, અને તે નામ તે ગ્રંથકારે વગર સમજવે આપ્યું હોય એવું નથી, પણ નીચે મુજબ તેના દાખલા ખુદ અવસ્તામાંથી મળી આવે છે।—

"૫૦.- આ તેશતર સેતારો જે મેં પેદા કીધો છે, ઓ અશો જરથોસ્ત, તે વખાણવાને લાયક, પુંજવા જોગ, ખાતરી આપવાને લાયક, જેવો કે હું પોતે અહુરમઝદ છું તેવોજ દરૂસ્ત તેને પેદા કીધો છે." (તીર યસ્ત.)

"૧.- અહુરમઝદે અશો જરથોસ્તને કહ્યું કેઃ મેં જ્યારે મેહેર યઝદ જે ઓહલાં ઘાસ ચારાનો ધરાવનાર છે તેને પેદા કીધો, ઓ અશો, તેને મેં માન આપવાને લાયકનો પેદા કરેલો છે. જેવો હું પોતે અહુરમઝદ તેવોજ તેઓ વખાણવાને લાયક છે." (મેહેર યસ્ત.)

"સાતે અમશાસપંદો વીચારવા, બોલવા તથા કરવામાં એકજ રીતના છે. તેમનું વીચારવું, બોલવું તથા કરવું તેઓના બાપ તથા પાદશાહ ઇઓને પેદાના કરનાર અહુરમઝદને મળતુંજ છે." (ફરવરદીન યસ્ત, ફકરો ૮૩, તથા જમીયાદ યસ્ત, ફકરો ૧૬ મો.)

"૧૬.– (અશીશંગ) તારો બાપ અહુરમઝદ, જે મોટામાં મોટો યઝદ જે સરસમાં સરસ યઝદ છે

તે છે, તારી માતા સપેંતઆરમેતી, તારો ભાઇ ભલો સરોશ અશો તથા બુલંદ રશને કુવતમંદ, તથા મેહેર જે બોહલાં ઘાસ ચારાનો ધરાવનાર જે દશ હજાર આંખે તથા એક હજાર કાને સંભાળ રાખે છે તે છે; તારી બેહેન તે મઝદયસની દીનછે." (અશીશાંગ યસ્ત.)

"૧૧.– * * * જેઓ ડહાપણથી ઉપયોગી બનેલા છે તેઓનો, પવીત્ર આતમાની મારફતે, અહુરમઝદ દોસ્ત, ભાઇ (તથા) બાપ છે." (ઇજશનેનો ગાથાવાલો હા ૪૪ મો.)

"૧૬.–પેલા અશો બાપ અહુરમઝદે મને હોમ યઝદને એક ભાગ ખાવાને આપ્યો છે." (ઇજશને હા ૧૧ મો.)

"૪.– * * * અહુરમઝદ ભલા ઉપયોગી આત્માનો બાપ છે. ભલું કરનારી આરમેતી તેની દીકરી છે." (ઇજશનેનો ગાથાવાલો હા ૪૪ મો.)

"૨.– * * * અહુરમઝદ પોતાની ખુદ દાનાઇની મારફતે પવીત્રાઇનો બાપ છે." (ઇજશનેનો ગાથાવાલો હા ૪૬ મો.)

"૮.–મેં (જરથોસ્તે) પહેલાં, ઓ અહુરમઝદ, રૂહની મારફતે તુંને વખાણવાને લાયકનો વીચાર્યો, (અને) જ્યારે આંખે દીઠો ત્યારે વોહુમન (બહમન) નો બાપ કરી જાણ્યો." (ઇજશને ગાથાવાલો હા ૩૧ મો.)

"૨.—* * * કાંજે તું પવીત્રાઇની મારફતે સર્વ આકાશીઓનો પાદશાહ છે. અહુરમઝદ તું બંધે જેહાનનો દોસ્ત છે.

૩.—હું તને પુછું છું તે મને ખરૂં કહે ઓ અહુરમઝદ! કે શરૂઆતથી પવીત્ર પેદાએશનો બાપ કોણ હતો?" (ઇજશને ગાથાવાલો હા ૪૩ મો.)

"૧૦.— ઓ ઢોરોના અને જેઓ કે અશોના કહેવાય છે તે પવીતરોના તથા જેઓ દુનીઆમાં પવીત્રાઇની ઇચ્છા રાખે છે તેઓના બાપ." (ઇજશને ગાથાવાલો હા ૫૭ મો.)

"૯.— ઓ આતશ, અહુરમઝદના બેટા, (તું) મને આપ." (ઇજશને ગાથાવાલો હા ૬૧ મો.)

"૧૫.—સાઠ દહાડામાં મેં અહુરમઝદે અમશાસપંદોની સાથે મળીને કીધું તે એ કે મેં પાણી પેદા કરીને તે ગંહબાર ઈજીઓ અને તેને ગાહમેદીઓશોહેમ નામ આપ્યું * * * તે મેદીઓશોહેમ હતો, જેમાં મેં પાણીને અડચણમાંથી ટાળીયું અને અમશાસપંદોની સાથે મળીને મીઅજદ ઈજી, તેજ પ્રમાણે આદમીઓએ પણ કરવું જોઇએ." (આફરીન ગંહબારની)

"૮૭.—તું ને (આવાં અરદ્દઇસુરને) કુંવારી કન્યાઓ, જવાન સ્ત્રીઓ પરણવાને લાયકનીઓ, બેહેન દાખલ અરજ કરે છે." (આવાં યસ્ત.)

"૨.– એ અહુરીઆન (આવાં અરદુઇસુર) અહુરમઝદથી અવતરેલી, તુંને ..." (ઈજશને ગાથાવાલો હા ૬૫ મો.)

"૬.– એ અહુરમઝદની બેટી અહુરીઆન (આવાં અરદુઇસુર) હમે તુંને સારા ધ્યાનનાં જોથરથી વખાણીએ છીએ." (ઇજશને ગાથાવાલો હા, ૬૭, મો.)

"ઘણાજ ફાયદાની પહોંચાડનારી પવીત્ર અરદુઇસુર તુને ધંન હોજો!" (પાણીની નમસ્કાર.)

"૬૪.– ડાઘ વીનાની અરદુઇસુર એક ખુબસુરત કન્યાના આકારમાં તે તરફ દોડતી ગઇ * * * તેણીનાં તાલક ઉપર સુનાનાં તાજ સાથે.

૧૨૮.– તેણીના સર ઉપર એકસો સેતારા જડેલું સુનાનું તાજ બાંધેલું હોય છે, વગર ડાઘ વાળી અરદુઇસુરનાં." (આવાં યસ્ત.)

"૮૯.– એ રોશની ભરેલા પવીત્ર અશો (જરથોસ્ત) તુંને અહુરમઝદે આ શારીરીક દુનીઆના સરદાર દાખલ પેદા કરેલો છે: મને (અરદુઇસુરને) અહુરમઝદે આખી દુનીઆની પવીત્રાઇની સંભાળનાર દાખલ પેદા કરેલી છે." (આવાં યસ્ત.)

"૨.– અહુરમઝદની અહુરીઆન બેટી (અરદુઇસુર), ભલા અરપણ કરવા તથા ગુણ ગાવા સાથે, સારાં અરપણ કરવા સાથે, પરહેઝગારીનાં

અરપણ કરવા સાથે, હમે તારી વખાણ કરીએ છીએ. જ્યારે કે હમે પવીત્ર યઝદોને તથા મોટા સાહેબને સંતોશ આપવાને (ઇજશનેની ક્રીયા કરવાને) ચાહીએ છીએ ત્યારે હમે તુંને (કુવા અથવા વાસણમાંથી) બહાર લાવીએ છીએ."
(અવસ્તાના છેલ્લા કલામ—અંગ્રેજી અવસ્તા, પુસ્તક ૩જું, પાનું ૧૯૨.)

આ ઉપર જણાવેલા ગાથાના તથા બીજા અવસ્તા માંહેલા દાખલાઓથી ખુલ્લી રીતે જણાઇ આવે છે કે અહુરમઝદને તેની પોતાની પેદા કરેલી ભલી ચીજો સાથ માવતર અને ફરજંદોના જેવોજ સંબંધ છે. તે સાહેબે પોતાના પેદા કરેલા તીર યઝદ તથા મેહેર યઝદના દરજાને પોતાના સરખા ગણ્યા છે. સાતે અમશાસપંદોબી વીચારવા, બોલવા તથા કરવામાં અહુરમઝદને મળતા છે. અશીશંગ, આરમેતી, મઝદયસની દીન, આવાં યઝદ, પવીત્રાઇ તથા સ્ત્રીઓ અહુરમઝદની બેટીઓ છે. બહમન, અરદીબેહેશ્ત, મેહેર, સરોશ, રસને તથા હોમ યઝદ તેના બેટા છે. ઢોરો તથા બીજી પવીત્ર પેદાએશબી અહુરમઝદનાં ફરજંદો છે. અહુરમઝદ બન્ને જેહાનનો દોસ્ત તેમજ જેઓ ઉપયોગી બનેલા છે તેઓનો તે સાહેબ મીત્ર, ભાઇ અને બાપ છે.

પેદાના કરનાર અને તેની ભલી પેદાએશ વચ્ચે આ પ્રમાણેનો નજદીકનો સંબંધ જણાય છે

તે જોતાં અને વળી અહુરમઝદ પોતે અમશાસ્પંદોની સાથે મળીને ગહંબારની ક્રીયા કીધી તથા મીઅજદ ઈંજી તે ધારતાં આવાં અરદ્દુઇસુર સરખી પોતાની તાજદાર બેટી તથા મોટી ઉપયોગી સહીને અહુરમઝદે દરખાસ્તો કીધો તથા તેણીથી મદદ માગી તે વાતથી તે સાહેબનો દરજ્જો કદીબી ઘટે નહીં, પણ એ વાતમાંથી અહુરમઝદની અપરમપાર ખુબી, નેહાએત રગબત અને બેહદ મેહેરબાની માલમ પડે છે.

આવાં અરદ્દુઇસુરનાં સર ઉપર તાજ છે એવું બીજા કોઇબી યઝદ અમશાસપંદોના માથાં ઉપર હોય એવું અવસ્તામાં જણાતું નથી. વળી તે પાકઝાદ દુનીઆમાં સર્વે કરતાં વધારે ઉપયોગી હોવાને લીધે અહુરમઝદે માણસ, જાનવર, ઓરવર તથા ધરતીનીબી અગાઉ તેણીને પેદા કરેલી છે. વાસ્તે એક ચોક્કસ કારણ ઉપર અહુરમઝદ તેણીને જો મોટું માન આપે તો તેથી તે સાહેબનો દરજ્જો કદીબી ઘટી પડે નહી—જેમકે આપણા નામદાર રાજા પોતાનાજ બનાવેલા અમીરોને વખતસર My Lord ("માઈ લોર્ડ" યાને મારા સાહેબ) કરી પોતેજ બોલાવે છે. આ રાજા કરોડો માણસો ઉપર સરદારી ભોગવવા છતાં તે પોતાની રઇયતથી બનેલી પાર્લેમેંટની સભાને દરખાસ્ત કરે છે, અને તેને ખરચના પૈસા મળવાનો તે સભાથી જે હુકમ મળે છે તે વીશે રાજા તે સભાનો ઉપકાર પણ માને છે! વળી આપણાં મરહુમ મહારાણી અને

તેમના મરહુમ ભરથારનો સંબંધ વખત પ્રમાણે બદલાતો હતો. તેવણ જ્યારે માથે તાજ મેલતાં ત્યારે તેવણના ભરથાર તેવણની રઇયત દાખલ ગણાતા, અને જ્યારે પોતાના મેહેલમાં રહેતાં ત્યારે તેમના ભરથાર તેમના ધણી તથા ખાવીંદ તરીકે ગણાતા હતા, અને તે વાતથી આ ભલાં રાણીનો દરજ્જો કોઇ પ્રકારેબી હલકો પડતો નહીં હતો, પણ તે વાતથી તેમની ખુબી તથા લાયકી ઓર વધારે દીપતી હતી.

વળી કોઇ લાયકીવાળો મોટો માણસ પોતાથી ઉતરતી પદવીનાં માણસને જો કાગળ લખી સહી કરતાં આમ લખે કે "સાહેબ, મને તમારો નમનતાઇ ભરેલો નોકર થવામાં માન છે" તો તે ઉપરથી તે મોટાં માણસનો દરજ્જો પેલા કરતાં હલકો પડી જતો નથી, પણ એવી ઓજરખાઇ અને નમનતાઇ ભરેલી લખવાની રીત તે ખરી અમીરાઇની ખુબી બતલાવનારી લછણ હોય છે.—વળી જે છોકરો પરણવાને જાય છે તે પોતાની કોમના અકાબરો તથા શેઠીઆઓની આગળ અને દસ્તુરોની સંફમાં ચાલે છે, અથવા તેનો પોતાનો બાપ પગે ચાલવા છતાં તે વરરાજો બનીને ઘોડે બેસે છે, પણ એ વાતમાં દસ્તુરો, અકાબરો, શેઠીઆઓ અથવા તેનો બાપ પોતાને અપમાન પહોંચ્યું અને પોતાનો દરજ્જો ઘટ્યો એવું વીચારતા નથી પણ ઓર ખુશ થાય છે, તેમજ પેલો છોકરોબી પેલા એકજ દીવસનો

રાજાનો પોતાનો સમાથી બનેલો મરતબો ભોગવી બીજે દીનથી પાછો તે પોતાના કામ ધંધા ઉપર જાય છે, વાસ્તે એજ મીસાલે અહુરમઝદ કરેલી આવાં અરદૂઈસુરની આરાધના વીશેબી સમજવું જોઇએ.

આ ઉપરથી વાંચનારે જોઇ લીધું હશે કે દાદાર અહુરમઝદ અને તેના પેદા કીધેલા સઘળા યઝદો, અમશાસપંદો વગેરે બીજી ભલી પેદાએશની વચ્ચે એકબીજાને અરસપરસ મા, બાપ, બેહેન, ભાઇ તથા ફરજંદના જેવો સંબંધ રહેલો છે, અને એક બાપ પોતાની છોકરીને એક ચોક્કસ ચીજ કરવા માટે નમનતાઇ તથા આબરૂથી તેને બોલાવે તો તે વીનંતી, અરજ અથવા કાલાવાલા નહીં પણ એક ખરા ગ્રહસ્થને છાજતી નીતી સમજવી, અને એજ પ્રમાણે ખુદાતાલાએ પોતાની બેટી આવાં અર્દવીસુર બાનુને ભલાઇ ભરેલા સખુનો કહયા તેથી એવો ખ્યાલ નહીં કરવો કે તેમ કરવાથી ખુદાતાલાનો દરજ્જો ઘટી ગયો અને તેના પોતાના પેદા કીધેલા યઝદનો મરતબો વધ્યો, પણ એવી સભ્યતાથી તે માલેકનો બુલંદ દરજ્જો ઓર વધારે પ્રકાશીત થાય છે, માટે ઇનસાનને લાજમ છે કે તેને પોતાથી ઉતરતી પદવીના કોઇબી માણસ સાથે ઘણીજ માયા અને સલુકથી વર્તવું જોઇએ.

---

## આવાં અર્દવીસુરે પોતાની કમર તંગ બાંધી છે કે જેથી તેણીનાં થાન સારાં લાગે તથા નીચે ઉપસી પડે એટલે શું ?

(આવાં યસ્ત, કરદો ૩૦ મો, ફકરો ૧૨૪ મે.)

યથ મામ્ બરેસ્મો-જસ્ત, ફરા-ગઓષાવર સીસ્પેંમ્ન ચથ્રુ-કરન જરનએનિ મિનુમ્ બરત્ હ્વા-જાત, અર્દ્વીસૂર અનાહિત, ઉપતાંમ્ સ્રીરામ્ મનોથ્રીમ્; હા હે મઇધીમ્ ન્યાજત, યથચ હુકેરેપ્ત ફ્શતાન યથચ અઙ્હેન્ નવાજ્ન.

### (અર્થ.)

અને જે હાથમાં બરસમ પકડેલી નીર્મળ અર્દવીસુરે ઘટતાં પ્રમાણ પ્રમાણેનો (જેવી જોઇએ તેવી), ઝુલતી અને ચાર ખુનાવાળી બાલી પહેરી છે, અને જે ઉંચા કુળનીએ પોતાની સુંદર ગરદન ઉપર સોનેરી માળા પહેરી છે. તેણીએ પોતાની કમર તંગ બાંધેલી છે કે જેથી તેણીનાં બંધે થાનો સુંદર દેખાવનાં અને નવાં ઉગેલાં હોય એવાં લાગે છે.

આ ઉપરથી જેઓને ધર્મની હસી કરવાનું મન થાય છે તે "થાન" શબ્દથી છે. મંડળીના કાયદા કાનુન પ્રમાણે જેમ શરીરના ચોક્કસ ભાગોને તેમના નામથી બોલવાની મનાઇ છે તે માફક

"થાન" શબ્દનું પણ સમજી ખુદાતાલાની એક ઉમદા બખશેશ તરફ આવી હલકી નજરથી જોવું એ ઘણું મુર્ખાઇ ભરેલું છે. ખરૂં પુછાવો તો તે હકવાલાએ શરીરનો કોઇ પણ અવયવ એવો નથી બનાવ્યો કે જેનું નામ દેવામાં કોઇ જાતની શરમ હોય. થાન તે પવીત્ર ચીજ છે કે જે ખુદાતાલાએ ઓરત જાતને તેઓ માતા થવા પછી તેમનાં અતી નાજુક બાળકોની પરવરી કરવા માટે તેમાં દુધ ભરી રાખવા માટે તેમને બખશેલાં છે, અને એક પવીત્ર ચીજની યાદ જો અવસ્તામાં આવે અને તેને આપણે મોઢેથી ભણીએ તો તે તદન રવા છે, પણ એથી ઉલટું જો તેની હસી કરવામાં આવે તો તે મુર્ખાઇ અને નાદાની સીવાય બીજું કાંઇ નથી. આ "થાન" શબ્દ તથા "કમર તંગ" નો ફીલસુફીની રાહે ઉંડાણમાં અવસ્તામાં ખરો અર્થ શું થાય છે તે વીશે જણાવવામાં આવે છે કે ઉપસીને ઝુલઇ પડેલાં ધાવનાં (આંચળ) એ કાંઈ ખુબસુરતી ગણાય નહીં, પણ તે દુધમલ બાળકનું પોશણ કરવા લાયકનાં ઠડે. સ્ત્રીની ખુબસુરતીના ચીતાર ઘણાએક શાએરો (કવીઓ) એ આપેલા છે, તેમાં આંખ, ભવાં, રૂખસાર (ગાલ), હોઠ, દાંત, બાલ, ખાલ (તલ), ઇત્યાદીની સીફતો જણાવેલી હોય છે, પણ ઉપસેલાં તથા ઝુલાયલાં થાનને તેઓએ ખુબસુરતીમાં ગણ્યાં નથી, તેમજ આ શાએરોની જણાવેલી ખુબસુરતીની નીશાનો આવાં યસ્તમાં

આવેલી નથી, માટે આવાં યસ્તમાં જો કાંઇ ન છાજતું બોલવામાં આવ્યું હોય તો "થાન" શબ્દની સાથે બીજાબી કોઇ ભાગનું વર્ણન આપવામાં આવ્યું હતે.

જરથોસ્તી ધર્મને કાયદે આ ધરતી તે આપણી તેમજ ઢોરોની તથા કુલ વનસ્પતીની માતા છે, અને આવાં અરદુઇસુર તે આ માતાનાં જણેલાં બાળકોને ધવાડનારી દાઇ ઠડે છે, જેનાં થાન દુધથી ભરપુર હોવાને લીધે ઉપસેલાં અને આ ધરતી ઉપરનાં ટળવળતાં બાળકોનાં મોઢાંમાં જોઇતે વખતે દુધની સેર ફોડવાને ઝુલઇને તૈયાર થયલાં છે. વાસ્તે આ **થાન તે વાદળાં સમજવાં, તે માંહેલું દુધ તે વરસાદ સમજવો, અને દુધમલ બાળકો તે ઘાસ ચારો તથા બીજાં ઓરવરો સમજવાં.** જેમ આપણે પોતાનાં બાળકોને પહેલાં દુધથી પરવરશ કરીને તેમને ઉચા-રીએ છીએ કે તેઓ મોટાં થઇને દુનીઆમાં ઉપ-યોગી બને તેજ પ્રમાણે આ ઘાસ-ચારો તથા બીજાં ઓરવરો આવાં અરદુઇસુરથી પરવરશી પામે છે, અને તેઓમાંથી આપણને અનાજ, મેવો, તર-કારી, દવાદારૂ તથા દુધ ખાવાને મળે છે.

વળી આવાં અરદુઇસુરનાં ધાવનાંની ખુબી ઇજશનેના ૧૦મા હામાં બીજે આકારે આપેલી છે તે ફકરા નીચે ટાંકયા છે તેમાંથી વાંચનારા સાહેબોનો વધારે ખુલાસો થશે :—

"૬.– પેલાં વાદળાં તથા વરસાદ જે તારી (હોમની) વસ્તુઓને પહાડોનાં મથાળાં ઉપર ઉગાડે છે તેઓને હું વખાણું.

૭.– ઉંચા પહાડો, જ્યાં ઓ હોમ તું ઉગે છે, તેમને હું વખાણું.

૮.– એ અશો હોમ, આ ખીલેલી, પહોળી, ગુણકારક, ધીરજવંતી ધરતી, જે તારી માતા છે, તેને હું વખાણું."

વળી આવાં અરદ્દુઇસુરે કમર બાંધેલી છે તેને થાન સાથ લાગતું નથી, પણ જેમ એક જરથોસ્તી કમર ઉપર કુસ્તી બાંધીને દીનના હુકમ મુજબ સવાબનાં કામ કરવાને ફરમાનબરદાર દાખલ બંધાયલો છે તેજ પ્રમાણે આ સુંદર તથા બળવંત બાનુએ દાઇનું કામ બજાવવાનું અહુરમઝદનું ફરમાન કબુલ રાખ્યું છે તેનો એ ઇસારો ડડે છે.

હવે આ ભેદભરેલી બાબદોનો ખુલાસો સમજ્યા પછી સેવક આશા રાખે છે કે અંગ્રેજી કેળવણીના બળથી પોતાને ધર્મ જ્ઞાન પણ હાંસલ થયું એવું વીચારનાર જરથોસ્તીઓ આવાં યસ્ત ઉપર હવે વધારે વખત શક અથવા તીરસ્કારની નજરથી નહીં જોતાં તે ભણવો ચાલુ કરશે, અને અત્યાર સુધી પોતાની ભુલથી તેઓએ જે આડો માર્ગ અખત્યાર કીધો હતો તે માટે પતેત કરી ભવીષ્યમાં જો અવસ્તામાં કોઇબી ઠેકાણે એવી રીતની બીજી ભેદ

ભરેલી બાબદો આવે તો જ્યાં સુધી તેનો પુરેપુરો ભેદ નહી સમજે ત્યાં સુધી તેમાં કાંઇ પણ ખુબી સમાયલી છે એવું સમજી અવસ્તાના તેજ કલામો તથા ફરમાનોને માન આપી તે પ્રમાણે વર્તશે. આમીન !

## પાદશાહ જમશીદ અને મોત.

(અશીશંગ યશ્ત—કરદો ૪થો, ફકરો ૨૮, ૨૯, ૩૦ તથા ૩૧.)

તાંમ યજત યો યીમો ખષએતો હવાંથવો, હુકઈરયાત હચ બરેજંઘહત.

આઅત દીમ જઇધ્યત. અવત આયપતેમ દજદી મે અષીશ વંઘુહી, યા બેરેજઇતી; યથ અજેમ ક્ષઓની વાંથવ અવ-બરાની, અવી મજદાઓ દામબયો, યથ અજેમ અમેરેખતીમ અવ-બરાની અવી મજદાઓ દામબયો.

ઉત અજેમ અપ-બરાની વ ષુઘેમચ તરષનેમચ હચ મજદાઓ દામબયો, ઉત અજેમ અપબરાની વ જઓઉરવાંમચ મેરેથયુમચ હચ મજદાઓ દામબયો, ઉત અજેમ અપ-બરાની વ ગરેમેમચ વાતેમ અઓતેમચ હચ મજદાઓ દામબયો; હજંઘરેમ અઇવી-ગામનાંમ.

પઇરી-તચત પઇરી-જસત અષીશ વંઘુહી યા બેરેજઇતી. વીનદત તેમ યાનેમ યો યીમો ખષએતો હવાંથવો.

## ( અર્થ. )

તે અરશશંગને નેક ટોળાંવાલા જમશીદ હુકર પહાડ ઉપરથી ઇંજી.

તે વખતે તેણે તેની પાસેથી આ માંગ્યું કે: "અય ભલી અને બુલંદ અરશશંગ તું મને તે બખશેશ આપ કે હું અહુરમઝદની પેદાએશોને વૃધીથી ટોળાં પેંહોંચાડું અને હું અહુરમઝદની પેદાએશોને અમરગી પહોંચાડું.

કે હું હજાર વરસ સુધી અહુરમઝદની પેદાએશોમાંથી ભુખમરા અને તરસ એ બેઉને દુર કરૂં, તથા હું અહુરમઝદની પેદાએશોમાંથી બુઢાપા અને મરકી એ બેઉને દુર કરૂં, અને હું અહુરમઝદની પેદાએશોમાંથી *ઠંડા અને ગરમ એ બેઉ પવનને દુર કરૂં."

ભલી અને બુલંદ અરશશંગ આસપાસ ચાલી, અને નજદીક પહોંચી ત્યારે નેક ટોળાંવાલા જમશીદે ઉપલી બખશેશ મેળવી.

(આવાં યસ્ત–કરદો ૭મો, ફકરો ૨૫, ૨૬ તથા ૨૭.)

તાંમ યજત, ચો યીમો ખષએતો, હવાંથવો, હુકઇરયાત પઇતી બરેજંઘહત, સતેમ અસપનાંમ અરષનાંમ; હજંઘરેમગવાંમ, બએવરે અનુમયનાંમ.

---

* ઠંડા અને ગરમ પવનને અહીંઆં અતીશે નહીં ખમી શકાય એવો ઠંડો અને ગરમ પવન સમજવો, કારણ કે તે માણસને આજાર દઇ તેનો જાન લેનાર છે.

**આઅત હીમ** જઇધયત અવત આયપતેમ, દજદી મે વંધુહી સેવીશતે અરેદવી સુરે અનાહીતે, યથ અજેમ ઉપેમેમ ખષથરેમ બવાની, વીસપતાંમ દખયુનાંમ દએવનાંમ મષયાનાંમચ, યાથવાંમ પઇરીકનાંમચ, સાથરાંમ કઓયાંમ કરફનાંમચ ; યથ અજેમ ઉજબરાની હચ દએવએઇબયો, ઉયે ઇરાતીશચ સઓકાચ, ઉયે ફષઓનીશચ વાંથવાચ, ઉયે થરાંફસચ ફરસસતીશચ.

દથત અહમાઇ, તન અવત આયપતેમ અરેદવીસુર અનાહીત, હધ જઓથરોબરાઇ અરેદરાઇ યજેમનાઇ જઇચયનતાઇ, દાથરીશ આયપતેમ.

## ( અર્થ. )

તેણીને નેક ટોળાંવાલા (બહોળી રૈયત તથા ગાવ ગોસપંદ ધરાવનારા) જમશીદ હુકર પહાડની ઉપર *સો જવાન ઘોડાઓથી, હજાર ગાવોથી અને દશ હજાર નાનાં ગોસપંદાથી આરાધી.

---

* આ સો જવાન ઘોડા, હજાર ગાય અને દશ હજાર ગોસપંદોનો તે બંદગી કરતી વખતે ભોગ આપવામાં આવતો હતો, પણ તે કેવી રીતે તથા (જમશીદ પાદશાહની માફક બીજાઓએ પણ આવાં અર્દવીસુર પાસથી મુરાદ ચાહી હતી તે) સઘળા પાદશાહો તથા પહેલવાનો એકજ સરખી રીતે સો ઘોડા, હજાર ગાય અને દશ હજાર ગોસપંદોનો ભોગ આપતા તેનું કારણ શું તે બરાબર સમજાતું નથી. આગલા હીંદુઓમાંથી ઘોડા

તેથી તેણે (જમશીદે) તેની (આવાં અર્દવી-સુર) પાસે આ મુરાદ ચાહી કે: "ઓ ખુબીવાળી, ઘણીજ ફાયદેમંદ અને નીર્મળ અર્દવીસુર! મને આ મુરાદ તું બખશ કે હું તમામ દેશોના દેવો, પાપી મોણસો, જાદુગરો, પરીઓ તથા †સાતર, ક્વી અને કરપન લોકોની ઉપર સૌથી સરસ પાદ-શાહી મેળવું, અને દેવોના અખત્યારમાંથી દોલત તથા ફાયદો એ બંધે ચીજ, વૃધ્ધી અને ટોળું એ બંધે ચીજ, અને તૃપ્તી તથા કીર્તી એ બંધે ચીજને હું છીનવી લઉં (યાને મારે તાબે કરૂં)."

તે મુરાદ બખશનારી નીર્મળ અર્દવીસુરે તે હમેશાં **જોર** લઇ જનાર, ભેટ આપનાર, ઈજનાર અને મુરાદ ચાહનારને તે મુરાદ બખશી.

---

તથા પશુઓનો ભોગ આપવાનો ચાલ હતો. મોઝેઈક લોકોમાંથી મોટાં ઢોર, ગાય અને ગોસપંદોનો ભોગ આપવાનો ચાલ હતો. હજરત મુસાની કેતાબમાં "લેવી-ટીકશ" નામે ત્રીજા પુસ્તકમાં ભોગ આપવાની બાબદ આવી છે તેમાંની કેટલીએક બાબદ જરથોસ્તીઓની ભોગ આપવાની આગલી રીતીઓને તથા હાલની આપણી રેવાયતોમાં જણાવેલી કેટલીએક બાબદો સાથે ઘણી મળતી આવે છે તે ઉપરથી એવું જણાય છે કે મોઝેઈક ધર્મમાં તે ચાલ જરથોસ્તીઓ ઉપરથી દાખલ કરવામાં આવી હોય.

† સાતર, ક્વી અને કરપન એ ત્રણ ટોળા હતા, જેઓ હમેશાં માઝદયસની તથા જરથોસ્તી ધર્મની સામે થતા હતા.

ખુદાતાલાની પેદાએશને હું અમરગી પહોંચાડું યાને તે માલેકની પેદા કીધેલી તમામ ચીજોને મોત વગરની કરૂં એ કીસમની જે મુરાદ પાદશાહ જમશીદ *અરશશંગ તથા આવાં અર્દવીસુર પાસથી ઉપર જણાવ્યા મુજબ ચાહી તવા એ મુરાદ એ બન્ને બાનુ ફરેસ્તાઓએ જમશીદને બખશી તે ઉપરથી ખુલ્લી રીતે એવું માલૅમ પડે છે કે તે પાદશાહના વખતમાં મોત હતું નહીં, અને વળી એજ પ્રમાણે વંદીદાદની બીજી પરગરદમાં પણ આવેલું છે કે જમશીદ પાદશાહના વખતમાં મોત હતું નહીં. આવી બીના વાંચીને ઘણાએક ભોળા જરથોસ્તીઓ વીચારમાં પડે છે, અને કેટલાક અણસમજુઓ પોતાની નાવાકેફીને લીધે એવી બીનાઓની હસી કરી તેવા ભોળાઓને ભમાવવામાં સવાબ તથા કીરતી સમજે છે.

જાણવું જે આ અવસ્તાના કલામોમાં પણ ઘણો ભેદ સમાયલો છે. અગર જો જમશીદના

---

* જેમ "આવાં યઝદ" (આબાન યઝદ) નો અર્થ (આબાન=પાણી, અને યઝદ=ફરેસ્તો) પાણી ઉપરનો મવક્કલ ફરેસ્તો થાય છે, તેમ "અરશશંગ" નો અર્થ (અશી=પવીત્રાઈ અથવા સચ્ચાઈ) પવીત્રાઇ અને સચ્ચાઇનો ગુણ ધરાવનાર ફરેસ્તો એમ થાય છે. આપણા દસતુર સાહેબો એનો અર્થ દોલત બખશનાર કરીને કહે છે તે ડા૦ હાઉગ નાપસંદ કરે છે, પણ એજ યસ્તના ૫૫ તથા ૫૬ માં ફકરામાં એવોજ અર્થ લેવો પડે છે.

વખતમાં જેને આપણે દેખીતું મોત સમજીએ છીએ તે જો ખરેખરૂં નહીંજ હતે તો તે વખતનાં માણસો આજે પણ વીસમી સદીમાં હેયાત હતે. માણસો આ દુનીઆમાંથી ગુજરી જાય છે તે દેખીતું મોત ખુદાઇ કાયદાથી નીપજે છે અને તે દેખીતાં મોતનો વીલાપ કરવા તથા તે બાએ ઘણી કુલાપોટ કરવાની જરથોસ્તી દીનમાં મનાઇ કીધેલી છે, જે વાત મરણ વખતે જરથોસ્તીઓમાં બીજા લોકોની માફક કાળો નહીં પણ સફેદ પોશાક પહેરવામાં આવે છે તે ઉપરથી સાબેત થાયછે. હવે અંગરેમેનીઉશ (શેતાન) મોત ભરેલો છે એવું અવસ્તામાં આવેલું છે તે મોત તે ખરેખરૂં શોક તથા માહેતમ કરવા જોગ છે. તે મોત આ ત્રણ પાંચ દહાડાની ઉછીની તથા સ્વપના સરખી દુનીઆની લોભ લાલચમાં ફસીને આપણ ખુદાની નાફરમાની કરી ગુનાહમાં ફસી શેતાનના ફરેબથી પેલી જેહાનનાં સદાના સુખને ભોગમાં આપીએ છીએ તે છે, અને તે અણદીઠ પણ ખરૂં મોત છે (યાને આ દુનીઆમાં ઘણું પાપ કરવાથી મુવા બાદ દોજખમાં દુઃખી થવું એ દુઃખ ભરેલું ખરૂં મોત છે, પણ આ જેહાનમાં સારાં કામ કરી મુવા બાદ બેહેશતનું સુખ ભોગવવું, યાને ખુદા સાથ મળી જવું, એ તે મોત નહીં પણ ખરૂં જાવેદાનનું સુખ છે). એજ પ્રમાણે જમશીદ પાદશાહના વખતમાં મોત નહીં હતું તેનું સમજવું એ જે તે

વેળાના લોકો ખુદાઇ રાહ ઉપર ચાલનારા તથા શેતાનના ફરેબને ધીક્કારનારા અશો હતા–જેઓ મુવા નહીં પણ સદા જીવ્યા, યાને દોજખના આજાબથી બચીને ફુલગુજાર થયા હતા.

---

## નવરોઝ અને પતેતી.

નવરોઝ (નવ=નવો અને રોઝ=દીવસ) એટલે નવો દીવસ, એટલે એક વરસ પુરૂં થયું અને બીજું નવું શરૂં થયું તેનો પેહેલો દીવસ; અને પતેતી એટલે પસ્તાવો, અથવા આખાં વરસમાં અંજાણપણે જે ગુનાહો થયા હોય તેને માટે પશેમાન થઇ ખુદા પાસે માફી માગી પસ્તાવો કરવાનો વરસનો છેલ્લો દીવસ, એવું એ બન્ને શબ્દોના અર્થ ઉપરથી માલમ પડે છે. હવે આપણે સાધારણ રીતે વરસોનાં વરસો થયાં જે દીવસને નવરોઝ તરીકે પાળીએ છીએ તે નવાં વરસનો નવો અથવા પેહેલો દીવસ નથી હોતો પણ તેથી ઉલટું ચાલતાં વરસનો છેલ્લો દીવસ હોય છે, યાને મુકતાદમાં પાંચમો ગહંબાર જે વરસનો છેલ્લો દીવસ છે અને જેને શબ્દોના અર્થ તરફ જોતાં પતેતી તરીકે ગણવો જોઇએ તેને આપણે "નારોજ" અથવા ખરી રીતે બોલતાં "નવરોઝ" તરીકે પાળીએ છીએ, અને નવાં વરસનો પેહેલો દીવસ જેને શબ્દના અર્થ તરફ

જોતાં નવરોઝ કહેવો જોઇએ તે દીવસને, આપણે પતેતી અથવા વરસના છેલ્લા દીવસ તરીકે ગણીએ છીએ. આવી રીતે જે શબ્દનો અર્થ "નવો દીવસ" થાય છે તેને આપણે વરસના છેલ્લા દીવસ તરીકે ગણીએ છીએ, અને જે શબ્દનો અર્થ "છેલ્લો દીવસ" થાય છે તે દીવસને આપણે નવાં વરસના પેહેલા દીવસ તરીકે ગણીએ છીએ. આ દેખીતી ઘણી ઉલટી વાત છે, પણ તેમાં ઘણો ભરમ સમાયલો છે, અને જે લોકો છેલ્લા ગાથાને પતેતી યાને ગુજરેલાં વરસના ગુનાહની માફી ચાહવાની પતેત પઢવાનો દીવસ ઠડાવવા માંગે છે તેમાં તેઓની ભુલ છે, કારણકે દીનને કાયદે પતેતીના અહુરમઝદ રોજનો સુરજ ઉગે તેની અગાઉ સુધીનો સઘળો વખત ગયાં સાલનો ગણાય છે તે પ્રમાણે છેલ્લા ગાથાને દીવસે પતેત પઢાય નહીં, કાંયજે તે આખો દીવસ બી જુનાં સાલનોજ ભાગ હોય છે, વાસ્તે આખું સાલ પુરૂં થયા પછીજ તે ગુજરેલાં સાલના ગુનાહની માફીની પતેત કરવી જોઇએ. વળી ગહંબારમાં, તેમાં અગત કરીને ગાથા ગહંબારમાં, પતેત કરવી રવા નથી એવું આપણા લોકો સમજે છે તે પ્રમાણે હાલ અહુરમઝદ રોજને પારસીઓ પતેતી યાને ગુજસ્તા સાલના ગુનાહોની માફીની પતેત પઢ-

વાનો દીવસ કરી કહે છે તથા ગણે છે તે વટતું તથા વાજબી છે, અને જે લોકો તેમાં સુધારો કરવાનું કહે છે તે વાતમાં તેમની પોતાનીજ ભુલ છે; વળી છેલ્લા ગાથાને જરથોસ્તીઓ નારોજ કહે છે તેનું કારણ એવું સમજાય છે કે પતેતીને દહાડે પહેરવાનાં કપડાં વગેરે એક દહાડો અગાઉ તૈયાર કરીને તેઓ મુકતાદ આગળ મેલે છે, અને તે મેલવામાં તેઓ એવું સમજે છે કે એ સઘળું દુનીઆઇ સુખ જે તેઓને મળે છે તે તેઓનાં ગુજરેલાં વડીલોનાં પુન પરતાબ તથા તેઓનાં રવાનોની દુવાથકી મળે છે. આ વાતમાં ખરા જરથોસ્તીઓની મોટી મરવતાઇ તથા હક શનાશી માલમ પડી આવે છે. હવે આ સઘળું છેલ્લા ગાથાના દીવસે યાને પતેતીની એક દહાડો અગાઉ તૈયાર કરે છે કે રવાને થનારાં રવાનોને નવાં વરસનાં કપડાં વગેરે અરપણ કરવામાં આવે, વાસ્તે એ નારોજ તે ગુજરેલાંઓનો, અને પતેતી તે જીવતાંઓની સમજવી.

---

# ભાગ બીજો—ભેદી ફરમાનો.

## નીરંગ અથવા તરો.

## પ્રકરણ પેહેલું
## નીરંગ લેવા વીશે.

મઝદીઅસની દીનનું ફરમાન છે કે દરેક જરથોસ્તીએ બામદાદમાં સુતેલા ઉઠીને તુરત કુસ્તી પબોડી *નીરંગ લેવો જોઇએ, અને જો નીરંગ લીધા વગર અવસ્તા પઢે તો બંદગીની અસર પુરતી થઇ શકે નહીં. હવે નીરંગ અથવા તરો ગાયનું અથવા બળદનું મુતર હોવાથી તેને અડકતાં યા હાથમાં લેતાં કહેવાતા સુધરેલા લોકનાં દીલમાં કમકમાટ ઉપજે છે, અને તરો લેતા દીનદાર લોકને તેઓ નજીસ કહી ધીક્કારે છે. અંગ્રેજી ફેશનની ખરૂં ખોટું સમજ્યા વગર હરેક રીતમાં નકલ કરનાર આ પારસીઓ જાણતા હશે કે બળદ અને ગાયનો તરો અને માણસની પેશાબમાં જમીન આસમાન જેટલો ફરક હોય છે. માણસનું મુતર જેટલું રોગીષ્ટ છે તેટલો ગાય, બળદ અને એ વગેરે

---

* જુઓ ફુટનોટ, પાનું ૩૪ મું.

ઘાસ તથા જરી બુટી ખાનારાં તમામ ગોસપંદનો તરે ફાયદાકારક હોય છે. માણસ મોટો ભાગ અનાજ, માંસ તથા માછલી ખાઇ પાણી પી રહે છે, અને ગોસપંદો ઝાડ પાલો, ઘાસ અને જરી બુટીની ઉપર પાણી પીતાં હોવાથી માણસનાં મુરતમાં જેટલી ગંધ અને દુર્ગુણ હોય છે તેટલી ગંધ ઝડિપાન ઉપર જીવનારાં પ્રાણીઓના તરામાં નહીં હોવા સાથ તે ઉલટું જરી બુટીના જોરથી ગુણકારૂં રહે છે, અને મારી આ દલીલના ટેકામાં હું એટલુંજ જણાવીશ કે માણસનું નરક જેમ વાસ મારે છે તેમ આ ગોસ્પંદોનું નરક, અથવા બરાબર બોલીએ તો તેમનુ છાન, વાસ મારતું નથી, પણ એથી ઉલટું સામું તે ઘણી રીતે તંદુરસ્તીના બાબમાં ઉપયોગી થઇ પડે છે: ગામડામાં અને નાનાં શહેરોમાં ઘરની જમીન ગાયનાં અથવા બળદનાં છાનથી લીપવામાં આવેછે, અને એજ છાનનાં સુકાયા પછી તેને બળતણ તરીકે લાકડાંની માફક બાળવામાં અને ત્યાર પછી વળી તેની રાખને પણ દાંત સાફ કરવાના ઉપયોગમાં લેવામાં આવે છે, જે ઉપરથી ખ્યાલ કરવો જોઇએ કે તે કેટલું ઉપયોગી છે. વળી કોઇ માણસના શરીર ઉપર જ્યારે કઉઅચ લાગે છે, અથવા સમુદ્રમાં નહાતાં "જેલી ફીશ" (જેલી જેવા પદાર્થની એક જાતની માછલી) લાગે છે ત્યારે જો તે કઉઅચવાળા અથવા માછલીને સ્પર્શ થયલા ભાગ ઉપર ગાયનું અથવા બળદનું છાન સારી રીતે મસળ્યું હોય તો

તુરત આરામ થાય છે તે ઉપરથી માલમ પડે છે કે છાનમાં કીડ મટાડવાનો, અગન નરમ પાડવાનો અને દરદી ભાગને સુજતો અટકાવવાનો ઉમદા ગુણ સમાયલો છે, જે માણુસના નરકમાં હોતો નથી. અને આવી રીતનો જે તફાવત માણસના નરકમાં અને ગોસ્પંદોના છાનમાં જોવામાં આવે છે તેવોજ તફાવત આ બન્ને પ્રાણીઓની પેશાબમાં પણ છે એમ, ઉપર જણાવેલાં કારણો ધ્યાનમાં લેતાં, કોઇ બી સાધારણ અક્કલનો માણસ કબુલ કર્યા વીના રહેશે નહીં.

હવે ત્યારે નીરંગને જે નજીસાઇભરેલું રૂપ આપવામાં આવે છે તે રૂપને તે લાયક નથી એટલું જાણવા પછી આપણે તપાસીએ કે—

(૧) નીરંગ લેવાનું ફરમાન છે કે રસમ છે?

(૨) જો ફરમાન હોય તો તે પેગમ્બર સાહેબ જરથોસ્તનું પોતાનું કે તેમની પછીના કોઈ બીજા દસ્તુરનું?

(૩) નીરંગ લેવાથી શું શું ફાયદા થાય છે?

(૪) નીરંગની ગરજ કોઇ બીજી વસ્તુથી સરે કે નહીં?

(૫) જો તે પેગમ્બર સાહેબનું ફરમાન નહીં હોય તો નીરંગ નહીં લેનાર શખ્સ પાપી ગણાય કે નહીં?

(૧) (૨) જાણવું જોઇએ જે નીરંગ લેવો એ કાંઇ રસમ નથી, મગર તે જરથોસ્તી દીનનું

ફરમાન છે, અને તેબી કોઇ દસ્તુરનું નહીં, પણ જરથોસ્તનું પોતાનું હોતું જોઇએ, કાંયજે દીનમાં દાખલ થનાર બેહદીને દીનની નીશાન જે સદરો તથા કુસ્તી છે તે પહેરીઆ આગમચ પહેલાં તેને નોહોન નહાતું પડે છે; વળી જે એરવદ ઈઓજદાથરેગરી (મોબેદી)નું કામ કરવાને લાયકનો બનવા માગે તેને પહેલાં બરસનુમ લેવાની ફરજ પડે છે; અને આ નોહોન તથા બરસનુમ જે દીનનો પહેલો પાયો ગણાય છે તેમની ક્રીયામાં નીરંગ મુખ્ય વસ્તુ છે. જરથોસ્તી દીનમાં નસાઓ, ગલીચી અને તેઓમાંથી નીપજતા મરજોથી પરહેજ રહેવાની તથા પવીત્રાઇ સંભાળવાની ઘણીજ તાકીદ ફરમાવેલી છે વાસ્તે *નસાઆલુદ માણસ તથા વસ્તુઓને પવીત્ર કરવા સારૂં પહેલાં તેઓનો નસો નીરંગથી દુર કરીને તે પછીજ તેઓને પાણીથી પવીત્ર કરવાનાં જે કેટલાંએક ફરમાનો વંદીદાદમાં બયાનવાર જણાવેલાં છે તે નીચે મુજબ છે:—

મુવેલું છોકરૂં જણનાર સ્ત્રીને નીરંગનાં ૩, ૬ અથવા ૯ ટીપાં રાખમાં ભેળીને તે પહેલાં ખાવાને આપવાનો હુકમ છે, અને તેનું કારણ પણ જણાવેલું છે કે છોકરૂં પેટમાં મુવું તેથી તે સ્ત્રીનું †જેહદાન દખમાં જેવું ગણાયું તેને ઉપલી રીતે પવીત્ર કરવું જોઇએ. વળી આ સ્ત્રીને નવ રાત

---

* અપવીત્ર. † ગર્ભસ્થાન.

પુરી થયા બાદ નાહીને ચોખ્ખી થવાને ફરમાવ્યું છે, પણ પાણીથી નહાવા આગમજ તે સ્ત્રીનાં આખાં તથા ખુલ્લાં શરીરને નીરંગ લગાડવાનો હુકમ છે (જુઓ પરગરદ પાંચમી, ફકરા ૧૪૭ થી ૧૫૦ અને ૧૫૯, તથા પરગરદ ૭મી, ફકરા ૧૬૨ થી ૧૬૫).

વળી મુડદાંને અભડાયલાં કપડાં ચોખ્ખાં કરવામાં પણ તેમને પાણીથી ધોયા આગમજ નીરંગથી ધોવાનાં ફરમાન છે, તેમાં વળી રૂનાં તથા ઉનનાં કપડાં બાબે જુદી જુદી રીત બતલાવી છે એટલુંજ નહીં, પણ તેવાં ચોખ્ખાં કરેલાં કપડાં પવીત્રાઇનાં કામમાં વાપરવાની મનાઇ ફરમાવેલી છે, અને તેઓને ફકત દસ્તાનવાળી સ્ત્રીનાં તથા બીજાં લોહી રસીનાં કામમાંજ વાપરવાની છુટ જણાવેલી છે (જુઓ પરગરદ ૭ મી, ફકરા ૩૫ તથા ૩૬ અને ૪૧ થી ૪૮).

મુડદાંથી અભડાયલાં વાસણો ચોખ્ખાં કરવામાં પણ પહેલાં તેમને નીરંગથી ધોવાને ફરમાવેલું છે, પણ તેવાં વાસણો જો માટીનાં, લાકડાંનાં અથવા સીસાંનાં હોય તો તેમને નીરંગથી ધોવા છતાંબી તેઓ પાક થઇ શકે નહીં વાસ્તે તેમને રદ બાતલ કરવાને ફરમાવેલું છે (જુઓ પરગરદ ૭ મી, ફકરા ૧૮૩ થી ૧૮૮).

માણસનાં અથવા કુતરાંનાં કાલબુદોને જે જરથોસ્તી અડકે છે તેને પાછો પાક કરવાનાં કામમાં

પણ પહેલાં નીરંગ લેવાને ફરમાવેલું છે, અને તેવી ક્રીયાઓની બે જુદી રીતો બતલાવેલી છે: યાને તે કાલબુદ જો જાનવરનું ખાધેલું હોય તો તેને અડકનારે પોતાનાં તનને પહેલાં નીરંગથી અને પછી પાણીથી ધોઇને ચોખ્ખું થવું, પણ તે કાલબુદ જો વગર કરડેલું હોય તો તેને અડકનાર ધણીએ બરસનુમ લઇને ચોખ્ખું થવું જોઇએ. બરસનુમ કેમ "લેવું" તેનું ખ્યાન જણાવેલું છે તેમાં નીરંગનો ઉપયોગ કરવાને વધારે તાકીદ ફરમાવેલી છે ( જુઓ પરગરદ ૮ મી, ફકરા ૧૧૧ થી ૧૩૦, તથા ફકરા ૨૭૧ થી ૨૯૯).

દસ્તાનવાળી સ્ત્રીને પાક થવામાં પણ પહેલાં નીરંગ ચોપડીને પછી પાણીથી નહાવાને ફરમાવેલું છે ( જુઓ પરગરદ ૧૬ મી, ફકરો ૨૭ મો ).

જરથોસ્તીઓ સવારમાં બીછાનાં ઉપરથી ઉઠતાંને વાર વસીદી કુસ્તી કરીને પહેલાં નીરંગ લેછે, અને નીરંગ લગાડયા પછીજ પાણીથી હાથ તથા મોઢું ધુવેછે તે પણ દીનની શરત મુજબ ઠડે છે; કાંયજે આખા દહાડામાં નસા નહીં જાળવનારા જુદદીનોને અડકનાર બેહદીન બામદાદે નીરંગ લીધા વીના જો પાણી વાપરે તો તેનો ગુનાહ સમજાવેલો છે ( જુઓ ઇરાની પતેતનો ફકરો ૮ મો તથા તેની નીચેની નોટ ).

(૩) નીરંગ તે શકતીવાળો એક ખાર છે. ઘાસ ચારો ખાનારાં પશુઓના તરામાં "એમોનીઆ"

( Ammonia ) તથા "યુરીઆ" ( Urea ) નામના બે ગુણકારક તત્વો હોય છે, જેઓ વૈદક-શાસ્ત્રમાં જણાવ્યા મુજબ શરીરની સુસ્તી તથા નબળાઈને તથા બેહોશીના મરજોને દફે કરવાના ફાયદા ધરાવે છે. વળી જેટલા ગુણો આ પશુઓના તરામાં હોયછે તેટલા માણસોની તથા બીજા માંસ ખાનારાં જાનવરોની પીશાબમાં હોતા નથી, અને વંદીદાદમાં નાધલાં ગોસપંદો તથા મોટાં ઢોરોનો 'નીરંગજ લેવાનું' અને માણસની પીશાબ નહીં લેવાનું ફરમાવેલું છે તેનું એબી એક કારણ ઠડે છે (જુઓ પરગરદ ૮ મી, ફકરા ૩૨ થી ૩૫ ). કહે છે કે હજરત મહમ્મદના વખતમાં અરબ લોકોમાં એક ઉડતો મરજ પેદા થયો હતો તેના ઇલાજમાં આ પેગમ્બરે તેઓને ઊંટડીનો નીરંગ પીવાને ફરમાવ્યું હતું. વળી એવું કહેવાયછે કે કેટલાંએક વરસ ઉપર ઇરાનમાં એક વેળા એક ઉડતો રોગ ફાટી નીકળ્યો હતો જેથી મુસલમીન, યાહુદી, અરમાની વગેરેની કોમવાળાઓને ઘણું ખમવું પડ્યું હતું, પણ તે નાપાક મરજની અસર જરથોસ્તીઓને લાગી નહીં હતી તેનું કારણ તે વેળા સર્વેએ એવું વીચાર્યું હતું કે જરથોસ્તીઓ નીરંગ વાપરે છે તેથી તેઓ બચ્યા હશે. વળી રગતપીતનો મરજ તથા બીજા લોહીના તથા ચામડીના મરજો બીજી કોમવાળા ગરીબોમાં જણાય છે એટલા ગરીબ પારસીઓમાં દીસતા નથી તે વાતમાં દીનની બીજી પવીત્રાઇઓમાં નીરંગબી

એક મદદગાર હોવો જોઇયે. વળી હરસના મરજ ઉપર નીરંગનું પહોળીયું ખુબ ચોળ્યા કીધું હોય તો તેથી આ દરદનું જોર નરમ પડી તે સારૂં પણ થાય છે, અને આપણા દેશી વૈદો કેટલાક મરજોને લગતી પોતાની દવા તથા ચુરણમાં ગાયના નીરંગનો ઘણો વધારે ઉપયોગ કરે છે તે વાત પણ ઘણાઓને માલમ હશે.

(૪) નીરંગની ગરજ બીજી કોઇપણ વસ્તુથી પુરતી રીતે સરી શકે નહીં, કારણ કે કોઇ ચીજમાં ચોક્કસ પ્રમાણમાં નીરંગના જેવો ગુણ હોય, પણ તેથી તે ચીજ ખુદ નીરંગનો ગુણ ધરાવે છે એમ કોઇથી કહેવાઈ શકાય નહીં.* પવીત્રાઇ તથા તંદુરસ્તીના બાબમાં

---

* "સદ દર" કેતાબના ૮૪ માં દરવાજામાં જણાવેલું છે કે:—

"જ્યારે બામદાદને વખત સુતો ઉઠે ત્યારે નીરંગ યા ઝાડનાં પાતરાંનો રસ યા હરેક ઓરવરનું પાણી કાઢીને હાથે, મોઢે તથા પગે ચોપડે. ત્યાર પછી બાજુ સુધી બેઉ હાથ તથા મોઢું, તથા ઘુંટી સુધી પગને ત્રણ વખત પાણીથી ધોવા, અને હાથ મોઢું ધોતી વખતે જે કાંઈ અવસ્તા 'ખશનોથર અહુરહે મઝદાઓ' છે તે પઢવી; અગર પાણી કોઈ જગો ઉપર નહીં મળી આવે તો ખાકથી હાથ મોઢું ધોવું રવા છે."

આ ઉપરથી માલમ પડે છે કે નીરંગને ઠેકાણે ઝાડનાં પાતરાંનો રસ ચાલી શકે, પણ જાણવું જોઈએ જે કોઈ તદન ઉજડ જગામાં સઘળી કોશેશ કરતાં નીરંગ નહીંજ મળી શકે તોજ ઝાડના રસનો ઉપયોગ કરવો, જેવી રીતે કે કોઇ વેળા ચોક્કસ સંજોગ વખતે પાણી નહીં મળી શકવાથી ખાકનો ઉપયોગ કરવામાં આવે છે તેમ.

જે ઉપયોગી તત્વો નીરંગમાં છે તે પીછાનનાર બુજર્ગવારને તેજ તત્વો બીજા પદાર્થમાંબી હોવાની ખબર નહીં હોય એવું માન્યામાં આવતું નથી, કારણકે તેની પુર ડહાપણ શકતી જરથોસ્તી ધર્મમાં જે ખુબી ભરેલાં ખ્યાનો આવેલાં છે અને જેની ખુબીઓ અત્યાર સુધીની શોધમાંથી સમજાતી જાય છે તેમાંથી માલમ પડે છે. હવે બીજી વગર સુગવાળી ચીજને પડતી મેલીને સત જરથોસ્તે નીરંગનેજ કાં પસંદ રાખ્યો એવો સવાલ ઉત્પન્ન થાય છે. આ વાતના ભેદમાં બેવડી ખુબી નજર આવે છે: પહેલી ખુબી એ કે જે ગુણકારક તત્વો જરથોસ્તી દીનની પવીત્રાઇના અનેક પ્રકારનાં કામોમાં નીતરોજ અને રાત દીસ આવે તે એવી રીતનાં પસંદ કરેલાં છે કે જેમ પાણી સરખી ઉમદા ચીજ મુફત મળે છે તથા લાચાર તથા ગરીબોનેબી સહેલાઇથી મળી શકે છે તેજ પ્રમાણે આ તત્વોબી વગર ખરચે અને સહેલાઇથી સર્વેને મળી શકે વાસ્તેજ બીજી વસ્તુને પડતી રાખીને નીરંગને પસંદ કરેલો જણાય છે; વળી ધર્મ કબુલ કરવામાં ઇમાન તથા એતેકાદની અને તેનાં ફરમાન બજા લાવવા સારૂ તાબેદારીની મુખ્ય અગત તથા જરૂર હોય છે—જેમકે હરેક બેગાનો પુરૂષ જો મુસલમીન થવા માગે તો તેણે પોતાની સુન્નત કરવાનું પહેલાં કબુલ કરવું જોઇએ. જો પેલો પુરૂષ ઢોંગી અને તેનું ઇમાન ખલલ ભર્યું હોય તો ફકત પોતાની ઠગાઇને ખાતર સુન્નત કરવાથી તે આચકો

ખાશે, પ્રણ તેનો એતેકાદ જો મજબુત હશે તો તે તે વાતથી પાછો હઠવાનો નથી. વળી ફ્રીમેસન થનાર ઉમેદવાર પોતે શાહેનશાહ હોય તોબી પહેલાં તેને લાચાર, પશુ તથા અજ્ઞાનપણાનો અને હીન-પસ્તી ભરેલો આકાર લઇ એક અદના પુરૂષ જે અગાઉથી ફ્રીમેસન થયલો હોય તેની આગળ ગુડણ મરડીને ઉભું રહેવું પડે છે, વાસ્તે તે દરજાવાળો પુરૂષ જો વગર એતેકાદે ફકત ફ્રીમેસનરીનો સાર લેવાની મતલબથી જાય તો એવી હીનપસ્તી કબુલ રાખવાને તેને કંટાલો છુટે. એજ પ્રમાણે જે પુરૂષ જરથોસ્તી ધર્મમાં દાખલ થવા માંગે તો તેણે પહેલાં નહાંન નાવું યાને નીરંગ ચોપડવો તથા પીવો જોઇએ, અને વગર એતેકાદવાળાને તેમ કરતાં સુગ લાગવાની, વાસ્તે નીરંગ તે ગોયા ઇમાન તથા એતેકાદ પારખવાની કસોટી પણ ઠડેછે.

(૫) છેલ્લા સવાલના ખુલાસામાં જાણવું જે નીરંગની ક્રીયાનાં ફરમાન અવસ્તામાંથી નહીંજ મળતે તોબી જરથોસ્તીઓથી એ ક્રીયા સહેલાઇથી છોડી શકાતે નહીં, અને અસલથી ચાલતા આવેલા રેવાજ મુજબ પણ તેને જારી રાખવી જોઇતે, કાંજે આપણને ચોક્કસ ખબર છે કે જરથોસ્તી દીનનાં ઘણાંએક દફતરો પરાગંદે થયાં છે, વાસ્તે ચાલુ ક્રીયાના દાખલા હાલના બચેલા અવસ્તામાંથી નહીંજ મળી આવે તોબી જરથોસ્તીઓની ફરજ છે કે પોતાના નેઆગાનોથી ચાલતા આવેલા રેવાજોનેબી

જાળવી રાખે, અને તેમને રદ કરવામાં ગુનાહ સમજે. આ વીચારના ટેકામાં આપણે એક ઘણો મોતેબર દાખલો લઇએ કે પારસી સ્ત્રી સુવાવડની વેળા ચાળીસ દીવસ સુધી દુર બેસે છે તે વીશેનું ફરમાન હાલના બચેલા અવસ્તાઓમાં જણાતું નથી તેટલાજ વાસ્તે આ રેવાજ અથવા દીનના હુકમને તોડવાની હુલડાઈ કરવી નહીં ઘટે. આ પરહેજીની ખુબી જોતાં તથા જરથોસ્તી ધર્મની બીજી પવીત્રાઈઓ ઉપર ધ્યાન પહોંચાડતાં આતે રેવાજ નહીં, પણ દીનનું ફરમાન હોવું જોઈએ એવું માનવું જોઇએ.

વળી "સદ દર" કેતાબના ૫૪ માં દરવાજામાં પણ ફરમાન છે કે:— "બામદાદને વખત સુતો ઉઠીને પેહેલો નીરંગ લીએ; પછી પાણીથી પાદીઆબ કરે, યાને હાથ મોઢું ધુવે; પછી સરોશ બાજ પઢે. અગર કોઇ શખસ નીરંગ લીધા વગર અવસ્તા પઢે તો તેનાં અવસ્તા ખુદાની દરગાહમાં કબુલ નહીં થાય."

વળી નીરંગના બીજા ઉપયોગ માટે એજ કેતાબના ૯૨ માં દરવાજામાં આવેલું છે કે:—

"જે ધાતુ નસાથી નાપાક થાય તેને નીરંગ તથા પાણીથી ધોઇ લેવી: સોનાને એક પાણીથી, રૂપાંને બે પાણીથી, કલઇ તથા પીતળને ત્રણ પાણીથી, લોઢાંને ચાર પાણીથી, (અને) પથરને

છ પાણીથી ધોઇ લેવું. અને જે કાંઇ લાકડું તથા ઠીકડું રીમન થયું હોય તેને કામમાં નહીં લાવવું-નાખી દેવું."

છેવટે વંદીદાદની ૧૯મી પરગરદમાં જણાવ્યા મુજબ નસા આલુદેહ માણુસ કેવી રીતે પાક થાય તે વીશે અહુરમઝદ તથા સપેન્તમાન જરથોસ્ત પેગમ્બર વચ્ચે થયલી વાતચીત જણાવી આપણે આ બાબદ ખતમ કરીશું.

## (અવસ્તા.)

"પેરેસદ જરથોસતરો અહુરેમજદાંમ વીસપો વીદુઆઉ અહુરમજદ અખ્રફનો અહે અબંધો તુમ ઇઓ અહુરેમજદાઉ વહુ મનો હાંમ રયેવીએતે વહુમનો પેતેરયેવીએતે હચ અઉઅંધાદ તનુઅદ ઇઅદ દેઉઓ જતીઆઉ દેઉઓ હાંમ રયેવીએતે બુએતે વહુમનો-ઇઓજદાતો.

## (અર્થ.)

પુછ્યું જરથોસ્તે અહુરમઝદને કે-અય અહુરમઝદ, સઘળી આગાહીનો ખાવીંદ, સદા જાગતો અને બીન મસ્ત, જે ભલી મનશનીનો મરદ હમરીદ થાય અને જે ભલી મનશનીનો મરદ તે હરેક કોઇનાં તનને દેવની આલુદગી પહોંચવાથી પતરીત થાય, અથવા દેવની આલુદગીથી હમરીદ થાય તે ભલી મનશનીનો મરદ કેમ પવીત્ર થાય?

(અવસ્તા.)

આઆદ મરોદ ગોમેજેમ અઇઓએશ જરથોશતર ગોમ પેરે ઉખશાનેમ બખેદરેમ દ્રાએતીઓ કેરેતેમ.

(અર્થ.)

એ રવેસે કહ્યું (અહુરમઝદે) કે—અય જરથોસ્ત્ર, દીનની રાહે કીધેલા, વગર ખસી કીધેલા, જવાન ગાવનો નીરંગ ચાહ (યાને વરસીઆનો નીરંગ લે).

(અવસ્તા.)

ઈઓજદાતો ફ્રબરોએશ જામ પેતે અહુરદાતામ.

(અર્થ.)

અને અહુરમઝદની પેદા કરેલી બાલાતર જમીન (બરસનુમગાહ) ઉપર ઇઓજદાથરેગરને લઈ જા.

(અવસ્તા.)

નઉઅ વી બાજુઅ દરાજો.

(અર્થ.)

નવ જુદી બાજુની લંબાઇ જેટલો (એટલે નવ વામ લાંબો પહોળો બરસનુમગાહ જંગલમાં કરે).

(અવસ્તા.)

પેરેકેરેશેમ પેરેકેરેસોએશ અએશો ના ઇઓ ઇઓજદાથરીઓ.

( અર્થ. )

તેની આસપાસ કશ ખેંચવામાં તે ઇઓજ-દાથરેગર મરદ કશ ખેંચે.

( અવસ્તા. )

સતેમ અશો સતોતનામ ઉપ સતોએશ• અશેમ વોહુ.

( અર્થ. )

સો મરતબે સવાબની સેતાએશ કરે ( એટલે સો અશેમ વોહુ પઢે ).

( અવસ્તા. )

એજુઅદ અહોનેમ વેરીમ ફરશારાઉઇઓશ.

( અર્થ. )

બસો યથા અહુ વઈરિયો પઢે.

( અવસ્તા. )

ચતોર ફરશનેન ફરશના ઉઇઓએશ ગોમેજેમ ગઉઓ દાએતીઆઉ એશ આપેમ મજદ દાએતીઆઉ.

( અર્થ. )

ચાર મરતબે ગાવના આપેલા નીરંગે બદનને ખુબ ધોય, અને બીજી મરતબે અહુરમઝદનાં આપેલાં પાણીએ ખુબ ધોય.

(અવસ્તા.)

ઇઓજદાત બોન વહુમનો ઇઓજદાત બોન મંશીઓ.

( અર્થ. )

પાક થાય બહેતર મનશનીનો મરદ અને પાક થાય રીમની અને આલુદેહ થયલો મરદ."

આ ઉપરથી પણ સાફ માલમ પડે છે કે કોઇબી રીતે નાપાક હાલતમાં આવી પડેલા શખસને પવીત્ર કરવાની ક્રીયામાં નીરંગ લેવાનું ફરમાન ખુદ અહુરમઝદનું પોતાનું છે, અને એવી રીતે નીરંગનો ઉપયોગ નહીં કરવામાં આવે તો બેશક તે શખસ ખુદાનો ગુનેહગાર* થાય.

*વંદીદાદની જુદી જુદી પરગરદમાંથી નીરંગ વીશે ટાંકેલા જુદા જુદા ફકરાઓથી હવે વાંચનારની ખાત્રી થવી જોઇએ કે:—

---

* જે લોકો વંદીદાદને અસલ ધર્મ પુસ્તક નહીં ગણતાં તેમાં પાછળથી ઘણા ફેરફાર કરવામાં આવ્યા છે એવું જણાવી તે ઉપર ભરોસો મુકવા ના કહે છે તેઓએ જાણવું જોઇએ જે—

"વંદીદાદ શ્રી ઇરાનમાં નામીચા પાદશાહ ગુસતાસ્પના વખતમાં તથા તેના જમાના પછી લાંબી મુદતવેર જરથોસ્તી લોકોની પાસે અસલ પ્રમાણે સલામત અને કાયમ હતો અને હજુ સુધી તે કાયમ અને સહી છે તે હેઠલ કહેલી મોતેબર સાક્ષીઓથી માલમ પડી આવશે:—

(૧) નીરંગ લેવા માટે અવસ્તામાં તાકીદ ભરેલું ફરમાન છે, અને નહીં કે તે એક રસમ છે.

(૨) આ ફરમાન ખુદ અશો જરથોસ્ત પેગમ્બરનું છે, અને નહીં કે કોઇ બીજા દસ્તુરનું.

---

(૧) કેતાબ એક 'સાએશ નાસાએસ' નામની કે જે પાદશાહ ગુસતાસ્પના જમાનામાં પેગમ્બર હજરત જરથોસ્તના સાગેરદો મેદીઓમાહ તથા રોશન તથા બીજા સાગેરદોએ પહેલવી જુબાનમાં બનાવી છે તેની શરૂઆતમાં તે મોતેબર કેતાબના જોડનારા બુજોર્ગ ધણીઓ આ રીતે બોલે છે કે 'એ કેતાબમાં જે કાંઇ હમે લખ્યું છે તે વંદીવાદના અવસ્તા ઉપરથી લખ્યું છે.' જાણવું જે એ કેતાબ આશરે (આજથી) ૨,૪૫૦ વરસ ઉપર બનેલી છે, અને તે કેતાબ જે વેળાએ પારસી લોકો પોતાનું પુરાતન વતન શ્રી ઈરાન છોડીને હીન્દુસ્તાન તરફ આવ્યા તે વેળાએ દીનનાં બીજાં પુસ્તકો સાથે લેતા આવ્યા હતા તે હવડાં સુધી દસ્તુરોની પાસે મોજુદ છે.

(૨) શ્રી ઇરાનના પાદશાહ અરદેસર બાબકાન કે જે આશરે ૧,૬૭૫ વરસ ઉપર અથવા ઇ૦ સ૦ ૨૨૬માં આગલા સાસાની પાદશાહોના તખત ઉપર બેઠો હતો અને જેણે મઝદીઅસની દીન નવેસરથી તાજી કરી હતી તેના જમાનામાં નામીચા અને મોટા વીદ્વાન તથા પાક દસ્તુર અરદાએ વીરાફના ફરમાવ્યાથી તેના સાગેરદોએ અસલ પહેલવી જુબાનમાં વીરાફનામું બનાવ્યું છે તે મોતેબર અને પુરાતન વખતનાં કીમતી પુસ્તકમાંથી એક બીજો મજબુત દાખલો વંદીદાદની સચ્ચાઇ તથા તેનાં કાયમપણા વીશેનો હેહલ ઉતારી લીધો છે.

(૩) નીરંગ લેવાથી નબળાઇ, બેહોશી, રગતપીત, કોડ, ખુજલી, હરસ અને એ વગેરે બીજા ચેપી ઉડતા રોગો નીંરગ લેનાર શખસ ઉપર બીજા લોકની માફક સહેલાઇથી ગલબો કરી શકતા નથી.

---

## અરદાએ વીરાફના સાગેરદોના અસલ પહેલવી જબાનમાં બનાવેલાં વીરાફનામાં મધેની પહેલવી એબારત.

વ પવન વસતરગ અરમુદ વરમનસા દીને દરતુબરાં વા હફ્ત ખાતેમનાં હફ્ત જોંમ વ સવાંન પોવન આતશ હમેશે શુબાક વ બોએ વજોરે વ નીરંગદીની વ અવસ્તાઓ જંદ બ નાંજમતુનંનદ વ તુશક્ ઇઆ જબહુનીદ વ ગાશાન શરોદ.

( અર્થ. )

( વીરાફે ) બીછાના ઉપર ખાબ કીધો અને તેની દીનના દસ્તુરો તથા તેની સાત બેનો સાત દહાડા અને સાત રાત આતશ જે હમેશાં રોશન હતો તેની નજદીક તમામ ખુશબોઈ મુકવા સાથ અને તમામ દીનની ક્રીયા સાથ અવસ્તાઓ જંદ પઢતા હતા અને નુસ્કને (વંદીદાદને) ઇંજતા હતા, અને એ રીવાય તમામ અવસ્તાબી પઢતા હતા.

ઉપર કહેલી કેતાબ કે જે ગયાં ૧,૬૭૫ વરસ ઉપર પહેલવી જુબાનમાં બની હતી, અને તેમાંની કેતાબો હાલમાં પારસીઓના દસ્તુર પાસે મોજુદ છે તેમાં ખુલ્લી રીતે લખે છે કે જરથોસ્તી મહજબના દસ્તુરો ‘ તમામ દીનની ક્રીયા સાથે જંદ અવસ્તા પઢતા હતા તથા નુસ્ક

(૪) નીરંગને બદલે બીજી કોઇ વસ્તુનો ઉપયોગ થઇ શકે નહીં, કારણુ કે દરદને દફે કરવાનાં જે તત્વો નીરંગમાં સમાયલાં છે તે બીજી કોઇ તેટલીંજ સહેલાઇથી મળી શકતી ચીજમાં ભેળતાં નથી. વળી જરથોસ્તીમાં ખપતા એક જરથોસ્તીનું પુરેપુરૂં એકીન પોતાના નમ્રતા શીખવનાર ધર્મ ઉપર છે કે નહીં તે પારખવા માટે નીરંગ તે ગોયા એક પહેલા નંબરની ખરાંખોટાં મનની કસોઠી છે, યાને બીજા શબ્દામાં બોલીએતો જરથોસ્તી ધર્મમાં દાખલ થવાની પરીક્ષામાં ફતેહમંદ નીવડવા માટે ઉમેદવારે પસાર કરવો જોઇતો વીષય તે નીરંગ છે.

(૫) નીરંગ લેવાનું ફરમાન એક બારગી અવસ્તામાંથી નહીં પણ મળી શકતે તોપણ તે રેવાજ પ્રમાણે નહીં લેવાથી એક જરથોસ્તી ગુનાહભરેલી રીતે વર્તે છે એમ કહી શકાય, કારણુ કે જે ૨૧ નુસ્કો પેગમ્બર સાહેબ ખુદાતાલા તરફથી લાવ્યા હતા અને જેમાના ઘણાઓનો સીકંદર પાદશાહ તથા તેની પછીના મુસલમાનોએ નાશ કીધો તેમાં નીરંગ બાબેનું ફરમાન હોવું

---

( એટલે જે વંદીદાદ ) ઇંજતા હતા,' માટે એ બીજી પુરાતન શાક્ષીથીબી સાબેત થાય છે કે ૧,૬૭૫ વરસ ઉપર જરથોસ્તી લોકો પાસે વંદીદાદ તથા જંદ અવસ્તાનાં બીજાં નુસ્કો હતાં તેમાં કશો સંદેહ નથી."

જોઇએ એમ આપણે ખરી અટકળથી કહી શકીએ— જેવી રીતે કે અવસ્તામાંથી સુવાવડનાં ચાળીસાં તથા સગદીદ વીશે ફરમાન નહીં મળવા છતાં આ રસમો હજારો વરસ થયાં પાળવામાં આવે છે તે ઉપરથી એવાં અનુમાન ઉપર આવી શકાય છે કે નાશ પામેલાં કોઈબી નુસ્કમાં એ બાબે ફરમાનો આવેલાં જોઇએ, કારણ કે આ ચીજો ફક્ત રસમ યાને રેવાજ હોય અથવા કોઇ બીજા દસ્તુરનાં ફરમાનો હોય તો તેમને દરેકે દરેક પારસી અસલના વખતથી તે અત્યાર સુધી પાળે નહીં, પણ તેમાં અગાઉથીજ મતફેર માલમ પડવો જોઇતો હતો, અને પુરાતન વખતથી ચાલતા આવેલા કોઇબી ધર્મના રેવાજને સમજયા વગર બાજુએ મુકવો તે ગોયા એક જાતનો ગુનાહ કરવા બરોબર છે.

(૬) નીરંગ લીધા વગરની કીધેલી બંદગી ખુદાની દરગાહમાં જરથોસ્તીએ કીધેલી બંદગી તરીકે કબુલ થઈ શકે નહીં, કારણ કે "જરથોસ્તી" શબ્દ જેને લાગુ પડયો તેને નીરંગ સંબંધી પરીક્ષા પસાર કરી નમ્રતા હાંસલ કીધેલીજ હોવી જોઇએ.

આટલું વીવેચન અને આટલી દલીલો રજુ કીધા પછી સેવક આશા રાખે છે કે મઝદીઅસની જરથોસ્તી દીન પાળનારાં નેક બાનુઓ અને ગ્રહસ્થો પોતાના મનમાંથી નીરંગ વીશે સઘળો ખોટો ખ્યાલ તર્ક કરી ખુદ પોતાની તંદુરસ્તી અને

પોતાનાં ભલાંને ખાતર હરરોજ ખામદાદમાં ઉઠતાં-
ને વાર બીછાનાની નજદીક કુસ્તી પખારી નીરંગ
લીધા વીના કાંઇબી કામ કરવું સજાવાર ગણશે નહીં.

---

## પ્રકરણ બીજું.

## નીરંગ પીવા વીશે.

નીરંગ લેવો તેના કરતાં નીરંગ પીવો એ વીચાર બહારની નજરથી જોકે વધારે સુગ ઉત્પન્ન કરનારો છે, પણ નીરંગ લેવાની ફીલસુફીમાં જે ખુબી સમાઇ છે તે સમજયા પછી જાણવું જોઇએ જે નોહોન નાતી વેળા જે નીરંગ આપણે પીએ છીએ તેને સાધારણ આપણે દરરોજ હાથ ઉપર લઈએ છીએ તેવો સમજવાની ભુલ કરવી નહીં. આ નીરંગ પાક આતશ બહેરામમાં રાખેલા પવીત્ર વરસીઆનો હોય છે, અને તેને "નીરંગદીન" નામની કેટલાએક દીવસો સુધી ચાલતી ઉત્તમ પ્રકારની ધર્મની પાક મોતેબર ક્રીયાથી ફીલસુફીભરેલી રીતે તૈયાર કરવામાં આવે છે, અને એટલુંજ જણાવવું બસ થશે કે આવી રીતે "નીરંગદીન" ની ક્રીયાથી તૈયાર કીધેલો નીંરગ પાકીજીથી બાટલીમાં ભરી રાખયો હોય તો વરસો સુધી તે જેવો ને તેવો રહે છે, તેમાં કોઇ પણ જાતના જીવ પેદા

થઈ શકતા નથી એટલુંજ નહીં પણ તે જરાબી વાસ મારતો નથી, અને તેના સ્વાદ અને ગુણમાં કાંઇ પણ ઘટાડો થતો નથી, જે ઉપરથી સાબેત થાય છે કે જરથોસ્તી ધર્મની ક્રીયા અને ભણતર આગળ અહેરેમનનું કાંઇ પણ ચાલી શકતું નથી.

આપણે ઉપર વાંચી ગયા કે હજરત મહમદના વખતમાં અરબ લોકમાં એક ઉડતો રોગ ફાટી નીકળ્યો જેના ઇલાજમાં તેણે તે લોકોને ઉંટડીનો તરો પીવા ફરમાવ્યું. હવે જ્યારે એક ભયંકર ઉડતા રોગ ઉપર ઉંટનો સાધારણ તરો અકસીર હોય છે તો ઝંદ અવસ્તાના ઉત્તમ કલામના જોરથી પરહેજગાર મોબેદોએ ભલી જરથોસ્તી દીનની પાક "નીરંગદીન"ની ભેદી ક્રીયાથી તૈયાર કીધેલા એજમતી નીરંગમાં કેટલું બળ હોવું જોઇએ તેનો ખ્યાલ વાંચનારેજ કરી લેવો. અને એજ પ્રમાણે જ્યારે રગતપીત, કોડ, ખુજલી અને હરસ જેવા રોગો ફકત બહારથી સાધારણ ગાય અથવા બળદનો સાધારણ તરો ચોપડવાથી દફે થાય છે તો "નીરંગદીન" જેવી પવીત્ર ક્રીયાના જોરથી બનાવેલો પાક વરસીઆનો ખાસ નીરંગ શરીરની અંદર જવાથી તંદુરસ્તીના બાબમાં કેટલો ગુણકારો હોવો જોઇએ તે તપાસવાનું કામ પણ હું વાંચનારનીજ મુનસફી ઉપર સોપું છું.

વળી જે લોકો આવી રીતનો "નીરંગદીન"ની ક્રીયાનો નીરંગ પીવામાં કોઇ પણ જાતનું હલકું

સમજતા હોય તેમને એટલુંજ જણાવવું બસ થશે કે અખતરા દાખલ એક મોબેદને નીરંગ પાયા વગર તેને બરસનુમ આપી મોબેદી કરવા લાયકનો સમજો, અને ત્યાર પછી તેની પાસે ધર્મની એક એવી બારીક ક્રીયા કરાવો કે જો તે મોબેદથી બરસનુમ લીધું ત્યારથી તે પેલી ક્રીયાની આખેરી સુધી કોઇબી જાતની જરાપણ ગફલત થઇ હોય તો ધારેલી અસર થઇ શકે નહીં, અને પછી તેજ મોબેદને નીરંગ પાઇ બરસનુમ આપી તેજ ક્રીયા તેની પાસ ફરીથી કરાવો અને નતીજો શું આવે છે તે જુઓ.

"નીરંગદીન"ની અને ઘેસારણાની એ ક્રીયાઓ જરથોસ્તી દીનના મોજેજાના જીવતા દાખલાઓ અત્યાર સુધી ગણાય છે, અને તે એટલા માટે કે જો આ કોઇબી ક્રીયામાં કાંઇ જરાપણ ભુલચુક થઇ ગઇ હોય તો જે ચીજ ઉપર ક્રીયા કરવામાં આવી હોય તે ચીજ (નીરંગ અથવા રૂઆન) વાસ મારી આવે છે.

નીરંગ પીતી વેળા મનમાં હીનપસ્તી જેવું લાગે છે, અને તેટલાજ કારણસર જરથોસ્તી દીનમાં તેનું ફરમાન છે, કારણ કે મનમાંથી અહંકાર, અભીમાની, તોછડાઇ, તકબ્બરી એ સઘળા દુર્ગુણો જડમુળથી નાબુદ થયા છે કે નહીં તે પારખવાની આ એક ચોક્કસ જાતની કસોટી છે,

એમ તેટલાજ માટે જરથોસ્તી દીનમાં દાખલ થવા માટે કોઇ શખસ પુરતી લાયકાત ધરાવે છે કે નહીં તે વીશે તેના મનની તપાસ નોરંગથી થઇ શકે છે, અને જરથોસ્તી કહેવાતાં છતાં જો કોઇ શખસ આ સૌથી પહેલાંજ ફરમાનનો અભીમાંમથી તર્ક કરે તો તે બાતેનમાં ખરો જરથોસ્તી નથી પણ જરથોસ્તી હોવાનું ખાલી બહારથી ડોળ ઘાલે છે એમ તુરત જણાઇ આવે છે. વળી જરથોસ્તી દીન ખુદાતાલાની પોતાની પસંદગીની છે, અને તે દીનમાં દાખલ થવા માટે નક્કી કીધેલાં સૌથી પહેલાં ફરમાનને માન નહીં આપવુ તે ગોયા ખુદ અહુરમઝદ તરફ નાફરમાની કરવા બરોબર છે.

---

## શુદરેહ કુસ્તી.

મઝદયસ્નની એટલે એક ખુદાને માનનારી દીન હમેશાં ખરો રસ્તો સુચવનારી છે, અને આ ભલી દીન અખત્યાર કરનાર શખસે પોતાની જીંદગી હમેશાં ખરેજ રસ્તે ગુજારવી જોઇએ તેની યાદ તેના દીલમાં હમેશાં તાજી રહે તેટલા માટે તેને ફરમાન છે કે તેને હમેશાં પોતાનાં શરીર ઉપર "સદરો," અથવા બરાબર બોલીએ તો "શુદરેહ" (શુદ=સાચો, અને રેહ=રસ્તો), યાને એક જાતની ફીલસુફી ભરેલી રીતે પસંદ કીધેલી સચ્ચા-

ઇની રાહ ઉપર ચાલવા માટે સમજણ આપનારી ભેદી નીશાની, હરદમ એકીનથી મરતાં સુધી જાળવી રાખવી જોઇએ; અને એવીજ રીતે કુસ્તી, એટલે અહુરમઝદ અને તેની પસંદ કીધેલી દીનની સેવા બજાવવા ખાતર હમેશાં તૈયાર રેહેવા માટે એક જાતનો ભેદ ભરેલી રીતે પસંદ કીધેલો કરાર-બંદ, હરદમ કમર ઉપર બાંધી રાખવાનું ફરમાન આપણને સુચવે છે કે જો કોઇબી શખસના શરીર ઉપર આ બે ભેદી ચીજો જોવામાં નહીં આવે તો તેને જરથોસ્તી તરીકે પીછાનવો નહીં, અને જરથોસ્તી કહેવાતાં છતાં જો કોઇ શખસ શુદરેહ કુસ્તી નહીં પહેરે, અથવા રમત ગમત ખાતર તેનો સેહેજબી વાર ત્યાગ કરે, તો તે પોતાની દીનનો દુશમન બની તે દીનના પેગમ્બર તથા તે પેગમ્બરને પસંદ કરનાર ખુદ અહુરમઝદ તરફ નાલાયકીથી વર્તી એ બાબદ સંબંધી પોતે ઘણું સમજે છે એમ પોતાના મનમાં સમજવા છતાં તે વીશે તે કેટલુ પોકું જ્ઞાન ધરાવે છે તે પોતાના હાથે દખાડી આપે છે.

શાહનામાં પ્રમાણે એક વખત સરોશ યઝદે જમશીદ પાદશાહના તખત આગળ આવી પોતાના શરીર ઉપરનો શુદરેહ કુસ્તી બતાવી તેને પોતાની મીનો-પસંદ દીન તાજી કરવા ફરમાવ્યું, અને પાક દીનનો પાયો પણ સરોશ યઝદ ઉપરજ હોવાથી જમશીદે મુળ સરોશની દીન બધી દીન કરતાં બરતર જોઇ તેથી પોતે પરહેજગાર લોકના

પંથેમાં રહી પોતાની રૈયતમાંના સઘળા દીનદારોને પણ તેમ કરવાની ફરજ પાડી, અને ત્યારથી બધા દીનદારો એકસરખી રીતે શુદરેહ કુસ્તી પહેરે છે.

શુદરેહ સફેદ કપડાંનો અને કુસ્તી સફેદ ઉનની હોય છે. આ સફેદાઈની મુરાદ અશોઇ, પવીત્રાઇ, ખાલેશાઇ અને સફાઈની છે; યાને આ ખુબીઓ પ્રમાણે જરથોસ્તીઓએ રહેવું જોઇએ. ખરા શુદરેહને તીરી સુધાં નવ* સાંધા હોય છે. શુદરેહને આગો-

---

*જરથોસ્તી ધર્મમાં ૯ નો આંકડો ઘણો બુઝોર્ગ ગણાય છે: જરથોસ્તીઓનો શુદરેહ તીરી સુધાં ૯ સાંધાનો હોય છે; તેઓ દરૂન ઉપર ૯ કાપા પાડે છે; તેઓનુ બરસનુમ ૯ રાતનું હોય છે; તેમના બરસનુમ-ગાહમાં ૯ તબક્કા હોય છે; તેમની નીરંગ લેવાની ચમચા-વાળી લાકડી ૯ ગાંઠની હોય છે; તેમની હોમ ગાળવાની ચાળણી ૯ સુરાખની હોય છે; તેઓની સગડીમાંથી ધોશની બહાર જવાને જડેલી લાદીમાં ૯ સુરાખ હોય છે; કુદરતના ભેદથી બચ્ચાંનો જન્મ પણ ૯ માસે થાય છે; સ્પેન્તમાનનાં અશો પરહેજગાર ખાનદાનમાં પેગમ્બર સાહેબ અશો જરથોસ્ત પણ ૯ મી ઓલાદે આવ્યા હતા; અને વળી પારસીઓનું છુપું નામ પણ "નવ" કરી બોલવામાં આવે છે. આ બુઝોર્ગીનું એક એવું કારણ જણાવવામાં આવે છે કે એકથી તે નવ સુધીના કોઈબી એક અથવા ગમે તેટલી અનુક્રમે સામટી રકમ સાથ જો ૯ આંકડાનો ગુણાકાર કરવામાં આવે અને પછી તે ગુણાકારના જવાબનો સરવાળો કરવામાં આવે તો તે સરવાળાનો જવાબ પણ ૯ આવે છે: જેમકે ૩ × ૯=૨૭

પીછો હોય છે તેથી મુરાદ એ કે પોતાથી બુઝોર્ગોને બુઝોર્ગી આપવી અને ઉતરતાઓની બરદાસ્ત કરવી. શુદરેહની બાંહેને ડુમકી હોય છે તેથી હાથ ખુલ્લા રહે છે તેની મતલબ એ કે આળશાઇ, હરામખોરી તથા ખંદઇ નહીં કરવી, પણ જેમ આપણે કોઇ

---

એટલે ૨+૭=૯; ૧૫×૯=૧૩૫ એટલે ૧+૩+૫=૯; ૩૫૮×૯=૩૨૨૨ એટલે ૩+૨+૨+૨=૯; ૧૨૩૪૫૬-૭૮૯×૯=૧૧૧૧૧૧૧૧૦૧ એટલે ૧+૧+૧+૧+૧+૧+૧+૧+૦+૧=૯; અને આ પ્રમાણે કોઇબી રીતે ઉપર જણાવ્યા મુજબ કરવાથી ગુણાકારના જવાબનો સરવાળો હમેશાં ૯ આવશે. આ ભેદની સમજણ એવી બતલાવવામાં આવે છે જે જેમ ૯ નો આંકડો બીજા આંકડાઓ સાથ ગુણાયાથી આકાર બદલે છે ખરો, પણ તે બદલાયલા આકારનો સરવાળો પાછો ૯ જ થાય છે, તેમ ઇનસાનની કાયા જે આ દુનીઆઇ પદાર્થોની બનેલી છે તે જીવના જોરથી જુદું જુદું રૂપ ધારણ કરે છે ખરી, પણ જીવ નીકળી ગયા પછી પાછું તે અસલ ખાકનુંજ રૂપ ધારણ કરે છે, જે ઉપરથી એવું માલમ પડે છે કે ૯ ના આંકડાને ખાક યાને ઈનસાનની કાયા સાથ સરખાવેલો છે અને બીજા આંકડાઓ જે ૯ ની સાથ ગુણાઈને તેને જુદું જુદું રૂપ આપે છે તેમની સરખામણી જુદા જુદા જીવ સાથ કરેલી જોવામાં આવે છે, માટે આ પણ ખરૂં છે કે જુદી જુદી રકમનો ૯ આંકડા સાથનો ગુણાકાર જેમ આખરે ૯ નોજ આકાર ધરે છે તેમ જુદી જુદી સ્થીતીવાળા માનવીઓ પણ પૈસાનો બહારનો તફાવત છતાં જીવ નીકળી ગયા પછી આખરે "નવ" યાને ખાક છે.

કામ બરાબર કરવા માટે બાંહે ચઢાવીને મંડી જઇએ છીએ તેમ ઉદ્યોગથી અને કોશેશથીજ રોજી પેદા કરવી. શુદરેહનુ ગીરેબાન હોય છે જે શુદરેહ પહેર્યાથી છાતી ઉપર લટકે છે જેને "ખીસે-એ-કેરફ" યાને સવાબનું ગજવું કરીનેબી કહે છે. આ ગીરેબાનની મતલબ એ કે જેમ હરેક પુરૂષ એક ઇમારત બાંધવા ધારી પહેલાં તેનો નકશો કરાવે અને તે નકશો એક પેટીમાં મેલી તે પેટીની કુંચી પોતાનાં ગજવામાં રાખે તેમ પેલી જેહાનની ઇમારત (બહેશ્તની જગા) નો નકશો મુકવાની પેટીની કુંચી રાખવાનું ગજવું અથવા કોથળો તે ગીરેબાન જાણવું. એનો વધારે ખુલાસો એ કે ગીરેબાન જોતાંજ કુંચો તથા પેટી તથા નકશા અને તે ઉપરથી પેલી જેહાનની ઇમારત ઉપર ધ્યાન દોડાવવું. ગીરેબાન છાતી ઉપર લટકાવવાથી મુરાદ એ કે દીનનાં ખુબી ભરેલાં ફરમાનો છાતીમાં કોતરી રાખી તેને વીસરવાં નહીં.

કુસ્તી ગોસ્પંદના ઉનની હોય છે તેની મુરાદ એ જે આ જાનવર બાપડું નીરદોષ તથા નીરઅપરાધી પશુ હોય છે વાસ્તે કુસ્તી બાંધનારને તેવી ખુબીઓ અખત્યાર કરવો ઘટે. કુસ્તી ઉનનાં રૂવાંને કાંતી તેના તારોની બનાવે છે તેમાંથી સમજવું એ જે બારીક તથા મોટી મળીને ૭૨,૦૦૦ રગોથી માણસ બનેલું કહેવાય છે, અને આ દુનીઆ પણ ઘણીક બારીક

કરચોથી બનેલી છે. કુસ્તીના તાર કુલ્લે ૭૨ હોયછે તે ખુદાતાલાનાં એક રીતે કહેવાતાં ૭૨ નામનો ઇસારો છે. આ ૭૨ તારને પહેલાં ૬ ૬ તારને જુદા વણી તેના ૧૨ ભાગ કરે છે, અને તે ૧૨ ભાગને એક બીજા સાથ ગુંથીને તેની કુસ્તી બનાવે છે. આ ૬ તારની મુરાદ તે જમણી, ડાબી, સામી, પાછલી, ઉપલી તથા નીચલી મળીને ૬ દીશાની, યાને ખુદાતાલા સર્વે જગાએ હાજર છે તેની છે. ૧૨ ભાગ તે ૧૨ *બુરજની નીશાન બતલાવે છે. કુસ્તીને વણીઆ બાદ ઉથલાવે છે તેથી મુરાદ એ છે કે આપણુ અસલ પેલી જેહાનનાં રહેવાસી આ દુનીઆમાં પરદેશી દાખલ આવો પડીઆ છીએ. કુસ્તી ઉથલાવ્યા બાદ તેને ગાંઠ મારીને તેના નર

---

* ગયોમરદે નક્ષત્ર વરસને બદલે આફતાબી સાલ ચલાવ્યું તેથી રાશીચક્ર ( twelve signs of the Zodiac ) ના નમુને કુસ્તી બનાવવામાં આવી, અને આ રાશીચક્રના ૧૨ ભાગના દરેક ભાગને રાશી અથવા બુરજ ( a sign of the Zodiac ) કરી કહેવામાં આવે છે, જે નામ ઘણા તારાઓના એક ચોક્કસ આકારના ઝુમખાને આપવામાં આવે છે—દાખલા તરીકે "એરીસ" અથવા મેંઢાના આકારનો તારાનો ઝુમખો; "ટોરસ" અથવા ગોધાના આકારનો તારાનો ઝુમખો; અને એ પ્રમાણે ૧૨ જુદા જુદા આકારના તારાના ઝુમખાઓને જુદાં જુદાં તેમના આકાર પ્રમાણેનાં નામો આપવામાં આવ્યાં છે, અને આ દરેક ચોક્કસ આકારનો ઝુમખો તે બુરજ અથવા રાશી કહેવાય છે.

અથવા લરને વણ્યામાં આવે છે તેથી મુરાદ, એજે દીનની કરામતના ગાંઠ ખોલ્યા સીવાય પાછું પોતાને અસલ વતન બહેશ્તમાં પહોંચવું બીકટ છે. કુસ્તીના દરેક લરને છેડે બીજા ત્રણ નાનાં લર હોય છે જેને "લરી" કહેવામાં આવે છે, અને ગંયોમરદ આખાં રાશીચક્રના ત્રણ ભાગ પાડતો અને આગ્સામટા ત્રણ અથવા તેમાંનો દરેક ભાગ "સેહ"કરી કહેવાતો તેની સમજણ આ ત્રણ લરીથી મળે છે. દરેક લરીને છેડે વગર ગુંથેલા ચાર પતલા છેડા હોય છે જેને "લટી" કહેવામાં આવે છે, અને રાશી ચક્રના ત્રણ ભાગ પાડયા પછી દરેક ભાગમાં જેમ ચાર બુરજ અથવા રાશી (તારાના ઝુમખા) રહે છે તેની સમજણ એક લરીની ચાર લટી ઉપરથી મળે છે. બન્ને નરને છેડે લટીઓનાં જે છ ફુમટાં થાયછે તે બતાવે છે કે એક વરસમાં છ તબક્કે આખી દુનીઆ પેદા થઇ, જે દરેક તબક્કાને ગહંબારનું નામ આપવામાં આવ્યુ છે. કુસ્તી પોકળ છે તે આસમાન તથા જમીન વચ્ચેનો તફાવત તથા તે વચ્ચેની પેદાએશ જણાવે છે. કુસ્તીના આગલા તથા પાછલા સરગાંહો જેથી કુસ્તી કમર ઉપર રહેલી છે તેથી સમજવું એ કે જેમ આ બે ગાંઠને લીધે કુસ્તી કમર ઉપર રહી શકે છે તેમ આ દુનીઆનો મોટો આધાર સુરજ અને ચંદ્ર ઉપર રહેલો છે. કુસ્તી બાંધતાં બન્ને છેડા સરખા મેળવી કુસ્તીને બરાબર અધવચથી પકડી બાંધવામાં આવે છે તેની મતલબ એ જે માણસે સર્વે

કામમાં મધ્યમમાં રહેવું, યાને કોઇબી કામ કરવું તે છેક હદની અંદર તેમ હદની બહાર રહીને નહીં કરવું. કુસ્તીના ત્રણ આંટાની મુરાદ મનશની, ગવશની તથા કુનશનીની, યાને નેક વીચારવું, નેક બોલવું, અને નેક કામ કરવાની છે. કુસ્તી બાંધવા પહેલાં અહુરમઝદ ખુદાય પઢતાં "જદ શેકસ્તેહ બાદ" થી તે "દુશમનાન અવાદશાં બાદ" પઢીએ તેટલામાં તેને ત્રણ વખત પખોડવામાં આવે છે તેનો ભેદ એછે જે જેમ રોગ શાંતીના પ્રયોગમાં મેસમેરીઝમનો ઉપયોગ કરનાર શખસ "આરામ થાઓ" એવા સંકલ્પ (will force) થી પોતાનો સબળ (positive) વીજળીવાળો જમણો હાથ રોગીના માથાથી પગ સુધી ફેરવી કોઇ ચીજને નહીં લાગે તેમ તેને ખંખેરી નાખી રવાનના નુરમાં ભળેલો વળગાડ કાઢી નાખે છે, અને જેવી રીતે એક પરહેજગાર માણસ માંથ્ર પઢી દરદી ઉપર ઉંચેથી નીચે જમણો હાથ ફેરવી ટચકારી ફોડે છે અને જેની નકલ આપણે દુઆ પઢી રહયા પછી ડાબા હાથમાં ગીરેબાન પકડી જમણો હાથ મોઢાં ઉપર ફેરવતાં "યઝદાં પનાહ બાદ" (ખુદાનો આશરો હોજો) બોલતાં કરીએ છીએ, તેજ પ્રમાણે ડાબા હાથના અંગુઠામાં કુસ્તી પોરવી તેને જમણે હાથે પખોડી કાઢવામાં ઘણી ભેદ ભરેલી ખુબી સમાયલી છે, કારણ કે એમ કુસ્તી ઝટ પખોડી કાઢતાં આપણે આપણા દીલની અણદીઠ, બહારની આંખે નહીં જણાતી અંતરની

છુપી ભલા બહાર કાઢી નાખીએ છીએ, જેનો ખ્યાલ સાધારણ માણસની અક્કલમાં એકાએક આવી શકે એમ નથી.

મઝદયસની દીનમાં સફેદ રંગને વધારે બુઝોર્ગી આપી છે. શુદરેહ કુસ્તી સફેદ તેમજ વરસીઓ પણ તદન સફેદ હોય છે. રવાનનાં, તેમને સચક-હારનાં, નસેસાલારનાં, પાયદસ્ત અને ઉઠમણાની ક્રીઆમાં ભાગ લેનારાઓનાં તથા મોબેદોનાં કપડાં અને સેઆવ પણ તદન સફેદ હોય છે. મહેર યસ્ત-માં આવેલું છે કે આ બુઝોર્ગ યઝદની રથના ચારે ઘોડા બીલકુલ સફેદ છે. મહેર યઝદનો પોશાક પણ સફેદ છે, અને તેનું કારણ જણાવે છે કે સફેદાઇ મઝદયસની દીનની મીસાલની છે, યાને જેવો સફેદ રંગ ચોખ્ખો અને પવીત્ર તેવી મઝદ-યસની દીન છે. જેમ જરથોસ્તીઓ હરેક બાળક અથવા માણસને પોતાની દીનમાં લેતી વેળા સફેદ લુગડાંનો શુદરેહ પહેરાવે છે તેમજ ફ્રીમેસનોબી હરેક પુરૂષને પોતાનામાં દાખલ કરતી વેળા તેને સફેદ કપડું બંધાવે છે જેને તેઓ "White Apron" (વ્હાઇટ એપ્રન) કરી કહે છે. જેમ મઝદયસની દીનના એતેકાદ પ્રમાણે આ દુનીઆ ૭ તબક્કામાં બની તેમજ યાહુદીઓ, ખ્રીસ્તીઓ તથા ફ્રીમેસનોના મજહબોમાંબી આ જેહાન ૭ તબક્કાઓમાં બની એવું આવેલું છે. વળી જેમ જરથોસ્તી ધર્મમાં ઉનની કુસ્તી છે તેમજ ફ્રીમેસનોમાંબી

પહેલા દાખલ થનારને મેંઢાંનું સફેદ ચામડુ બંધાવે છે. પારસીઓની કુસ્તીને મળતી હીંદુઓમાં ૯ તારની જનોઇ હોય છે, અને યાહુદીઓમાં પણ તેઓના ધર્મને લગતું સદા દીલમાં રાખવાનુ પહેરાણુ હોય છે, જેને છેડે કુસ્તીના નર જેવા છેડા રાખવામાં આવે છે.

સદરો સુતરાઉ, રૂનોજ હોવો જોઇએ, કારણ કે રેશમનું કપડું શોભીતું અને ચળકતું હોવા છતાં તે એક જાતના કીડાના પેટમાંના ગલીચ પદાર્થનું બનેલું હોવાથી પાક જાનની અશોઈ માટે દીનની ક્રીઆને લાયક નથી (મોનોખેરદ). એ કપડુ જોકે ફરોહરની છાયા (aura) ચુસતું નથી અને આલેક માણસને ઠંડ અટકાવવાને હલકું અને જોઇએ તેવુંજ છે (અરદાફરૂઅશની આફરીન) તોપણ તે પરહેજગારીના કામમાં નકામું છે, અને એજ કારણ સર ચામડાંના જોડા મુકતાદ આગળ દુર મુકાય છે પણ સેઆવમાં ઇંજાતા નથી.

૨ વરસાદના પાણીથી ધરતીમાંથી ઉત્પન્ન થાય છે. વળી તે સફેદ તથા સ્વચ્છ રહી શકે છે, અને તેના તાંતણા દીલનો પરસેવો ઝડપથી ચુસી લેછે તથા તે સાફ ધોવાઇ શકાય છે. રૂની પાકીએ અશોઈ વધીને સચવાઇ રહે છે. “પાંચે ગાથા મીનોઇમાં સેઆવનું કાંતવું, વણવું તથા સીવવું કરે છે” (સદ દર–૪૧). આ પ્રમાણે ગાથાની ખુબી ઉપર રૂનો સદરો છે. એ કારણે તેમજ દીન યઝદનો પોશાક સફેદ હેવાથી (મહેર યસ્ત–૩૧) અહુર-

મઝદી દીનના કેકાઉસ, કેખુશરૂ અને શીઆવખશ જેવા પરહેજગાર પાદશાહો બંદગી કરતાં, તેમજ મોજેજો દેખાડતાં તમામ પોશાક સફેદ પહેરતા (શાહનામું). એવાંજ કારણે બ્રાહમણો જે રૂની જનોઇ બનાવે છે તેઓ રૂવાણીપરથી ફુટેલો રૂ જાતે તોડી લાવી તેને ફીરકી પર કાંતી તેના દોરાની જનોઈ બનાવે છે. ગયોમરદે ઉનનાં કપડાં બનાવવાનો હુનર તથા પહેરવાનો ચાલ ઇરાનમાં પ્રથમ દાખલ કીધો (નામાએ ખુશરવાં) તોપણ સદરો તો ઉનનો નહીંજ દાખલ કીધો. ઇસા પેગમ્બરની કબર આગળ તેની લાસ ઉપર બે ફરેસ્તા પાસબાની કરતા તેમને સફેદજ પોશાકમાં બેઠેલા લોકે દીઠા હતા (બાઈબલ—જૉન—૨૦).

અશોઇની રાહે આવી ભેદ ભરેલી રીતે તૈયાર કરવામાં આવેલા શુદરેહ કુસ્તી જેવા મીનોઈ પોશાકની કેટલીએક ખુબીઓ રજુ કીધા પછી સેવક આશા રાખશે કે અત્રે ચોક્કસ ઠેકાણે કહેવાતા અંગ્રેજી સુધારાના જે કેટલાએક હીમાયતીઓ ધર્મની ફીલસુફીઓ સમજ્યા યા જાણ્યા વગર રમત ગમત ખાતર શુદરેહ કુસ્તી કાઢી નાખી ખમીસ ઉપર ફરે છે તેઓ તથા પરદેશમાં રહેતા જુદદીન લોકો સાથ કામ લેનારા બીજા જરથોસ્તીઓ શુદરેહ કુસ્તી વગર ફરવા ફરવાનું હવે નારવા સમજી તેઓ પણ આ ઉમદા ચીજોનો ભેદ સમજેછે એવું દેખાડી આપશે. આમીન!

## મુકતાદ.

"મુકતાદ" શબ્દ સંસ્કૃત ભાષાના "મુકતી"= છુટકારો, રજા (leave, freedom, salvation) અથવા "મુકત"=છુટો (free) શબ્દો ઉપરથી નીકળેલો હોય એમ લાગે છે, કારણ કે આ પવીત્ર દીવસોમાં ગુજરેલાંનાં ફરોહરોને* ઉપલી જેહાનમાંથી આ દુનીઆમાં આવવા માટે ખુદાતાલા મુકતી બખશે છે અથવા રજા આપે છે એમ આપણે કહી શકીએ.

(ફરવરદીન યસ્ત, ફકરો ૪૯ મો.)

અષાઉનાંમ વંઘુહીશ સુરાઓ સપેનતાઓ ફરવષયો યજમઇદે, યાઓ વીસાઘ આવયેઇનતી હમસપથમએદએમ પઇતી રતુમ, આઅત અથર વીચરેનતી દસ પઇરી ખષફનો, અવત અવો જીખષ્નાઓંઘહેમનાઓ:

### (અર્થ.)

પવીત્રોની ભલી, બહાદુર અને વૃધ્ધીની કરનાર ફરવશીઓને હમો આરાધીએ છીએ, જેઓ હમેસપેથમેદમ ગહંબારના વખત ઉપર (યાને વરસની આખેરીએ) મહોલ્લા તરફ આવે છે અને આ પ્રમાણે (નીચે ૫૦ મા ફકરામાં જણાવેલી) મદદની ખાહેશ રાખતાં દશ રાત સુધી એ તરફ ફરે છે:

---

* માણસના જીવને ખુદાતાલાની રાહ ઉપર દોરવનાર શકતી તે ફરોહર અથવા ફરવશી.

ફરવરદીન યસ્તના આ ફકરા ઉપરથી સાફ મ'લમ પડે છે કે અસપંદારમદ મહીનાના છેલ્લા પાંચ તથા વરસના છેલ્લા હમેસપેથમેદમ ગહંબારના પાંચ દીવસ મળી દશ દીવસ સુધી આપણાં ગુજરી ગયલાં સગાં વહાલાંનાં ફરોહરો ઉપલી જેહાનમાંથી આપણા મહોલ્લા તરફ આવી આપણાં ઘરમાં આવી રહે છે. અવસ્તાની આ ખુલ્લી શહાદત છતાં અફસોસ! આજના કેટલા થોડા જરથોસ્તીઓ પોતાના ઘરમાં મુકતાદ માંડે છે! કેટલાં બધાં નગુણાં છોકરાંઓ પોતાનાં માબાપ અથવા બીજાં ખેશીઓના આઇતા પૈસા લેતાં છતાં મરનારનાં ફરોહરને આ પવીત્ર દીવસોમાં તેમનાં ઘરમાંથી અપમાન કરી હાય મારતાં નારાજ કરી કાઢી મુકે છે! ઘરમાં આવી ફરોહરો આ પ્રમાણે બોલે છે કે:-

( ફકરો ૫૦મો. )

કો નો સતવાત, કો યજાઇતે, કો ઉફયાત, કો ફરીનાત, કો પઇતી-જનાત, ગઓમત જસત, વસતરવત અષ-નાસ નેમંઘહ, કહેનો ઇધનાંમ આધઇરયાત, કહે વો ઉરવ ફરાયેજયાત, કહમાઇ નો તત દાથરેમ દયાત, યત હે અંઘહત ખઇરયાંન અજયમનેમ યવએચ યવઓતાતએચ.

( **અર્થ.** )

કોણ હમુને વખાણશે? કોણ હમુને ઇંજશે? કોણ હમુને પોતાનાં કરી ગણશે? કોણ હમારી

ઉપર પ્યાર કરશે ? કોણ હમુને *ગાયવાળા અને વસ્ત્રવાળા હાથથી પવીત્રાઈ મેળવનાર તાબેદારીથી માન આપશે ? આ જગે હમારામાંનું કોણનું નામ લેશે ? તમારામાંનો કોણનો આત્મા હમુને ઈજશે ? હમારાંમાંનાં કોણને તે બખ્શેશ આપશે કે જે બખ્શેશ હમેશે અને હમેશે સુધી નહીં કોહી જાય એવા અને ખાવા લાયક ખોરાકની હોય ( દુઆ, ભણતર, બાજ, આફ્રગાન, સતુમ, વગેરે )-તે કોણ આપશે ?

હવે જે લોકો હર વરસ પોતાને ત્યાં મુકતાદ માંડી પાકી પરહેજગારીથી ખુશબોઇ સાથ અનેક પ્રકારની ધર્મની ક્રીયા ચાલુ રાખી પોતાનાં વહાલાં ગુજર પામેલાંનાં ફરોહરોને ઈજે છે તેમને ત્યાં તે ફરોહરો દશ દીવસ અને દશ રાત રહેવું કરે છે, અને પોતાની રજા પુરી થવા બાદ જયારે તેઓ પોતાના મુકામે પાછાં ફરેછે ત્યારે આ પ્રમાણે તેમનાં જીવતાં ખેશીઓને દુઆ દેતાં જાય છે કે:—

( ફકરો પર મો. )

ખુયાત અહમી નમાને ગેઉશચ વાંથવ ઉપ વીરનાંમચ, ખુયાત આસુશચ અસપો દરેજરસચ વાખષો, ખુયાત ના સતાહચો વથાખ્નો ચો નો બાંઘ ફરાયજાઇતે ગઓમત જસત, વસતરવત અષનાસ નેમંઘહ.

---

* પવીત્ર.

## ( અર્થ. )

આ મકાનમાં ગોસપંદ અને માણસનાં ટોળાં થાઓ. ત્યાં ઝડપવાળો ઘોડો અને મજબુત ગાડી થાઓ, તથા ત્યાં જે શખસ હમુને ગાયવાળા અને વસ્ત્રવાળા હાથથી પવીત્રાઇ મેળવનાર તાએદારોથી હમેશાં ઇજે તે વધારે તારીફ લાયક અને વખણાયલો થાઓ.

પણ આથી ઉલટું જ્યારે કોઇ ઘરમાં ફરોહરો દાખલ થતાંજ ખુશબોઇ અને ભણતર સાથ પોતાનું આદરમાન થયલું જોવાને બદલે અનતુન અથવા રામાના કાળા દેખાવથી નાસીપાસ થઇ પાછાં ફરે છે ત્યારે તેમનાં મનુની સ્થીતી કેવી હોવી જોઇએ તેનો ખ્યાલ આ ફરોહરોનાં ખેશીઓને હાલમાં આવી શકે એમ નથી.

આશો ફરોહરોની ખુબો વીશે ખુદાતાલા અશો સપેન્તમાન જરથોસ્તને ફરવરદીન યસ્તમાં કહે છે કે :—

( ફકરો ૧ લો. )

મરઓત અહુરો મજદાઓ સપીતમાઇ જરથુશતરાઇ, અએવ-તે જાવરે અઓજસચ ખરેનો અપસચ રફ્નસચ ફરમરવ એરેજવો સપીતમ; યત અષઓનાંમ ફ્રવષીનાંમ ઉઘરનાંમ અઇવીથુરનાંમ, યથ મે જસેન અવંઘહે, યથ મે બરેન ઉપસતાંમ ઉઘરાઓ અષઓનાંમ ફ્રવષયો.

**( અર્થ. )**

કહયું દાદાર અહુરમઝદ સપેન્તમાન જરથોસ્તને કે અય સાચા સપેન્તમાન જરથોસ્ત, પવીત્રોની જોરાવર અને ગાલેબ ફરવશીઓનું જોર, કુઉઅત, નુર, મદદ અને ખુશી લોકોને તું જાહેર કર, કારણ કે પવીત્રોની જોરાવર ફરવશીઓ મારાં મદદે આવી હતી અને મારી કુમકે થઇ હતી.

( ફકરો ૨ જો. )

આઓંઘહાંમ રય ખરેનંઘહચ, વીધારએમ જરથુશતર, અઓમ અસમનેમ યો ઉસચ રઓખષનો ફરાદરેસરો, યો ઈમાંમ જાંમ આચ પઇરીચ બવાવ.

**( અર્થ. )**

અય સપેન્તમાન જરથોસ્ત, તેઓના ચળકાટ અને નુરથી મેં આ આસમાન જે ઉપરથી ચળકતું, ખુબસુરત આ જમીનની આસપાસ ફરી વળેલું છે તેને ટેકવી રાખ્યું છે.

( ફકરો ૪ થો. )

આઓંઘહાંમ રય ખરેનંઘહચ, વીધારએમ જરથુશતર, અરેદવીમ સુરાંમ અનાહીતાંમ * * *

**( અર્થ. )**

અય જરથોસ્ત, આ ફરવશીઓના ચળકાટ અને નુરથી હું ખાલેસ અરદ્વીસુરને નીભાવી રાખું છું * * *

( ફકરો ૯ મો. )

આઓંઘહાંમ રય ખરેનંઘહચ, વીધારએમ જરથુશતર, જામ પેરેથવીમ અહુરધાતામ, યાંમ મસીમથ પથનાંમચ, યા બરેથરી પરઓશ સરીરહે, યા વીસપેમ અહુમ અસતવંતેમ, બરઇતી જુમચ ઇશ્રીસતેમચ ગરયસચ ચોઈ ખેરેજંતો પોઉરૂ-વાસત-રાઓંઘહો આફનતો.

( અર્થ. )

અય જરથોસ્ત, આ ફરવશીઓના ચળકાટ અને નુરથી હું મોટી, રસ્તાવાળી અહુરમઝદની પેદા કીધેલી અને બહોળી પૃથ્વીને નીભાવી રાખું છું, જે સોવામણી અને પુર્ણતાની માતા છે, જે સઘળી તનોમંદ દુનીઆને, એટલે જીવવાળી અને નીર્જીવ ચીજોને, તથા ઉંચા, પુરતા ઘાસવાળા અને પાણી-વાળા પહાડોને પોતા ઉપર ઉઠાવે છે.

( ફકરો ૧૧ મો. )

આઓંઘહાંમ રય ખરેનંઘહચ, વીધારએમ જરથુશતર, અજેમ બરેથરીષવ પુથરે પઇતી-વેરેતે અપર-ઇરીથીનતો આદાતાત વીંઘાતઓત, વયાહવ ઉરવત-ચએમ અમતીચ ગઓનચ, દરેવદચ, ઉરૂથ-વાંબચ, પઇધ્રયાઓસચ, ફરવાખપસચ.

( અર્થ. )

અય જરથોસ્ત, આ ફરવશીઓના નુર અને ચળકાટથી હું હમેલદાર ઓરતોનાં ગર્ભસ્થાનની અંદર ઢંકાયલાં અને મરી નહીં ગયલાં બચ્ચાંને જ્યાં સુધી તેનાં હાડકાં, આકાર, નસ, આંતરડાં, પગનાં આંગળાં અને વૃદ્ધી કરનાર ઇંદ્રી બને તથા આકાર પકડે ત્યાં સુધી નીભાવી રાખું છું.

( ફકરો ૧૪ મો. )

આઓંવહાંમ રય ખરેનંઘહચ, આપો તચીનતી ફરાતત-ચરેતો, ખાઓ પઈતી અફરજયમનાઓ; આઓંઘહાંન રય ખરેનંઘહચ, જેમાધ ઉજ્જુખષયેઇનતી ઉરવરાઓ, ખાઓ પઇતી અફરજયમનાઓ; આઓંવહાંમ રય ખરેનંઘહચ, વાતો વાઓનતી દુનમો-ફરૂતો ખાઓ પઇતી અફરજયમનાઓ.

( અર્થ. )

આ ફરવરશીઓના ચળકાટ અને નુરથી ઝડપથી ચાલનાર પાણી નહીં ખુટે એવા ઝરાઓમાં વહે છે; તેઓના ચળકાટ અને નુરથી અખુટ જથાની અંદર ઝાડ પાન જમીનમાંથી ઉગે છે; તેઓના ચળકાટ અને નુરથી પવન જે વાદળાંઓને તેમનાં અખુટ મુળોમાંથી આગળ વધવાને તાકીદ કરે છે તે ફુંકે છે.

( ફકરે ૧૫ મો. )

આઓંઘહાંમ રય ખરેનંઘહચ, હાઇરીષીશ પુથ્રૅ વૅરેનવઇનતી; આઓંઘહાંમ રય ખરેનંઘહચ, હુજામોતો જીજનેનતી; આઓંઘહાંમ રય ખરેનંઘહચ, યત ખવઇનતી હચત-પુથરાઓ.

( અર્થ. )

તેઓના ચળકાટ અને નુરથી ઓરતો પોતાનાં પેટમાં બચ્ચાંઓને સંભાળી શકે છે; તેઓના ચળકાટ અને નુરથી તેઓ બચ્ચાંઓને આસાનીથી જન્મ આપે છે; તેઓના ચળકાટ અને નુરથી તેઓ ઓલાદ ચલાવનારી થાય છે.

( ફકરે ૧૬ મો. )

આઓંવહાંમ રય ખરેનંઘહચ, ઉસ-ના જયેઇતી વયાખનો વયાખમોહુ ગુષયત—ઉખધો, યો બવઇતી ખરતુ-કાતો, યો નાઇદ્દયાઓંઘહો ગઓતેમહે પરો-યાઓ પરશતોઇત અવાઇતી. આઓંઘહાંમ રય ખરેનંઘહચ, હવરે અવ પથ અએઇતી; આઓંઘહાંમ રય ખરેનંઘહચ, માઓ અવ પથ અએઇતી; આઓંઘહાંમ રય ખરેનંઘહચ, સતારો અવ પથ યેઇનતી.

( અર્થ. )

તેઓના ચળકાટ અને નુરથી સખુનને સારી રીતે સાંભળનાર, અનજુમન ભરનાર અને અનજુ-

મનનો બેસનાર નર (જરથોસ્ત) જનમ્યો, કે જે અક્કલને શોધનાર થયો, કે જે "ગઉતેમોનોધ્રશ" ની આગમચ સવાલ જવાબથી (અહુરમઝદની નજદીક) પહોંચ્યો; તેઓના ચળકાટ અને નુરથી ખુરશીદ પોતાને રસ્તે ચાલે છે; તેઓના ચળકાટ અને નુરથી મહાતાબ પોતાને રસ્તે જાય છે; તેઓના ચળકાટ અને નુરથી સેતારાઓ પોતાને રસ્તે ફરે છે.

(ફકરો ૧૭ મો.)

તાઓ ઉઘરાહુ પેષનાહુ ઉપસતાંમ હેનતી દાહીશતાઓ, યાઓ ફરવષયો અષઓનાંમ; તાઓ ફરવષયો અષઓનાંમ, અઓજીશતાઓ હેનતી સપીતમ, યાઓ પઓઇરયનાંમ તકએષનાંમ, યાઓ વા નરાંમ અજાતનાંમ ફરષો-ચરેથરાંમ સઓષયતાંમ; આઅત અનયએષાંમ ફરવષયો જવનાંમ નરાંમ અષઓનાંમ, અઓજયેહીશ જરથુશતર યથ ઇરીસતનાંમ સપીતમ.

( અર્થ. )

જેઓ અશોની ડહાપણુવાળી ફરવશીઓ છે તેઓ જોરાવર લડાઇઓની અંદર મદદગાર છે. અય સપેન્તમાન જરથોસ્ત, જેઓ પોરીઓદકેશોમાંનાં પવીત્રા છે તેઓની, અથવા જેઓ હજુ નહીં જનમ પામેલાં, રસ્તાખેજ કરનારાં અને ફાયદા કરનારાં માણુસોમાંનાં પવીત્રા છે તેઓની ફરવશીઓ

અતીશે જોરાવર છે. અય સપેન્તમાન જરથોસ્ત, બીજાં જીવતાં પવીત્ર માણસોની ફરવશીઓ ગુજરી ગયલાંઓની ફરવશીઓ કરતાં વધારે જોરાવર છે.

( ફકરો ૧૮ મો. )

આઅત યો-ના-હીશ હુઅરેતાઓ બરાત જવ અષઓનાંમ ફરવષયો સાસત દઇંઘહેઉશ હમો-ખશ-થરો હો અંવહાઇતી, જજુશતેમો ખષયો કસચીત મષયાનાંમ, યો વોહુ-અરેતાંમ બરઈતે મીથરેમ યીમ વોઉરૂ-ગઓયઓઇતીમ, અરશતાતેમચ ફરાદત-ગએ-થાંમ વરેદત-ગએથાંમ.

## ( અર્થ. )

જે શખસ પોતાની હઇઆતીમાં પવીત્રોની ફરવશીઓને માટે સારી ભેટ લઇ જાય તે શખસ દેશના પાદશાહ અને એકસરખી રીતે રાજ કરનાર થાય—જેમ માણસમાંનો જે બહોળાં જંગલ વાળા મહેર અને દુનીઆને વધારનાર અને આબાદ કરનાર આસ્તાદને માટે સારી ભેટ લઇ જાય છે તે અતીશે ખુશી ભોગવવાને શકતીવાન થાય છે તેમ.

( ફકરો ૧૯ મો. )

ઈથ તે જાવરે અઓજસચ ખરેનો અવસચ રફનસચ ફરમરઓમી એરેજવો સપીતમ, યત અષઓનાંમ ફરવષીનાંમ ઉઘરનાંમ અઇવીચુરનાંમ, યથ મે જસેન અવઇંઘહે, યથ મે બરેન ઉપસતાંમ ઉઘ-રાઓ અષઓનાંમ ફરવષયો.

( અર્થ. )

એ સાચા સપેન્તમાન જરથોસ્ત, હું તે પવીત્રાની જોરાવર અને ગાલેબ ફરવશીઓનું જોર, કુઉવત, નુર, મદદ અને ખુશીનુ આ પ્રમાણે (ઉપર જણાવ્યા મુજબ) તારો નજદીક વર્ણન કરૂં છું કારણ કે તે અશોનો ગાલેબ ફરવશીઓ મારી મદદે આવી હતી અને મારી કુમક કીધી હતી.

( ફકરો ૨૦ મો. )

મરઓત અહુરો મજદાઓ સપીતમાઇ જર-થુશતરાઇ, આઅત યસે-થવા અએતહમી અંઘહવો યત અસતવઇનતી, સપીતમ જરથુશતર, પથાંમ જસાઇતી વાંથવએસો બોઇવરનાંમ દુજતનાંમચ થવયંવુહતાંમ જરથુશતર; યેજચ થવએષાઓ તનવો અથ ઇમાંમ વચો દરેનજયોઇશ, અથ ઇમાંમ વચો ફ્રમરૂયાઓ વારેથરઘનીશ, જરથુશતરઃ

( અર્થ. )

અહુરમઝદ સપેન્તમાન જરથોસ્તને કહયું કે એ સપેન્તમાન જરથોસ્ત, અગર જો આ તનોમંદ દુનીઆની અંદર દુખની ધાસ્તીવાળા, ખરાબ અને ભયભરેલા મારગોમાંનો કોઇબી મારગ તુંને આવી મળે, અથવા એ જરથોસ્ત, તારાં બદન ઉપર ધાસ્તી આવી પડે તો તુંને આ સખુનો પઢવા જોઇએ એ જરથોસ્ત, તુંને તે વખતે આ (૨૧ માં ફકરામાં આવેલા) દુશમનને મારનારા સખુનો બોલવા જોઇએ:

( ફકરો ૨૧ મો. )

અષાઉનાંમ વંઘુહીશ સુરાઓ સપેનતાઓ ફ્રરવષયો સતઓમી જબયેમો ઉફ્યેમી યજમઇદ, નંમાન્નયાઓ વીસયાઓ જંતુમાઓ દખયુમાઓ જરથુશતરોતેમાઓ, હાઇતીશ હાતાંમ, હાઇતીશ આઓંઘહુષાંમ, હાઇતીશ બુષયંતાંમ અષઓનાંમ, વીસપાઓ વીસપનાંમ દખયુનાંમ જેવીશતયાઓ જેવીશતયનાંમ દખયુનાંમ.

( અર્થ. )

હું પવીત્રાની ભલી, બહાદુર અને વૃદ્ધી કરનાર ફ્રરવશીઓને વખાણું છું, બોલાઉં છું અને સંબંધ કરૂં છું. હમો ઘરને લગતી, મહોલ્લાને લગતી, ગામને લગતી, દેશને લગતી, અને જરથોસ્તી દેશોને લગતી ફ્રરવશીઓને આરાધીએ છીએ—હાલ હેયાતી ધરાવનારાઓમાંની હેયાત, થઈ ગએલાઓમાંની હેયાત અને હવે પછી થનારાઓમાંની હેયાત ફ્રરવશીઓને, તમામ દેશોની સઘળી ફ્રરવશીઓને અને દોસ્તી રાખનારાં દેશોની દોસ્તી રાખનાર ફ્રરવશીઓને હમે આરાધીએ છીએ.

( ફકરો ૮૦ મો. )

વીસપનાંમચ આઓંઘહાંમ પઓઇરયનાંમ ફ્રરવષીનાંમ ઇધ યજમઇદ, ફ્રરવષીમ અવાંમ યાંમ અહુરહે મજ્દાઓ, મજીશતાંમચ વહીશતાંમચ સરઓશતાંમચ, ખરઓજદીશતાંમચ ખરથવીશતાંમચ હુકેરેપતેમાંમચ, અષાત અપનોતેમાંમચ.

## ( અર્થ )

સઘળી ફરવશીઓમાંની પેલી અહુરમઝદની સૌથી મોટી, ઘણીજ સારી, ઘણીજ ખુબસુરત, ઘણીજ જોરાવર, ઘણીજ અકલમંદ અને મરતબાઇથી ઘણીજ બુલંદ ફરવશીને હમે આ જગે ( મુકતાદ વાળા ઘરમાં ) આરાધીએ છીએ.

### ( ફકરો ૮૭ મો. )

ગયેહે મરેથનો અષઓનો ફરવષીમ યજમઇદે, યો પઓઇરયો અહુરાઇ મજદાઇ, મનસચ ગુશત સાસનાઓસચ; યહમત હચ ફરાથવેરેસત નાફો અઇરયનાંમ દખયુનાંમ, ચીથરેમ અઇરયનાંમ દખયુનાંમ.

## ( અર્થ )

પવીત્ર ગઇઓમરદની ફરવશીને હમો આરાધીએ છીએ, જેણે અહુરમઝદના વીચારને અને શીખામણને પહેલાં સાંભળી, જેમાંથી તેણે ઇરાન દેશના લોકની નસલ અને ઇરાન દેશના લોકનું તોખમ ઉતપન કીધું.

### ( ફકરો ૮૮ મો. )

જરથુશતરહે સપીતામહે ઇધ અષઓનો અષીમચ ફરવષીમચ યજમઇદે. પઓઇરયાઇ વોહુ મમનાનાઇ, પઓઇરયાઇ વોહુ વઓકુષે, પઓઇરયાઇ વોહુ

વાવેરેજુષે, પઓઇરયાઇ અથઉરૂને, પઓઇરયાઇ રથએશતાઇ, પઓઇરયાઇ વાસતરયાઇ ફ્રશુયષંતે, પઓઇરયાઇ ફ્રરવએધ્યાઇ, પઓઇરયાઇ ફ્રરવએધ્યયમનાઇ, પઓઇરયાઇ હંઘહનનાઇ, પઓઇરયાઇ હંઘહનુષે, ગાંમેચ અષેમચ ઉખ્ધેમચ ઉખ્ધખયાચ સરઓષેમ ખ્ષથરેમચ, વીસપચ વોહુ મજદધાત અષચીથર.

## ( અર્થ. )

પવીત્ર જરથોસ્ત સપેન્તમાનની ફ્રરવશી અને પવીત્રાઇને હમે આરાધીએ છીએ. તે પહેલો (સર્વથી સરસ) ભલું વીચારનાર, પહેલો ભલું બોલનાર, પહેલો ભલું કામ કરનાર, પહેલો અથોરનાન, પહેલો પહેલવાન, પહેલો વૃદ્ધી કરનાર ખેડુત, પહેલો શીખવનાર, પહેલો શીખનાર, પહેલો વહાલો, અને પહેલો ગોસપંદને, સચ્ચાઇને, વચનને, સખુનના સાંભળવાને, પાદશાહીને અને અહુરમઝદની પેદા કીધેલી સાચા ખવાસવાળી સઘળી સારી ચીજોને ચાહનાર હતો.

## ( ફકરો ૧૫૬ મો. )

અષાઉનાંમ ફ્રરવષીનાંમ, ઉઘરનાંમ અઇવીથુરનાંમ, ઉઘરનાંમ વારેથરઘનીનાંમ, પઓઇરયોતકએષનાંમ ફ્રરવષીનાંમ, નબાનજદીશતનાંમ ફ્રરવષીનાંમ, ફ્રરવષયો ખ્ષનુતાઓ અયંતુ અહમય નમાને, ખ્ષનુતાઓ વીચરેનતુ અહમય નમાને.

## ( અર્થ. )

પવીત્રાની બહાદુર, ગાલેબ, મજબુત અને ફતેહમંદ ફરવશીઓમાંની, તથા આગલા રેવાજવાળાઓની ફરવશીઓમાંની તથા જરથોસ્તી દીનવાળાઓની ફરવશીઓમાંની ખુશી થયલી ફરવશીઓ આ (મુક્તાદવાળા) ઘરમાં આવો અને તે ખુશી થયલી આ ઘરમાં ફરહેર કરો.

### ( ફકરો ૧૫૭ મો. )

ખષનુતાઓ આફ્રીનેનતુ અહ્‌મય નમાને, વંઘુહીમ અષીમ ખાપરાંમ, ખષનુતાઓ પારયંતુ હચ અહ્‌માત નમાનાત સતઓમાચ રાજરેચ બરેનતુ દથુષો અહુરાઇ મજદાઇ અમેષનાંમચ સપેનતનાંમ, માચીમ ગેરેંજાનાઓ પારયંતુ હચ અહ્‌માત નમાનાત, અહ્‌માઽમચ મજદયસનનાંમ.

## ( અર્થ. )

તેઓ ખુશી થયલી આ (મુક્તાદવાળા) ઘરમાં ભલા અને અસરકારક આશીરવાદને આફ્રીન કરો. પછી તે ખુશી થયલીઓ આ ઘરમાંથી પાછી સીધારો. તેઓ પેદા કરનાર અહુરમઝદ તથા અમશાસપંદાને માટે વખાણ અને આરાસ્તેહ કીધેલી ચીજો પોતાની સાથ લઇ જાઓ. હમારાં મઝદીઅસનાંનોનાં આ ઘરમાંથી કોઇબી ફરવશી દલગીરીનો પોકાર મારતી ના જાઓ!

ગુજરેલાંનાં ફરોહરો વરસની આખેરીએ પેલી જેહાંનમાંથી આ દુનીઆમાં દશ દીવસ સુધી પોતાનાં ખેશીઓને ત્યાં આવી રહે છે એ બીના ઉપર, કોઇબી જરથોસ્તી હવે વધારે વખત સુધી શકની નેજરે જોઇ શકશે નહીં (જુઓ ફકરો ૪૯). ફરોહરો ઘરમાં આવી ખુશબો અને દરૂન, ફળ, ફુલ, પ્રાણી અને વસ્ત્રનાં ભણતર સાથ પોતાની આરાધના થયલી જોવાને કેવાં ઉમેદવાર હોય છે (ફકરો ૫૦), પોતાની મુરાદ બર આવેલી જોઈ પોતાના મુકામે કુચ કરતી વખતે તેઓ જીવતાંઓને કેવા ભલા આશીરવાદ દેતાં જાય છે (ફકરો ૫૨), તથા તેઓ કોઇ પણ પ્રકારે જરાબી નારાજ થઇને પાછાં નહીં ફરે તે વીશે કેટલી સંભાળ લેવામાં આવી છે (ફકરો ૧૫૭) તે સઘળું જાણ્યા પછી હું નહીં ધારતો કે કોઇબી જરથોસ્તી હવે પછી પોતાનાં ઘરમાં મુકતાદ નહીં માંડી પોતાનાં ગુજરેલાં વહાલાંઓની ફરવશીને દલગીર અને નાસીપાસ કરી કાઢી મેલવાની હીમત કરશે. મુઆંનાં નામ અને જીવતાંનાં કામને અર્થે તરેહ તરેહની મીઠાઈ અને પકવાન ઉપર પૈસા ખરચવા કરતાં ફળ, ફુલ, દરૂન, પાણી, દુધ અને મેવા જેવી સસતી, ઉમદા અને જરૂરની ચીજો ઉપર ઘટતાં પ્રમાણમાં પૈસાનો ખરો ઉપયોગ કરી એકીન અને પરહેજગારીથી બાજ, સતુમ, આફરગાન કરાવી ફરોહરોને આવકાર આપી પાછાં ખુશાલ ફેરવવામાં

આવે તો આ મહાન ફરવશીઓ કે જેમની શકતી અને પ્રતાપનો કાંઇક ખ્યાલ મેળવવા માટે વાંચનારને હું એકવાર ફરીથી ફરવરદીન યસ્તના ઉપર ટાંકેલા બીજા, ૪ થા, ૯ મા, ૧૧ મા, ૧૪ મા, ૧૫ મા, ૧૬ મા તથા ૧૭ મા ફકરા વાંચવાની અરજ કરૂં છું, તેમની ભલી દુઆ અને નેક આશીરવાદથી આયંદ જોશો તો ફાયદા જીવતાંઓનેજ છે, માટે નવું બેસતું સાલ પુર તંદુરસ્તી અને બીજાં સઘળાં સુખ સાથ ગુજારવું હોય તો હમદીન જરથોસ્તીઓ! વરસની આખેરીએ મુકતાદ માંડી અશો ફરોહરોની નેક દુવા તથા ભલા આશીરવાદ મેળવવાને કદી ચુકશો નહીં.

ફરવરદીન યસ્તના ઉપર ટાંકેલા ૪૯ માં ફકરા પ્રમાણે તથા પહેલવી અને પાઝંદનાં બીજાં લખાણ મુજબ ફરોહરો તો આ દુનીઆમાં ફકત ૧૦ દીવસ આવે છે તેથી મુકતાદના ખરા દીવસ તો દશજ હોવા જોઇએ, પણ આપણે તો મુકતાદ ૧૮ દીવસ સુધી માંડીએ છીએ તેનું સમજવું એ જે આખી કુદરત વસંત રૂતુની શરૂઆતમાં પોતાના પુર બહારમાં દીપી નીકળે છે માટે વસંત રૂતુની શરૂઆત તે કુદરતના વરસનું મંડાણ ગણાય છે, અને આ કુદરતનાં બેસતાં વરસની ખુશાલીમાં સૌથી પહેલાં પાદશાહ જમશીદે એક મોટું જશન કીધું અને પોતે પણ તે દીવસે એટલે ફરવરદીન મહીને અને અહુરમઝદ રોજે તખ્તનશીન થયો.

આ જશન ફરવરદીન મહીનાના અહુરમઝદ રોજથી તે ખોરદાદ રોજ જેને આપણે ખોરદાદસાલ અથવા અશો સપેન્તમાન જરથોસ્ત પેગમ્બરનો જન્મ દીવસ ગણીએ છીએ ત્યાંસુધી એટલે ૬ દીવસ સુધી પાળવામાં આવતું હતું, અને હજી પણ તે ઇરાનમાં અને આપણા શહેરમાં જરથોસ્તીઓ તેમજ આગાખાનના પંથવાળાઓ ઘણીજ ખુશાલીમાં ગુજારે છે. હવે જોકે આ ૬ દીવસને ફરોહરોના ૧૦ દીવસ સાથે સંબંધ નથી તોપણ આ ૬ દીવસો કુદરતની પેદાએશ માટે પાક પરવરદેગાર તથા તેના યઝદો અમસાસપંદાની બંદગીને ખાતર ઘણાજ પવીત્ર ગણાય છે, અને તેઓ ફરોહરોના ૧૦ દીવસ પુરા થવા પછી તુરતજ શરૂ થતા હોવાથી તેમને પણ અસલના વખતથી આપણા સમજુ બાપદાદાઓ ઘણીજ પાકીજી અને ગંભીરાઈથી પાળતા આવ્યા છે. હવે ફરોહરોના ૧૦ અને જમશેદી નવરોઝના ૬ મળી ગણશું તો ૧૬ દીવસ થાય છે પણ મુકતાદ તો ૧૮ દીવસનાં ગણાય છે તેનું સમજવું એ જે જોકે ફરોહરોના દીવસો છેલ્લા અસપંદારમદ મહીનાના આસતાદ રોજથી શરૂ થાય છે તોપણ એક દીવસ અગાઉથી એટલે અશીશાંગ રોજથી સઘળું ચોખ્ખું કરવામાં આવે છે તેથી આ અશીશાંગ રોજ પણ ફરોહરોના દીવસોમાં ગણાવા લાગો, અને એજ પ્રમાણે જો કે જમશેદી નવરોઝનો છેલ્લો દીવસ ખોરદાદસાલ

હોવા છતાં તેની પછીનો બીજો રોજ અમરદાદ
જેને આપણે "વળાવો" કહીએ છીએ તે પણ
ખુશાલીમાં ગુજારવામાં આવતો, અને આ પ્રમાણે
જોકે ફરોહરોના ખરા દીવસ તો દશજ છે, પણ
ઉપર જણાવ્યા મુજબ બીજી કીસમના ૮' દીવસો
પણ પાકીજીથી પાળવામાં આવતા હોવાથી તેમને
પણ પુરતાં માન સાથ બંદગી કરવામાં ગુજારવા
જોઇએ એ દરેક જરથોસ્તીની ફરજ છે.

ઘણીજ દલગીરી સાથ મને જણાવવું પડે છે
કે અશો ફરોહરોના તથા જમશેદી નવરોઝ જેવા
મોટા દીવસો જે ઘણીજ પરહેજગારીથી જેમ બને
તેમ બંદગી કીધા પછીજ ખુશાલીમાં ગુજારવા
જોઇએ તે દીવસોમાં અફસોસ! કેટલા બધા જરથો-
સ્તીઓ બંદગીનું નામ તદ્દન ભુલી જઇ ગાનતાન
અને નાચરંગમાં મશગુલ રહી જુગાર ખેલી
ફકત પેટની પુંજા કરવામાં મોજ માને છે! બીજાં
સાધારણ જશનોના દીવસો ઉપર પણ દાદીશેઠનાં
આતશબહેરામ તથા આલબ્લેસ બાગ જેવાં ધર્મનાં
પાક મકાનમાં જ્યારે એક તરફ મોબેદો જશનની
ક્રીયા કરવામાં મશગુલ હોય છે ત્યારે બીજી તરફ
તેજ વખતે જશનમાં સામેલ હોનાર કહેવાતા જર-
થોસ્તીઓને પાનાં ઉપર પૈસા મેલી જુગાર ખેલતાં
સેવકે ઘણીજ દલગીરી તથા અફસોસ સાથ જોયલા
છે, અને એ બીના ઉપર હું આવાં ધર્મનાં મકાન
ઉપર દેખરેખ રાખનારા શેઠયાઓ તથા જશનના
દીવસે તે કામના કારભારીઓનું ખાસ ધ્યાન
ખેંચવાની રજા લઉં છું.

# માસીક દુર બેસવા વીશે.

સ્ત્રી જાત ઉમરે પુગ્યા પછી કુદરતના કાયદા પ્રમાણે તેના શરીરમાંથી દર માસે અમુક જથામાં લોહીનું વહેવું થાય છે, અને આવા વખતમાં જે સ્ત્રીઓ એક એલાહેદી જગે ન બેસતાં આસપાસની સઘળી ચીજના સંબંધમાં–ખસુસ કરી પોતાના ખાવીંદના સંબંધમાં–આવી પોતાની ઓલાદને કેટલું નુકસાન કરે છે તે વાતથી તેઓ તદન અજ્ઞાન છે એવું દેખાડી પોતાની નાદાની જાહેર કરે છે. જરથોસ્તી ધર્મનાં દરેક ફરમાનમાં ઉત્તમ પ્રકારની ફીલસુફી સમાયલી છે, જે નહીં સમજવાને લીધેજ તેનો અનાદર કરવામાં આવે છે. જાણવું જોઇએ જે દસ્તાનવાળી ઓરતને દુર બેસવાનું મુખ્ય કારણ એટલુંજ કે તેણી પોતાના ધણીનાં સંબંધમાં આવે નહીં. કાઠીઆવાડના પ્રખ્યાત દાકતર મણીશંકર ગોવીંદજીના કહેવા સાથ સઘળા દાકતરો એકમત થશે કે દુર બેસવાના દીવસોમાં સ્ત્રીએ પતીના સંયોગથી દુર રહેવું જોઇએ, કારણ કે જેમ નદીના પ્રવાહમાં નાખેલી ચીજ ઉંચે ન જતાં કીનારા તરફ બહાર ઘસડાઇ આવે છે તેજ પ્રમાણે દુર બેસવાની વખતે લોહી વહેતાં છતાં નાખેલું વીર્ય ટકી શકતું નથી, અને કદાચ ટકે તો પહેલે દીવસે રહેલો ગર્ભ પ્રસવ વખતેજ મરણ પામે છે. દુર બેસવાના બીજા

દીવસના સંબંધથી અવતરેલું બાળક સુવાવડમાંજ મરણ પામે છે, અને ત્રીજા દીવસના સંગથી જન્મેલું બચ્ચું અપુર્ણ અંગવાળું અને ઓછાં આયુષ્યવાળું થાય છે, પણ દુર બેસવાના દીવસ પુરા થયા પછીના સંબંધથી ઉત્પન્ન થનાર બાળક મોટા આવરદાનું અને તંદુરસ્ત જન્મે છે.

ધર્મનું ફરમાન એક બાજુ પડતું મેલી ફક્ત વૈદક શાસ્ત્રના આ નીયમ પ્રમાણેજ જોતાં દસ્તાન-વાળી ઓરતના સંબંધથી બેવકુફ માબાપો પોતાનાં નીરદોશ બાળકનું કેવી રીતે ખુન કરે છે તે સમજુ વાંચનારે આ ઉપરથી જોઇ લેવું જોઇએ. હવે જરથોસ્તી ધર્મમાં દસ્તાનવાળી ઓરતના સંબંધથી થતા ગેર-ફાયદા જણાવી તેવા વખતમાં સ્ત્રીને પોતાના ભરથાર સાથ રહેવા દઇ ફકત નજદીકીની મનાઇનું ફરમાન ન આપતાં સ્ત્રીને પોતાના ધણીથી દુર તદન એલા-હેદી જગામાં રાખવાનાં ફરમાનમાં વધારે ઉંડી ફીલ-સુફી સમાયલી છે, અને તે એકે એક વખત આવી જાતનું નુકસાન થાયછે તે સમજી લીધા પછી જોકે તેવી હાલતમાં નજદીકી નહીં કરવા બાબે દરેક પ્રકારની કોશેશ કરવામાં આવશે, પણ તે છતાં એક બીજાને સાથે જોઇ હવસને કાબુમાં રાખવાનું કામ તે વખતે મુશકેલ થઇ પડે છે, અને તેવી હાલતમાં ઇનસાન સઘળું ભુલી જઇ ગફલતમાં અહેરેમનને પોતાની ઉપર ફાવવા દે છે, માટે લાજમ છે કે તેવી હાલતમાં સ્ત્રી પુરૂષે પોતાનું રહેવાનું એલાહેદું રાખી પોતાનાં

નીરદોશ બાળકનાં નાહક ખુનનો અટકાવ કરવો જોઇએ.

વંદીદાદની આખી ૧૬મી પરગરદ અલગપણાની બીના ઉપર છે, જેનો થોડો સાર નીચે મુજબ છે:—

"દસ્તાનવાળી ઓરતની જગા એલાહેદી હોવી જોઇએ."

તે ઓરતે આતશ તથા પાણીથી પંદર કદમ, અને અશો મરદથી ત્રણ કદમ દુર રહેવું જોઇએ.

તે ઓરતને ત્રણ કદમ દુરથી ખાવાનું આપવું જોઇએ.

દસ્તાન બંધ થાય તે દીવસે નહીં, પણ તેને બીજે દીવસે અંગ પાક કરે.

દસ્તાનવાળી ઓરત વીશે આ પ્રમાણે જણાવી જે મરદ તેવી ઓરતનો સંબંધ કરે છે તે મરદ પોતાનાં બચ્ચાંને આગમાં બાળીઆ બરાબરનો ગુનાહ કરે છે એવું કહયું છે. આ પછી જણાવ્યું છે કે જેઓ ચોખ્ખાઇ નથી રાખતા તેઓ સાંભળતા નથી; જેઓ સાંભળતા નથી તેઓને એતેકાદ નથી; અને જેઓને દીન ઉપર એતેકાદ નથી તેઓ આ દુનીઆના બુરા દેવો તથા દરૂજો છે.

દસ્તાનની સુમીઅત વીશે જરથોસ્તી ધર્મમાં વંદીદાદ સીવાયે દીન કર્દ અને બીજી પહેલવી કેતાબોમાં જેમ ફરમાનો આવ્યાં છે તે માફક કહે છે

કે રોમન કેથોલીક પંથવાળી ક્રીસટીઅન ઓરતો પણ દસ્તાનની હાલતમાં તેઓનાં એબાદતખાનામાં જ્યારે કોઈ મરનારની ક્રીયા થાય છે ત્યારે તે ક્રીયામાં સામેલ થઇ ભાગ લેતી નથી. બાઈબલમાં પણ આવેલું છે કે એક વેળા ઇસુ ખ્રીસ્ત રસ્તામાં ચાલતાં લોકોનાં દરદ સારાં કરતો હતો. આ વેળાની ભીડમાં બાર વરસ સુધી દસ્તાનના મરજથી પીડાતી એક ઓરતે પોતાની હેરાનગતીથી છુટકારો પામવાની મુરાદમાં પછવાડેથી છુપી રીતે ક્રાઇસ્ટનાં કપડાંને હાથ લગાડયો, અને આમ કરવાની સાથ તુરતજ ઇસુ ખ્રીસ્તનું સત જતું રહયું!*

દસ્તાનવાળી ઓરતે અશો મરદથી ત્રણ કદમ દુર રહેવું જોઇએ એવું વંદીદાદનું જે ફરમાન

---

*આ બીના "સેઇન્ટ લ્યુક" ની વાર્તાનાં ૮ માં પ્રકરણમાં નીચે મુજબ આવેલી છે:—

43—And a woman having an issue of blood twelve years, which had spent all her living upon physicians, neither could be healed of any,

44—Came behind him, and touched the border of his garment * * *

45—And Jesus said, Who touched me? * * *

46— * * * for I perceive that virtue is gone out of me.

આપણે હમણાં ઉપર વાંચી ગયા તેમાં કેટલી સચ્ચાઇ અને ભેદ સમાયલો છે તે બાઇબલમાંના આ દાખલા ઉપરથી પણ બીન તકરારે સાબેત થાય છે. વળી જરથોસ્તી ધર્મ પ્રમાણે તેમના ધર્મની ક્રીયા ફક્ત ધર્મનાં મકાનમાંજ નહીં, પણ પોતાનાં ઘરમાં પણ કરવી સજાવાર છે, માટે કોઇ ઘરમાં જો ચોક્કસ પ્રકારની ધર્મની ક્રીયા ચાલતી હોય અને તે વેળા જો તે ઘરમાં એક દસ્તાનવાળી ઓરત દુર એલાહેદી જગામાં ન બેસતાં ચોખ્ખી ઓરતની માફક ઘરમાં બધે ફરહર કરી સઘળી ચીજને અડકે તો જેમ ક્રાઇસ્ટને અડકવાથી તેનું સત ઉતરી ગયું હતું તેમ વગર શકે તે સઘળી ક્રીયા રદ બાતલ જાય છે; અને એજ પ્રમાણે કેટલાંએક કહેવાતાં સુધરેલાં પારસી કુટુંબોમાં જે બાનુઓ ઘરમાં તદન ઉઘાડે માથે ફરહર કરે છે તેઓએ જાણવું જોઇએ જે બાલ જયાંસુધી આપણા શરીર ઉપર જીવતો છે ત્યાંસુધી તે અશો છે, પણ એકવાર તે મરી જઇ ખરી પડયો કે નસો થઈ પડે છે, અને તેટલા માટે ઘરમાં થતી ધર્મની કોઇ ક્રીયા વખતે ઉઘાડે માથે ફરતાં પવીત્ર કામમાં વાપરવાનાં ચોખ્ખાં પાણી અથવા બીજી કોઇ ચીજમાં જો એક બાલ પડે તો તેથી પણ ધર્મની સઘળી ક્રીયા રદ થાય છે, અને તે પાછળ ખરચેલો સઘળો પૈસો પણ પેલા બાલની સાથે પાણીમાં જાય છે, માટે ધર્મની ક્રીયાનો ભંગ ન થાય તેટલા સારૂ જરથોસ્તીઓને લાજમ છે કે

તેઓએ હમેશાં ઘરમાં પોતાને માથે મરદોએ પોતાના ટુંકા વાળ ઉપર ટોપી પહેરવી અને ઓરતોએ તેમના લાંબા વાળ માથાબાનું બાંધી ઢાંકેલા રાખવા જોઇએ.

દસ્તાનની પરહેજી સંબંધી સદ દર કેતાબના ૪૫, ૭૫ અને ૭૮માં દરવાજામાં જણાવવામાં આવે છે કેઃ—

(દરવાજો ૪૫ મો.)

"દસ્તાન બેઠેલી ઓરત આસમાન તથા સેતારા, તથા આતશ તથા વહેતાં પાણી તથા અશો મરદને જુએ નહીં, અને ધાતુના વાસણમાં પાણી પીએ,—માટીનું વાસણ હાથમાં નહીં પકડે. અને ખાનું ખાતી તથા પાણી પીતી વખતે હાથે દસ્તાના ( મોજાં ) પહેરે અને ચમચાએ કરી ખાનું ખાય, અને રાતનાં ( સુરજ અસ્ત પામવા પછી ) ખાનું નહીં ખાય."

(દરવાજો ૭૫ મો.)

"દસ્તાનની ઓરત પાણીમાં નહીં ઉતરે, અને દસ્તાનવાળી બે ઓરત એકઠી નહીં સુએ, અને આસમાનની તરફ નેગાહ નહીં કરે, અને ધાતુના વાસણમાં ખાનું ખાય, અને ખાનાંને હાથ નહીં લગાડે, અને પાણી પીવાનું વાસણ મોઢાં સુધી નહીં ભરે, અને તડકામાં નહીં બેસે, અને સાથે છોકરૂં હોય તો તેને પોતીકી સાથે નવડાવી લીએ."

( દરવાજો ૭૮ મો. )

"જે લાકડાંને મુડદું અડકયું હોય, યા કોઈ શખ્સને લાકડાં ઉપર ફાંસી દીધો હોય, યા કોઇ લાકડાંને દસ્તાનની ઓરત અડકેલી હોય તો તે લાકડાંને કશાં કામમાં નહીં લાવે અને તે લાકડાંને અડકેબો નહીં."

સદ દર કેતાબનાં ઉપલાં ફરમાનો માંહેલી કેટલીક ચીજો જેવીકે મોજાં પહેરી ચમચાએ ખાવું, ધાતુના વાસણનો ઉપયોગ કરવો, અને લાકડાંને નહીં અડકવું એ હીંદુસ્તાનમાં આજ દીન સુધી ઘણે ઠેકાણે જળવાયલી જોવામાં આવે છે, પણ આપણાં અસલ વતન ઇરાનમાં તો મોટો ભાગ આ સઘળાં ફરમાનો ઘણાં માન આબરૂથી બજા લાવવામાં આવે છે. જાણવું જોઇએ જે દસ્તાનવાળી ઓરતે આસમાન તરફ નહીં જોવું અને તડકામાં નહીં બેસવું એની મતલબ એવી નથી ઠડતી કે તેવી ઓરતોને અંધારામાં પરહેજ રાખવી. મતલબ એટલીજ કે એલાહેદી જગા એવી હોવી જોઇએ કે જ્યાં જોઈતી હવા સાથ આફતાબનું પુરતું અજવાળું આવવા છતાં આસમાન દેખી શકાય નહીં, અથવા દેખાય તો ત્યાં કોઇ એવી જાતની પડદા જેવી ગોડવણ રાખવી જોઇએ કે તેથી દસ્તાનવાળી ઓરત પુરતી હવા અને ઉજાશમાં રહેવા છતાં આસમાન જોઇ શકે નહીં. અલબત મુંબઇ જેવા શહેરમાં ભાડાનાં

ઘરમાં દરેક ઓરતને આ પ્રમાણેની ખાસ સગવડ મળી શકે નહીં, તોપણ ચોક્કસ સંજોગો વચ્ચે આપણાથી બને તેટલું કરવામાં આપણી ફરજ સમાયલી છે, માટે જ્યારે મુંબઈમાં જુદા જુદા પ્રકારનાં ધર્મનાં આટલાં બધાં મકાનો જોવામાં આવે છે તો દરેક મહોલ્લામાં અથવા બીજી કોઈ સગવડભરેલી ચોક્કસ જગાએ દસ્તાનવાળી ઓરતોને માટે ધર્મ અને તંદુરસ્તી એ બન્ને ચીજોની જાળવણી કરનારાં ઇરાનમાં છે તેવાં ખાસ મકાનો બાંધવામાં આવે તો તેથી પારસી કોમને આ દેશમાં લાભ થાય કે નહીં તે ઉપર વીચાર ચલાવવો વ્યર્થ જશે નહીં.

ઇરાનમાં દસ્તાનવાળી ઓરતો પોતાના દીવસો પોતાના ઘરમાં સારી અથવા નરસી જગામાં રહી ગુજારતી નથી, પણ દરેક મહોલ્લામાં તેમને માટે એક ખાસ એલાહેદું સફાઇદાર મકાન કરેલું હોય છે ત્યાં જઇ તેઓ પોતાના દીવસો ગુજારે છે. દુર બેસવાના આ દીવસોમાં તેઓ કોઇ પણ ચીજને હાથ લગાડતી નથી, અને બનતાં સુધી તેઓ આ દીવસોમાં ઘણીજ પવીત્રાઇથી વર્તી સઘળી જાતની પરહેજી રાખવામાં ઘણીજ ખંતીલી રહે છે.

વૈદક શાસ્ત્રના જણાવ્યા મુજબ દસ્તાનવાળી હાલતમાં જેમ સ્ત્રીને દુર બેસવાની જરૂર છે તેજ પ્રમાણે હમેલ રહયા પછી પણ તેણીએ પોતાના ભરથારથી દુર રહેવું જોઇએ, કારણ કે ગર્ભ રહયા

પછી જો સ્ત્રી સંબંધ જારી રાખવામાં આવે તો ઉત્પન્ન થનાર બાળકના શરીરના ભાગો ખોડ ખાંપણ વાળા પેદા થાય છે, અને અવતરેલું બચ્ચું ઘણું કમજોર અને બદસીકલનું હોય છે એટલુંજ નહીં પણ તેથી ઘણી વખત ગર્ભ અધુરે પડે છે, સ્ત્રી ઘણાં છુપાં દરદથી હેરાન થાય છે અને જન્મેલું બાળક નાની ઉમરમાં મરણ પામે છે.

દસ્તાનવાળી ઓરતને દસ્તાન બંધ થાય ત્યાં સુંધી તેટલા દીવસ દુર બેસવાનું ધર્મનું ફરમાન બહારથી જેટલું અજ્ઞાન લોકને હસવા સરખું લાગે છે તેટલુંજ અંદરથી ફીલસુફીની રાહે તે કેટલું અગત્યનું અને ભેદભરેલું છે તેનો ખ્યાલ અત્યાર સુધી આ ચીજને ધીક્કારનાર શખસોને હવે બરાબર આવવો જોઇએ, અને ખુદાને ખાતર હવેથી કેટલી-એક દસ્તાનવાળી ઓરતો ચોખ્ખી સ્ત્રીઓની માફક વગર સમજવે બધેબધ ફરહર નહીં કરતાં તેમનાં ઉત્તમ ધર્મનાં આ ઉત્તમ ફરમાનને ખુદ તેમના પોતાનાં ઉત્પન્ન થનાર નીરદોશ બાળકના લાભને અર્થે માન આપી તેમની તેટલા વખતની અપવીત્ર હાજરીથી ધર્મની બીજી નેક ક્રીયાઓનો નાશ કરતી અટકી હવે ભવીષ્યમાં વધુ પાપ કરતી અટકશે, અને ફેશનની ફીસીઆરીથી દુર, ઇરાનમાં વસ્તી તેમની ભોળીભાલી ધર્મચુસ્ત બહેનપણીઓની માફક તેઓ પણ દસ્તાનની હાલતમાં પોતાના દીવસો એક એલાહેદી જગામાં પાકીસાકીથી ગુજારશે. આમીન !

# સુવાવડનાં ચાળીસાંની ખુબી.

દસ્તાનવાળી ઓરતનાં દુર બેસવાનાં ફરમાનમાં જેટલી ખુબી અને ફાયદો સમાયલો છે તેટલીજ ફીલસુફી અને ભેદ સુવાવડી સ્ત્રીનાં ૪૦ દીવસ સુધી દુર બેસવામાં સમાયલો છે. સુવાવડી સ્ત્રીને પાક અને અકરસ્માતને લીધે એક જાતની બોખાર આવે છે, જેને "Puerperal Fever" (પ્યુરપીરલ ફીવર) અથવા "સુવાવડની બોખાર" કરીને કહે છે. આ રોગ ઉડતો છે, અને વૈદક શાસ્ત્રનું એવું કહેવું છે કે જે સુવાવડી સ્ત્રીને આ જાતની બોખાર આવતી હોય અથવા આવવા માંડતી હોય, અને તે ઓરતને દાકતર, દાઇ અથવા બીજું કોઈબી માણુસ અડકે, અને પછી આ અડકનાર શખ્સ નાહીને શરીરમાંનાં કપડાં બદલ્યા વગર જો કોઈબી બીજી હમેલદાર અથવા સુવાવડી ઓરતને અડકે તો તે સઘળી તંદુરસ્ત ઓરતોને આ ઘાતકી મરજ ઉડે છે, અને આ સઘળી નીરદોશ અબળાઓની બચવાની આશા રહેતી નથી. યુરોપ અને અમેરીકાના કાબેલ હકીમો આપણાં સારાં નસીબે આ ભેદથી ૧૯ મી સદીમાં પણ વાકેફ થઈ શકયા કે જે ભેદ અને ફીલસુફી, અય વહલા જરથોસ્તીઓ! તમારા કાબેલમાં કાબેલ ગણાતા હકીમોના હકીમ અશો પેગમ્બર અષોન્તમાન જરથુસ્ત આજથી નજદીક સાડાત્રણ

હજાર વરસ ઉપર પુરતી રીતે સમજી શકયો હતો! આફરીન છે તેની સમજ શકતી ઉપર, અને આફ-રીન છે તેનાં આ ફરમાન ઉપર. સુવાવડી સ્ત્રીને ૪૦ દીવસ સુધી દુર બેસવાનું ફરમાન જોકે અવસ્તામાંથી મળી શકતું નથી તો પણ આ ફરમાન ખુદ આપણા પેગમ્બર સાહેબનું જ હોવું જોઇએ, કારણકે જે ૨૧ નુસ્ક તેવણને ખુદાતાલા તરફથી મળ્યા હતા અને જેના મોટા ભાગનો સીકંદર પાદશાહ તથા તેની પછીના મુસલમાનોએ નાશ કીધો હતો તેમાં એ બાબદ સમાઇ ગયલી હોવી જોઇએ, કારણ કે દસ્તુર શાહજાદની સદ દર કેતાબ, કે જે કેતાબ વીશે તે દસ્તુર જણાવે છે કે "મેં એ 'સદ દર' યાને ૧૦૦ દરવાજાનું શહેર (કેતાબ) (જરથોસ્ત સાહેબની) આસમાની કેતાબથી બનાવ્યું છે" તેના ૮૬ માં દરવાજાનું આ મુજબ ફરમાન છે કે—

"જયારે ઓરત બચ્ચું જણે ત્યારે ૪૦ દહાડા સુધી લાકડાં તથા ઠીકડાંને નહીં અડકે, અને ઘરના ઉંબર ઉપર પગ નહીં મુકે, અને ૪૦ દહાડા પછી નાહી ગોસલ ઉતારી પાક થાય, અને ૪૦ દહાડામાં મરદની પાસ નહીં જાય."

આ ચોપડી બનાવવામાં મેં જે કેતાબોની મદદ લીધી છે તેનાં નામો મેં જેવી રીતે આપ્યાં છે તે પ્રમાણે દસ્તુર શાહજાદે પોતાની સદ દર કેતાબ જરથોસ્ત સાહેબને દાદાર અહુરમઝદ તરફથી

મળેલી આસમાની કેતાબના આધારે બનાવી છે એવું એ દસ્તુર કહે છે, અને તે ઉપર આપણને શક લઈ જવાનું કાંઇ પણ કારણ નથી, માટે સાધારણ રીતે માનવા પ્રમાણે સુવાવડી સ્ત્રીને ૪૦ દીવસ સુધી દુર બેસવાનો આ તે રેવાજ નહીં પણ ફરમાન સમજવું.

હવે યુરોપીયન લોકોમાં આવી જાતનું ફરમાન અથવા રેવાજ જેવું કાંઇ નહીં હોવાથી "સુવાવડની બોખાર" વાળી સ્ત્રીને અડકી ગોસલ ઉતારી કપડાં બદલ્યા વગર બીજી તંદુરસ્ત હમેલદાર અને સુવાવડી સ્ત્રીઓને અડકી આ સેંકડો નીરદોશ નારોની સુખી જીંદગીનો અજ્ઞાન દાકતરોએ કેવી રીતે અંત આણ્યો છે તે વીશે બોલતાં નામીચો દાકતર હોલમસ પોતાના સંબંધમાં તેની પોતાની આવી જાતની ભયંકર ભુલોનો એકરાર કરતાં જણાવે છે કે:—

"It is as a lesson, rather than as a reproach, that I call up the memory of those irreparable errors and wrongs. No tongue can tell the heart-breaking calamity they have caused: they have closed the eyes just opened upon a new world of love and happiness; they have cast the helplessness of infancy into the stranger's arms or bequeathed it with less cruelty the death

of its dying parent. There is no tone deep enough for regret and no voice loud enough for warning. * * * God forbid that any member of the profession to whom she trusts her life, doubly precious at that eventful period, should hazard it negligently, unadvisedly or selfishly!"

યાને તે દાકતર જણાવે છે કે :—

પેલી નહીં સુધારી શકાય એવી ભુલો અને નુકસાનની યાદ મારા દીલમાં આવતાં હું પોતાને ઠપકો આપવા કરતાં ધડો શીખવું છું. આ ભુલોથી હૈડું ફાડી નાંખે એવાં જે દુઃખો ઉત્પન્ન થયાં છે તેનું વર્ણન કોઇથી થઇ શકે નહીં: પ્યાર અને સુખની નવી દુનીઆ હમણાં થોડો વાર થયાંજ નીહાળતી આંખો આ ભુલોથી બંધ થઇ ગઈ છે; આ ભુલોથી લાચાર બાળકને પારકાંઓના હાથમાં જવું પડયું છે, અને એજ ભુલોએ વધારે ધાતકી બનીને કમોતે મરનાર પોતાની માનું મોત આ બાળકને વારસામાં લખી આપ્યું છે (યાને આ અજ્ઞાનપણું એટલો તો લાંબો વખત ચાલુ રહયું કે સુવાવડમાં જન્મેલી છોકરી જ્યારે મોટી થઈ ટયાઇ ત્યારે તે પણ પોતાની કમનસીબ માની માફક અજ્ઞાન દાકતરોની ભુલથી મરણ પામી પોતાનાં બાળકને પારકી સંભાળ હેઠળ મુકી ફુલ ગુજાર થઇ). આ માઠા બનાવ માટે પશ્ચાતાપ કરવા અથવા તે વીશે ચેત-

વણી આપવા માટે કોઈબી માણસમાં શકતી નથી. * * * એક હમેલદાર ઓરત પોતાની તેવી સ્થીતીમાં પોતાની એવડી કીમતી જીંદગી એક દાકતરની સંભાળ હેઠળ મુકે તો એ ખુદા! તું તે દાકતરને તેણીની સાથ બેદરકારપણે, વગર સલાહે અને એકલે હાથે વર્તતાં અટકાવજે!

જરથોસ્તી ધર્મ પ્રમાણે, સાધારણ દુરં બેઠેલી ઓરતની વાત ન કરતાં, જો કોઈ માણસ સુવાવડો સ્ત્રીને અડકે તો તેને નાહીને કપડાં બદલ્યા વગર કોઈબી ચીજ અથવા માણસને અડકવું નહીં એ વાતમાં કેટલો ભેદ છે, તેમ કરવું કેટલું અગત્યનું છે, અને તેનાથી કેટલી બધી હમેલદાર અને સુવાવડી સ્ત્રીઓ મોતમાંથી બચી જાય છે એ સઘળું વાંચનાર હવે ખુલ્લી રીતે સમજી શકશે, માટે લાજમ છે કે જો કોઇ વેળા સુવાવડી અથવા હમેલદાર ઓરતની માવજત માટે તેને કોઇ દાકતર અથવા દાઇનું કામ પડે તો તે માણસ "સુવાવડની બોખાર" થી પીડાતી કોઇ સ્ત્રીને અડકી નથી આવ્યું તે વીશે બરાબર ખાતરી કીધા પછી, અને જો તેમ હોય તો તેને નવડાવી બીજાં સ્વચ્છ કપડાં પહેરાવ્યા પછી, ઘરમાં પગ મુકવાની રજા આપવી.

હવે સુવાવડી સ્ત્રીને છેક ૪૧ દીવસ સુધી દુર એલાહેદી રાખવામાં શું ભેદ છે તે તરફ નજર કરીએ: ઇટલીઅન ભાષામાં "ચાળીસ" ને

"કવોરનટા" કરી કહે છે, અને તે ઉપરથી "કવોરનટીન" એટલે "ચાળીસુ" શબ્દ નીકળ્યો છે; માટે એક ઓરત સુવાવડી છે એનો અર્થ એમ થાય કે તે ઓરતને ૪૦ દીવસ સુધી "કવોરનટીન" માં રાખવામાં આવી છે. મુંબઇમાં જ્યારે મરકીનું જોર લાગ્યું હતું ત્યારે જમીન અને દરીઆને માર્ગે બહારગામ જતા ત્યાંના રહેવાશીઓને નવા શહેરમાં દાખલ થવા પહેલાં થોડા દીવસ "કવોરનટીન" માં રહેવું પડતું હતું જેથી તેમની સારી અથવા માઠી તંદુરસ્તીની પરીક્ષા થઇ જતી હતી, અને આવી રીતે બહારગામના રોગને બીજા નવા દેશમાં દાખલ થતો અટકાવવામાં આવતો હતો; અને એજ પ્રમાણે એક સુવાવડી સ્ત્રી કે જે "સુવાવડની ઓખાર" થી પીડાતી હોય તેને જો "કવોરનટીન" માં રાખવામાં નહીં આવે અને તુરત બીજાં માણસોના સંબંધમા આવવા દે તો આ ઉડતો રોગ બીજી તંદુરસ્ત હમેલદાર અને સુવાવડી ઓરતોનાં મોતનું કારણ થવા ઉપરાંત બીજાં માણસની તંદુરસ્તીને પણ હરકત કરનારો થઇ પડે. દરેક સુવાવડી સ્ત્રીને આ જાતની ઓખાર આવે કે નહીં, છતાં તેણીને તે નહીંજ આવશે એમ કોઇથી કહી શકાય નહીં, માટે અગાઉથી ડહાપણ વાપરી દરેક સુવાવડી સ્ત્રીને ૪૦ દીવસ સુધી દુર બેસવાનું ફરમાન છે, કારણ કે આ રોગ ઘણો ભાગ ૪૦ દીવસનીજ મુદતમાં કોઇ પણ વખતે હુમલો કરે છે, જે પછી તેનું જોર ઝાઝું હોતું નથી.

---

# સગદીદ.

જરથોસ્તીઓમાં જ્યારે કોઈ માણુસ ગુજરે છે ત્યારે તેની ગેહે સારતાં પાયદસ્તની ક્રીયા વખતે મરનારનાં મોઢાં ઉપર એક કુતરાની નજર પાડે છે, યાને તે કુતરાને મરનારનું મોઢું દખાડે છે. આ જાતની ક્રીયાને "સગદીદ" (સગ=કુતરો, અને દીદ=જોયું) ના નામથી ઓળખવામાં આવે છે, અને તે તરફ કેટલાએક કહેવાતા સુધરેલા લોકો ઘણીજ ધીક્કારની નજરથી જુએ છે. કબુલ કરવામાં આવે છે કે સગદીદનું ફરમાન અવસ્તામાંથી મળી શકતું નથી, પણ ફકત તેટલાજ માટે છેક પુરાતન વખતના એક ઘણીજ ઉંડી ફીલસુફી ધરાવતા પવીત્ર રેવાજની ભેદી ખુબી બરાબર એકદમ સમજશકતીમાં નહીં ઉતરવાથી તેનો તીરસ્કાર કરવો એ ઘણું બેવકુફીભરેલું છે. સુવાવડી સ્ત્રીને ૪૦ દીવસ સુધી દુર બેસાડવાનું ફરમાન પણ અવસ્તામાંથી મળી શકતું નથી, પણ એક વાર તેના ભેદથી વાકેફ થયા પછીજ તેની ખરી કદર આપણુને બુજે છે, અને એજ પ્રમાણે સગદીદની ક્રીયામાં પણ મોટો ભેદ સમાયલો હોવો જોઇએ એમ આપણે સમજવું જોઇએ. સગદીદનું ફરમાન જોકે અવસ્તામાં માલમ પડતું નથી તોપણ તે આપણા અશો પેગમ્બર સાહેબના ૨૧ નુસ્કના જે મોટા

ભાગનો દુશમન લોકોએ નાશ કીધો તેમાં કાં નહીં આવેલું હોય તે ઉપર આપણે દરયાફ્તે કરવો જોઇએ, અને મને તો એમ માલમ પડે છે કે નાશ થયલા કોઇબી નુસ્કમાં આ ફરમાન આવેલું હોવુંજ જોઇએ, કારણ કે દસ્તુર શાહજાદ પોતાની સદ દર કેતાબના ૭૭માં દરવાજામાં જણાવે છે કેઃ—

"જે કોઇ ગુજરે તેનાં મુડદાંને ગુજરતી વખતે સગદીદ કરાવે, તથા તેનાં મુડદાંને ઉંચકતી વખતેબી સગદીદ કરાવે, અને તે મુડદાંને ઉંચકતી વખતે જેટલા ઉંચકનાર નસેસાલાર હોય તે સઘળા પોતીકા હાથ સાથે એક દોરી બાંધીને પેવંદ રાખે અને તે દોરી એટલી રાખે જે તે સઘળા નસેસાલારના હાથ તે એક દોરી ઉપર પહોંચે, શા વાસ્તે જે તે સઘળા એકઠા મળેલા રહે; અને રસ્તે બાજ લઇ મુંગા ચાલે; મોઢે કાંઇ બોલે નહીં. અગર કોઈ હમેલદાર ઓરત ગુજરે તો બમણા નસેસાલાર રાખે."

દસ્તુર શાહજાદે પોતાની ચોપડી અશો જરથોસ્ત સાહેબના નુસ્કોને આધારે બનાવી છે એવું તે દસ્તુર કહે છે, અને તેના આ કહેવા ઉપર આપણને શકમંદ નજરથી જોવાનું કાંઇ પણ કારણ નથી, માટે સગદીદનું ફરમાન જોકે ખુદ અવસ્તામાંથી નથી મળતું તોપણ તે બીજી રીતે અવસ્તાનુંજ ઠડે છે.

કુતરાની નીમકહલાલી અને પોતાના ધણી ઉપર તેના જાનફેસાનીથી કોઇ પણ વાંચનાર અજાણ્યો હશે નહીં, અને જરથોસ્તી ધર્મ પ્રમાણે કુતરાને ઘણીજ પાક નજરનો સમજવામાં આવે છે, અને તેટલાજ કારણસર ધર્મની એક યા બીજી ક્રીયા સાથ તેનાં નામનો સંબંધ રહેલો છે. ગુજર પામેલા કોઇ જરથોસ્તીના બાજ રોજને દીવસે આપણે સતુમ ભણાવી સતુમનું ખાનું કુતરાને ખવાડીએ છીએ, અને તેનું કારણ એ કે કુતરો પરહેજગારનાં રહેઠાણમાં સાપ, ઉંદર, કસારી તથા ઘલોહી જેવાં બીજાં ખરફસ્તરોનો નાશ કરી રાત્રે ઘરમાં અશો લોકનાં તનની પાસબાની કરે છે.

એવું કહેવામાં આવે છે કે ખુદાતાલાએ સગને ઇનસાનના પેદા થવાની આગમચ તેને માટે ખાસ પેદા કર્યો હતો, અને તે ઉપરથી આજ દીન સુધી કહેવત ચાલે છે કે "અવ્વલ ગીદમ, પસ આદમ" (યાને પહેલાં સગ, પછી આદમ). આ વાત સાંભળી વાંચનાર કદાચ વીચારમાં પડશે, પણ એની હકીકત એવી બોલાય છે કે જયારે ખુદાતાલાએ શરૂઆતમાં માટીનું ઇનસાન બનાવી તેમાં જીવ મુકવા અગાઉ સઘળા ફરેસ્તાઓને તે કાલબુતને નમન કરવા ફરમાવ્યું ત્યારે અઝાઝીલ નામના ફરેસ્તાએ તેને લાત મારી ફેંકી દીધું, અને ત્યાર પછી આ નાફરમાન ફરેસ્તો તે પુતળાંને સઘળી રીતે અપવીત્ર કરવાની કોશેશ કર્યા કરતો, અને

હકતાલાની તેને ૪૦ દીવસ સુધી તડકામાં રાખી ત્યાર પછી તેને જાનદાર કરવાની નેમમાં ખલલ કરતે. જ્યારે ખુદાતાલાએ આ પ્રમાણે જોયું ત્યારે કોઈબી જાતના નસાથી તે કાલબુત અપવીત્ર નહીં થાય તે, માટે તેણે સગને પેદા કરી તેને પેલાં ખાકી પુતળાંની પાસબાની કરવા મુકયો, અને આ નીમકહલાલ પ્રાણીમાં તે દાદારે તેને પેદા કરતી વખતે એવી જાતનું જ્ઞાન અને એવી જાતની આગાહી અને અગમચેતી કરનારી સમજ શકતી મુકી કે જેવો પેલો નાફરમાન ફરેસ્તો પેલાં કાલબુતને જરાબી ઇજા કરવા તેની નજદીક આવતો કે તુરતજ પેલો સગ ભસીને તેને દુર રાખતો, અને આ પ્રમાણે ઇનસાનનાં ખાકી પુતળાંને સગની પાસબાનીથી પવીત્ર રાખ્યા બાદ અહુરમઝદે તેમાં જાનની બખશેશ કીધી, અને એ મીસાલે સગની હસ્તી ઇનસાનના કરતાં પહેલી સમજવામાં આવે છે.

કુતરાની નજર કેટલી પાક છે તથા તે દેવ દરૂજોને કેવી સાબેત રીતે નસાડે છે તે આ ઉપરથી માલમ પડી આવે છે, અને એજ પ્રમાણે જર-થોસ્તીઓમાં મરનારના મોઢાં ઉપર કુતરાની નજર પાડવાનો ભેદ પણ એવો સમજાય છે કે જેવી રીતે આ સગ પોતાની નજર ઇનસાનનાં ખાકી પુતળાં ઉપર રાખી નસાને દુર રાખતો તેજ પ્રમાણે આ પાક ચશમના પ્રાણીની પાક નજર મરનારનાં મોઢાં ઉપર પડવાથી મરનારના જાનને પોતાનાં

મુકામે જતાં રસ્તામાં કોઇ પણ જાતના દેવ-દરૂજો હરકત કરે નહીં. માટે જરપોસ્તીઓને લાજમ છે કે અસલથી ચાલતા આવેલા ધર્મ સંબંધી કોઇ પણ રેવાજ, કલામ યા ફરમાનનો ભેદ પહેલી નજરે તેમની અક્કલમાં નહીં ઉતરે તો તેને વખોડા કાઢવા પહેલાં તેનો અપક્ષપાતપણે ખુબ બારીકીથી અભ્યાસ કરી કાંઇ પણ સારી મતલબ શોધી કાઢવા માટે ભલાં મનની કોશેશ કરવી, અને આ કોશેશનું પરીણામ મનમાં રાખી ત્યારપછી આપણથી વધારે કાબેલ શખસોને તે બાબે સવાલ પુછવા, અને એટલું કીધા છતાં બી જો બરાબર રીતે મનની ખાત્રી ન થાય તો તે ગુદ રેવાજ, કલામ યા ફરમાન ખોટું છે એમ માનવા કરતાં તેમાં કોઇ પણ જાતનો ઘણો ઉંડો ભેદ છે એવું સમજી કવી ડ્રાઇડનના કહેવા પ્રમાણે અસલના કાબેલ વીદવાનો કે જેમની સમજશકતી વીશે કોઇને જરા પણ શક હતો નહીં તેમનાં ફરમાનોને જ્યાંસુધી આપણે તે વીદવાનોના જેટલી કાબેલયાત ધરાવીએ નહીં ત્યાંસુધી પુરતું માન આપી ચાલવું એજ ડહાપણભરેલો માર્ગ છે. વળી મારે દલગીરી સાથ જણાવવું જોઇએ જે ધર્મ સંબંધી કોઇ ચોક્કસ ચીજની સચ્ચાઇની શોધમાં એક વાર પોતાના ખોટા વીચારોની ખાત્રી થયા પછી પણ એટના માર્યા તેજ ખોટા વીચારોને ખરા પાડવાની

જે ગેરવાજબી વલણ કેટલાકો અખ્ત્યાર કરે છે, તે ઘણીજ ધીક્કારવા જોગ છે. જય આખરે સત્યતા-નીજ છે, માટે પારકા મનના બહેતર વીચારોને તુરત આધીન ન થતાં અજ્ઞાનોની આંખમાં કાજલ દેખાવા માટે વખતનો ગેરઉપયોગ કરવો એ ઘણું પાપનું કામ છે, અને આવા લોકો દીનના દુશમનો કરતાં વધારે ભુંડા ગણાઇ શકાય, કારણ કે દુશમન લોકો તો જાહેર રીતે દુશમની જાહેર કરે છે પણ આ લોકો તો બહારથી દીનદારીનું ડોળ ઘાલી અંદરખાનેથી ઉલટી રીતે વર્તે છે, અને તેટલા માટે સેવક આશા રાખે છે કે આ નાની ચોપડીમાં ધર્મ સંબંધી જે કેટલીએક બાબદના બનતા ખુલાસા આપ્યા છે તેની સત્યતાની જો એક વાર વાંચનારની ખાત્રી થાય તો તે પોતાના અગાઉના જુદી કીસમના વીચારો ભુલી જઈ સચ્ચાઇને માન આપવામાં પોતાની ફરજ સમજશે. આમીન !

સમાપ્ત.

"But man, proud man,
Drest in a little brief authority,
Most ignorant of what he's most assured,
His glassy essence,—like an angry ape,
Plays such fantastic tricks before high heaven,
As make the angels weep."

SHAKESPEARE.

પણ માણસ, જરા સરખી થોડા વખતની સત્તાના જોરથી થઈ ગએલો મગરૂર માણસ, તેનો કાચના જેવો આ ખાલી તકલીતી ભપકો, કે જેના કાયમપણા વીશે તેની પુરતી ખાતરી છે, તેથી તદન અજ્ઞાન રહી એક ખીજાયલા વાંદરની માફક તે હકતાલા સનમુખ, કાંઈ એવી એવી તો વીચીત્ર તરણીરે રમે છે કે તેનો અકરાટ જોઈ ફરેસ્તાઓને પણ રડવું આવે છે.

શેકસપીઅર.